નવેમ્બર-૨૦૨૫
વર્ષ : ૧૮
અંક : ૦૫
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength (માસિક)

## શુભ દીપાવલી એવં નૂતન વર્ષાભિનંદન

સર્વે સન્માનનિય સમાજબંધુઓ,

રામ રામ...જય સમાજ સહ સાદર વંદન... વિક્રમ સંવત ૨૦૮૨નું નૂતન વર્ષ આપ સૌના જીવનમાં નવી આશા - ઉમંગ સાથે રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ એવં શાંતિ-સુરક્ષા, તંદુરસ્ત સ્વાસ્થ્ય, સદ્ભાવના લાવે તેવા શુભ સંદેશ સાથે સર્વે સમાજબંધુઓને દીપાવલી પર્વ અને નવા વર્ષની હાર્દિક શુભકામના...



'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી
(પ્રમુખશ્રી, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા)



**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા વાર્ષિક અધિવેશન - જગન્નાથપુરી (ઓરિસ્સા)**
**અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન તથા સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ**

તા. ૨૧, ૨૨, ૨૩ ડીસે. ૨૦૨૫ - વાર્ષિક અધિવેશન | તા. ૧૭ થી ૨૩ ડીસે. ૨૦૨૫ - શ્રીમદ્ ભાગવત સપ્તાહ



*If undelivered please return to :*
Setu Samaj Sandesh
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.







Late Karmsinh Madhavji Tank
(Sinogra)

**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


।। વિદ્યાદાન મહાદાન ।। ।। પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ ।। ।। સા વિદ્યા યા વિમુક્તયે ।।

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



દર મહિનાની રજી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સહ વીર્યં કરવાવહૈ

માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઇ મોનજીભાઇ રાઠોડ

વર્ષ : ૧૮ અંક : ૦૫ નવેમ્બર-૨૦૨૫


: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઇ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)


:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઇ કેશવજીભાઇ પઢિયાર
અંજાર (કચ્છ)


## દીપાવલીના પાવન પર્વો એવમ નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ એક દિવ્ય અને ભવ્ય સમાજની ઉજવળી પરંપરાનો વારસો લઇ આજે ઉન્નત દિશામાં આગળ વધી રહ્યો છે ત્યારે પોતાની અસ્મિતાને જાળવી રાખવા માટે સમાજના બાંધવોની સમાજને મળતી અને સમાજ દ્વારા દરેક સદસ્યને મળતી દિવાળી પર્વ અને નૂતન વર્ષની શુભકામનાઓ દ્વારા પરસ્પર એકાત્મકતાના ભાવ સાથે શુભભાવ અને સમર્પણ ભાવ મળવો જરૂરી છે. જ્યારે સમાજ ઉત્કર્ષ કે સંગઠન કરવાનું હોય ત્યારે સમાજના દરેક લોકોના અને પદાધિકારીઓના ભાવના આધારે વિચારો અને વિચારોના આધારે વ્યવહારોની દિશા બને છે. સમાજ કેન્દ્રિત હોય, સર્વોપરી હોય, શ્રેષ્ઠ સમાજનું સપનું અને સંકલ્પ હોય, મારો સમાજની ઉદાત ભાવના, વડીલોનો ભવ્ય ઇતિહાસને શ્રેષ્ઠ કાર્યોના ઇતિહાસરૂપી સમયને નજર સમક્ષ રાખી અને આવનારા સમયની સમસ્યાઓ અને નવા પડકારોની સામે સમાજને હેમખેમ બહાર કાઢવો. સમકાલીન સ્થિતિને નિયંત્રિત કરી સમાજમાં સદ્ભાવ સ્થિતિ કઇ રીતે ઉભી થાય, સમાજની કાર્ય પદ્ધતિને ફરી સુચારૂ રીતે ચલાવવા ઓછામાં ઓછા સામાજીક સંઘર્ષ વગર સમાજ વિકાસ અને સંગઠન કાર્ય ચાલે.

આ બધા પાસાઓને ધ્યાને રાખીને આવનારું નૂતન વર્ષ સમાજ સમર્પિત પ્રયાસ આપણા સૌ દ્વારા થાય, આપણે સૌ વ્યક્તિગત રાગદ્વેષ, સંઘર્ષ, વાદ-વિવાદને ભૂલી જઇએ અને માત્રને માત્ર સમાજને કેન્દ્રમાં રાખીને કાર્ય પદ્ધતિ અને નિર્ણય પ્રક્રિયાને ચલાવવા માટે આવનારું અધિવેશન જે જગન્નાથપુરીમાં શ્રી જગન્નાથ પ્રભુના પવિત્ર સાનિધ્યમાં ભાગવત કથારૂપી ધાર્મિક અનુષ્ઠાન સાથે આયોજીત થઇ રહ્યું છે ત્યારે સમાજના તમામ કાર્યકર્તાઓ કે જેના હૃદયમાં સમાજ પ્રત્યેનો અપરમ પ્રેમ છે તેવા તમામ કાર્યકર્તા, પદાધિકારીઓ, સદસ્યો બધું જ ભુલીને ઉપસ્થિત રહે અને આવનારા વર્ષ માટે નિશ્ચિત યોજનાબદ્ધ રીતે આગળ વધવા એકબીજાને ગળે મળી હાલના આપણા આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇના નેતૃત્વમાં સમાજની સમસ્યાઓ પર વિચારવિમર્શ કરી કામની જવાબદારીઓ લઇને ''એક સમાજ શ્રેષ્ઠ સમાજ''ના નિર્માણ માટે સંકલ્પિત બનીએ એજ સમાજને અને સમાજના સર્વે ભાઇઓ-બહેનોને હૃદયપૂર્વકની શુભકામનાઓ...


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com



ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.



|| જય સીયારામ ||

# શુભ દીપાવલી એવં નૂતન વર્ષાભિનંદન

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના મારા સર્વે સમાજબંધુઓને દીપાવલીની હાર્દિક શુભકામના એવં નૂતન વર્ષ આપને તથા આપના પરિવાર માટે સુખાકારી નિવડે, આપને ત્યાં રિદ્ધિ–સિદ્ધિ અને સમૃદ્ધિ વધે તેવી પ્રભુ શ્રીરામના શ્રીચરણોમાં પ્રાર્થના....

**‘સમાજરત્ન’**
**શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી**
**પ્રમુખશ્રી,**
**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

# આધ્યાત્મ આનંદ શ્રી જગન્નાથધામ પુરીમાં

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા પ્રેરિત
રાયપુર ઘટક સહકારિત
શ્રી પૂર્વ ઓડિસા પ્રાદેશિક સમિતિઆયોજીત

## ત્રિવેણી સંગમ

| 51 પોથીજી | મન મેળાવડા સાથે માળશું ... | જોડાશું દિલથી સુત્ર સાથે ... |
| --- | --- | --- |
| **ભાગવત કથા** | **વાર્ષિક અધિવેશન** | **મંગળ પરિચય** |
| 17 થી 23 ડિસમ્બર 2025 | 21 થી 23 ડિસમ્બર 2025 | 21 થી 22 ડિસમ્બર 2025 |

શ્રી જગન્નાથધામ મંદિર નિકટ જ
એકવીસ હજાર ચોરસ વર્ગફીટમાં આકાર પામશે આપણી **ભાગવત ભૂમિ...**
સાથે માળશું અંતિમ ત્રણ દિવસે
**અધિવેશન** અને **મંગળ પરિચય** નું કદી ન વિસરાયે તેવું આયોજન...
પધારો ચારધામનું એક ધામ શ્રી જગન્નાથ પુરીધામ ....

**બાગલા હેરિટેજ, ગ્રાન્ડ રોડ, પુરી (ઓડિશા)**

વધુ પોથીજી થતા સ્થળ પરિવર્તન બાદ હજુ ભાગવતજી કરાવવા ઇચ્છતા સમાજબાંધવો પોતાના પિતૃઓ માટે પોથીજી નોંધાવી શકે છે.



મહાસભા પ્રમુખશ્રીના આહ્વાન પર
પધારો જગન્નાથધામ પુરી

## ઘટક પ્રતિનિધિઓની વિશેષ સભા

**ભુપેન્દ્રભાઇ પરમાર**
આયોજન પ્રભારી (રાઉરકેલા)

**દિનેશભાઇ ટાંક** સહ-પ્રભારી
70084 09857 (કટક)

**નિતિનભાઇ વરૂ** સહ-પ્રભારી
93374 05645 (રાઉરકેલા)

**પ્રકાશભાઇ ટાંક** કૉઓર્ડિનેટર
70083 62832 (કટક)









મુખ્ય પ્રયોજક - સમાજ રત્ન
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પ્રમુખશ્રી - મહાસભા

**પાનાનું સૌજન્ય – શ્રી રામ ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીજ – માધાપર (કચ્છ)**




સમાજના સર્વે આદરણીય વડીલો, સન્માનનીય ભાઇ-બહેનો, યુવાઓ અને
બાલમિત્રોને દિપાવલીની હાર્દિક શુભકામના એવં નૂતન વર્ષાભિનંદન...
દીપમાલાની ઉજાસમાં અજ્ઞાનનો અંધકાર દૂર થાય અને આપણા સૌનું
જીવન જ્ઞાનની જ્યોતથી જગમગતું રહે... નવવર્ષ પર નવીન લક્ષ્મી સાથે
શાંતિ, શક્તિ, સંપત્તિ, સ્વરૂપ, સંયમ, સાદગી, સફળતા, સમૃદ્ધિ સંસ્કાર,
સ્વાસ્થ્ય, સન્માન, સરસ્વતિ અને સ્નેહનો ભંડાર હંમેશા ભર્યો રહે,
ધનતેરસ, દિવાળી, નવવર્ષની, ભાઇબીજની અશેષ શુભેચ્છાઓ સાથે...

## ‘ટીમ સેતુ સમાજ સંદેશ’



ડૉ. મનોજભાઈ
પુરૂષોત્તમભાઈ સોલંકી
માનદ્ તંત્રીશ્રી



હિતેશભાઈ
ભોગીલાલભાઈ ચૌહાણ
મેનેજીંગ તંત્રીશ્રી



વિનોદભાઈ
લીલાધરભાઈ ચૌહાણ
પ્રિન્ટીંગ, પોસ્ટીંગ, ખાતાકીય કાર્ય



વિનોદભાઈ
શાંતિલાલભાઈ જેઠવા
આર્થિક સલાહકાર



વિનોદભાઈ
કેશવજીભાઈ પઢિઆર
માર્ગદર્શક-સંયોજક

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

## વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**જગન્નનાથપુરી-ઓરિસ્સા**

# મહાસભાની કાર્યવાહક સમિતિ સભાની સૂચના

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ... જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક પૂર્વ ઓરિસ્સા પ્રાદેશિક સમિતિના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૨૨/૧૨/૨૦૨૫, સોમવાર, સમય : સવારે ૯.૩૦ થી ૧.૩૦ અને સાંજે ૩.૩૦ થી ૬.૩૦ કલાક સુધી**
**સ્થળ : નિલાદ્રી ભક્ત નિવાસ, જગન્નાથ મંદિર પાસે, પુરી (ઓરિસ્સા)**

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન
★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
★ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્બોધન
★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્બોધન
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૪-૨૫ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી
★ પ્રાદેશિક સમિતિના અહેવાલો
★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા અને નિર્ણય
★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય રજુઆત
★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

**નોંધ :** ઉપરોક્ત સભામાં વિચારણાર્થે કાર્યવાહક સભ્યશ્રીઓ દ્વારા મોકલાવવામાં આવતા સુચનો અને સુઝાવો **(વધુમાં વધુ ત્રણ સુઝાવો પ્રતિ પ્રતિનિધિ) તા. ૧૫/૧૨/૨૦૨૫** સુધી **મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરને મહાસભાના અંજાર કાર્યાલયના સરનામે** મોકલાવવા વિનંતી છે. સભામાં રજુઆત માટે સંબંધિત પ્રતિનિધિએ ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે. સુચનો અને સુઝાવોને કાર્યના રૂપમાં કેમ પરિપૂર્ણ કરી શકાય અને તે કરવા આપશ્રીનો શું સહયોગ રહેશે તેવી રૂપરેખા પણ મોકલાવવી જરૂરી છે.

**વિશેષ નોંધ :- મહાસભાની દરેક પ્રાદેશિક સમિતિએ પોતાના વિસ્તારના પ્રતિનિધિઓની મીટીંગ બોલાવી અહેવાલ અને સુચનો લેખીતમાં લાવવા.**

**સરનામું : શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર - મહામંત્રીશ્રી મહાસભા**
**શોપ નં. ૫, બાલાજી ચેમ્બર્સ-૨, હોટલ પાયલ નીચે, પો. અંજાર (કચ્છ-ગુજરાત) ૩૭૦૧૧૦. મો. ૯૯૭૮૭૯૦૪૮૮**

**:: વિનિત ::**

**શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર - અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

સહ વીર્યં કરવાવહૈ

**જગન્નનાથપુરી-ઓરિસ્સા**

# મહાસભાની વાર્ષિક સામાન્ય સભાની સુચના – આમંત્રણ

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ તથા સર્વે ઘટક પ્રતિનિધિઓ, મહાસભાની બન્ને પાંખો, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ તથા શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.યુવા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ...

જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની વાર્ષિક સામાન્ય સભાની બેઠક પૂર્વ આરિસ્સા પ્રાદેશિક ના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૨૩/૧૨/૨૦૨૫, મંગળવાર, સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ અને અપરાન્હ ૩.૩૦ થી ૬.૩૦**
**સ્થળ : નિલાદ્રી ભક્ત નિવાસ, શ્રી જગન્નાથપુરી (ઓરિસ્સા)**

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન

★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી

★ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી નું ઉદ્‌બોધન તથા વાર્ષિક પ્રતિવેદન

★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન

★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૪-૨૫ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી

★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી

★ મહાસભાના ઉપપ્રમુખશ્રીઓના અહેવાલ

★ મહાસભાના મહામંત્રીશ્રીઓ, મંત્રીશ્રીઓના અહેવાલ

★ વિભાગીય પ્રમુખશ્રીઓના અહેવાલ

★ કાર્યવાહક સમિતિની સભામાં થયેલ સુચન-સુઝાવોની જાણકારી તથા બહાલી

★ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખશ્રી એવં અ.ભા.યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન

★ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાસંગીક પ્રવચનો

★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતીથી અન્ય રજુઆત

★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

**:: વિનિત ::**

**શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪**



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહાસભાના મંચથી



**પ્રમુખશ્રી મહાસભા**

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

**વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા**

શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644

શુભ દીપાવલી

## 'મહાસભા મંચથી' સર્વે સમાજબંધુઓને દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ

નૂતન વર્ષાભિનંદન

વ્હાલા સમાજબંધુઓ...

રામ રામ... જય સમાજ...

મહાસભાના આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી - માધાપર, મહાસભાના સર્વે હોદ્દેદારશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, વિશેષ આમંત્રિતશ્રીઓ, સલાહકારશ્રીઓ, પ્રાદેશિક પ્રમુખશ્રીઓ, દરેક ઘટક પ્રમુખશ્રીઓ, મહિલા મંડળ પ્રમુખશ્રીઓ, યુવા મંડળ પ્રમુખશ્રીઓ, મહાસભાની બંને પાંખો અખિલ ભારતીય મહિલા મહામંડળ એવં અખિલ ભારતીય યુવા મહામંડળ તેમજ અન્ય મહાનુભાવશ્રીઓ તરફથી સૌને દીવાળીના પાવન પર્વની હાર્દિક શુભકામના... તેમજ આવતું નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૮૨ સર્વે સમાજબંધુઓ માટે મનોકામના પૂર્ણ નિવડે, ભગવાન શ્રી રામની આપણા સર્વે પર કૃપાદૃષ્ટિ બની રહે, સમસ્ત સમાજનો સ્વર્ણિમ વિકાસ થાય, સૌ સમાજબંધુઓ માટે નૂતન વર્ષ શુભ, મંગલકારી, રિદ્ધિ-સિદ્ધી-સમૃદ્ધિ આપનારું બની રહે, શારીરિક-માનિસક સુખાકારી આપનારું, સમાજમાં સંગઠન, એક્તા, ભાઈચારો જળવાઈ રહે તેવી શુભ આશા સાથે હાર્દિક શુભકામનાઓ...

જય સમાજ... જય સીયારામ...

વિનિત : વિનોદ મોહનલાલ ખોડિયાર - અંજાર
વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## ભાગવત કથા, વાર્ષિક અધિવેશન એવં મંગળ પરિચય

**જગન્નાથપુરી (ઓરિસ્સા)**

પૂર્વ ઓરિસ્સા પ્રાદેશિક સમિતિ સ્નેહમય આમંત્રણને માન આપી, રાયપુર ઘટક સહકારીત સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સાથે મહાસભાનું વાર્ષિક અધિવેશન એવં અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન તા. ૧૭-૧૨-૨૦૨૫ થી ૨૩-૧૨-૨૦૨૫ના યોજાઈ રહ્યું છે. જેમાં સમસ્ત સમાજબંધુઓને ઉત્સાહભેર ઉપસ્થિત રહેવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

॥ ॐ શાંતિ ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



# 'સંજીવની-૫'

*The Lifeline.....*

માહિતિ... માર્ગદર્શન... મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

શુભ દિપાવલી

'સંજીવની' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને
દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ

નૂતન વર્ષાભિનંદન

**'સાભાર-સ્વિકાર' : ('સંજીવની'માં નોંધાયેલ/મળેલ દાતાશ્રીઓની યાદી...)**

**:: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::**

**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર (પ્રમુખશ્રી મહાસભા)**

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર - રાજકોટ
શ્રી રાજેશભાઇ સુર્યકાન્તભાઇ ચાવડા - ટાટાનગર
શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ - કુમ્હાર-રાયપુર ઉપપ્રમુખશ્રી મહાસભા

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર

(બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર – અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર પરિવાર – અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર – મુંબઇ
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ – ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ – ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ – વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ – નાગપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક – મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક – લંડન (આદિપુર)
શ્રી મનોહરભાઇ વિરામભાઇ ટાંક – અમદાવાદ
શ્રી નિરંજનભાઇ પ્રાગજીભાઇ રાઠોડ – રાયપુર
શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ – રાજકોટ
ઉપપ્રમુખશ્રી મહાસભા

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦–૨૫૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર – અંજાર
(પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક – અંજાર
(મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર – ધનબાદ
(પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ – આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ – હૈદ્રાબાદ
શ્રી નવીનભાઇ પ્રેમજીભાઇ યાદવ – પ્રમુખશ્રી હાજાપર ઘટક
શ્રી ગીરીશભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા – રાજનાંદગાંવ
શ્રી પ્રકાશભાઇ હિરજીભાઇ ટાંક – રાજનાંદગાંવ
શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઇ માધવજીભાઇ વરૂ – રાઉરકેલા
શ્રી જૈનેન્દ્રભાઇ કાંતિલાલભાઇ જેઠવા – જબલપુર
(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)
(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**કોષાધ્યક્ષ, મહાસભા**
**શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ**
**રમણ મંદિર વોર્ડ, કુમ્હાર પારા,**
**ફાફાડીહ, પો. રાયપુર (છ.ગ.)**
**મો. ૯૩૦૦૬૮૮૭૬૩**

**સહ કોષાધ્યક્ષ, મહાસભા**
**શ્રી પાર્થ જશવંતરાય ચાવડા**
**જુના વાસ, પો. ચંદીયા,**
**તા. અંજાર (કચ્છ)**
**મો. ૯૯૯૮૦૮૭૩૩૯**
Pjchavda94@gmail.com



## રાયપુર કાર્યાલય

| આવક | | સપ્ટેમ્બર–૨૦૨૫ | જાવક |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૧,૩૨,૩૧૯.૬૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| બચત ખાતાથી વ્યાજ | ૧,૬૧૩.૦૦ | ડીજીટલ વંશાવલી | ૫,૦૦૦.૦૦ |
| આકસ્મિક સહાય | ૩,૩૨,૦૯૦.૦૦ | નિરાશ્રિત વૃદ્ધ યોજના | ૧૨,૦૦૦.૦૦ |
| | | આકસ્મિક સહાય | ૩,૩૦,૯૯૦.૦૦ |
| | | મહાસભા આકસ્મિક સહાય ફંડ | ૫૦,૦૦૦ |
| | | કુલ બચત | ૪૫,૦૩૨.૬૦ |
| કુલ | ૪,૬૬,૦૨૨.૬૦ | કુલ | ૪,૬૬,૦૨૨.૬૦ |

## અભિલાષા

| આવક | | સપ્ટેમ્બર–૨૦૨૫ | જાવક |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી – માધાપર | ૧૧,૦૦૦ | ----- | ---- |
| શ્રી ભગવાનલાલ આર. ટાંક – નડીઆદ | ૧,૦૦૦ | | |
| શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ – રાયપુર | ૫૦૦ | | |
| શ્રી બાબુલાલ શામજીભાઇ ચૌહાણ – માધાપર | ૧૧૦૦ | | |
| કુલ | ૧૩,૬૦૦ | ---- | ---- |

# સંજીવની-અન્નપુર્ણા

## આવક (સંજીવની) (સપ્ટેમ્બર-૨૦૨૫)

| ક્રમ | રકમ | નામ | પહોંચ નંબર |
|---|---|---|---|
| ૧ | ૧૧,૦૦૦ | સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૩૩૭ |
| ૨ | ૧,૦૦૦ | શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૩૩૮ |
| ૩ | ૨૫૦ | શ્રી નિશાંત નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ | ૩૩૯ |
| ૪ | ૫૦૦ | શ્રી પ્રતિનકભાઇ નિતિનભાઇ એમ. વરૂ - રાઉરકેલા | ૩૪૦ |
| ૫ | ૨,૦૦૦ | શ્રી રાઘવભાઇ અશોકભાઇ ટાંક - નાગપુર | ૩૪૧ |
| ૬ | ૨,૧૦૦ | કર્નલ સત્યાન ડી. રાઠોડ સર- અમદાવાદ-પૂના | ૩૪૨ |
| ૭ | ૧,૦૦૦ | સુભાંષુભાઇ (?) સાવરિયા - પૂના | ૩૪૩ |
| ૮ | ૧,૧૦૦ | હર્ષિદાબેન (?) રાઠોડ (?) | ૩૪૪ |
| ૯ | ૧૨,૦૦૦ | શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ | ૩૪૫ |
| ૧૦ | ૫૦૦ | શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ (?) (?) | ૩૪૬ |
| ૧૧ | ૫,૦૦૦ | શ્રી .................. રાઠોડ (?) | ૩૪૭ |
| ૧૨ | ૪,૨૦૦ | શ્રી ભૂપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના | ૩૪૮ |
| | | **આવક (અન્નપુર્ણા) (સપ્ટેમ્બર-૨૦૨૫)** | |
| ૧ | ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીજી - માધાપર- | ૮૨ |
| ૨ | ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક - અમદાવાદ | ૮૩ |
| ૩ | ૧,૫૦૦ | શ્રી ભુપેન્દ્રભાઇ ........... ચાવડા - રાયપુર | ૮૪ |
| ૪ | ૬,૦૦૦ | શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ (યુએસએ) | ૮૫ |

| | જાવક - (સંજીવની) | | | જાવક - (અન્નપુર્ણા) | |
|---|---|---|---|---|---|
| ૧ | ૩,૦૦૦ | કુમ્હારી ઘટક | ૧ | ૯,૦૦૦ | હિંગોલી ઘટક |
| ૨ | ૨,૦૦૦ | સેવા શુલ્ક | ૨ | ૨૭,૦૦૦ | તુમસર ઘટક (૩ લાભાર્થી) |
| ૩ | ૧૦૦૦ | ગળપાદર ઘટક | ૩ | ૯,૦૦૦ | પૂના ઘટક |
| ૪ | ૫૦,૦૦૦ | હૈદ્રાબાદ ઘટક | ૪ | ૯,૦૦૦ | દુર્ગ ઘટક |
| ૫ | ૧૦,૦૦૦ | આદીપુર ઘટક | | | |
| ૬ | ૨૦,૦૦૦ | .......... ઘટક | | | |
| ૭ | ૫૦,૦૦૦ | અંજાર ઘટક | | | |


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**

શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

शुभ दिपावली

**'અભિલાષા' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**

नूतन वर्षाभिनंदन

**નુતન વર્ષાભિનંદન :** સર્વે સમાજબાંધવો, આ સમિતિના સન્માનનિય દાતાશ્રીઓ, સહયોગીઓ તથા શિક્ષણપ્રેમી વાંચક વર્ગને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ... વિ.સં. ૨૦૮૨નું વર્ષ આપ સૌ તથા આપણા સમાજ માટે શુકનવંતુ નિવડે તેવી પ્રભુ પાસે પ્રાર્થના... સૌને નવા વર્ષના રામ રામ...



નમસ્કાર... સમય એક ક્ષણ પણ રોકાયા વિના અવિરત ચાલતો જ રહે તેમ આપણે પણ આપણી યોજનાઓ અને સેવારૂપી સંકલ્પોને લઇને ચાલવું પડે છે. મહાસભાના વર્તમાન સત્રના દેદિપ્યમાન અને ઉદારદિલ **પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી**ના કુશળ નેતૃત્વ હેઠળ આપણા સમાજની ચાલી રહેલી સેવ યોજનાઓ પકી મહાસભા 'અભિલાષા' સમિતિ પોતાની જવાબદારી સંભાળી રહી છે. પુના મુકામે 'સમાજરત્ન' શ્રીનું સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત કર્યા બાદ આ સમિતિને સતત પોતાની આર્થિક હુંફ આપનાર સમાજરત્નશ્રી તથા તેમના પરિવારનો જેટલો આભાર માનીએ તે ઓછો પડશે... 'તેરાજ તુઝકો અર્પણ'ની ભાવના તેમની પાસેથી ગ્રહણ કરીએ... જય સમાજ તથા જય સીયારામનો નારો બુલંદ બનાવીએ...



ખુશીની વાત એ છે કે આ સમિતિના માસિક દાનદાતાશ્રીઓમાં એક નવા દાનદાતાશ્રીનો સહર્ષ ઉમેરો થઇ રહ્યો છે... કચ્છ પ્રાદેશીક સમિતિના શાંત, સૌમ્ય અને સદ્ભાવી પ્રમુખ **શ્રી બાબુભાઇ સામજીભાઇ ચૌહાણ – માધાપર** (મુળ ગામ રેહા) રેવન્યુ ખાતાની સરકારી સેવામાંથી નિવૃત થઇ ઘણી બધી સંસ્થાઓમાં પોતાની સેવાઓ અર્જિત કરી રહ્યા છે. સદ્ભાગ્ય એવું કે ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો અને બાબુભાઇનો જન્મ દિવસ (તા. ૧૭/૯) એક જ છે ! આ દિવસની ખુશાલી અને વિજ્યાદશમીના પવિત્ર તહેવારના સંકલ્પે હવે તેઓ આ સમિતિના માસિક દાતાશ્રી (પ્રતિ માસ રૂ). ૧૧૦૦) તરીકે જોડાઇ રહ્યા છે. અહોભાવ અને હર્ષની લાગણી સાથે માસિક દાનદાતાશ્રી તરીકે શ્રી બાબુભાઇ ચૌહાણનું સાભાર સ્વાગત છે.

મિત્રો, શાસ્ત્રોમાં પણ વિદ્યાદાનને શ્રેષ્ઠદાન ગણવામાં આવેલ છે. આપનું યથાઘટિત દાન સમાજના કોઇ તેજસ્વી પરંતુ ગરીબ વિદ્યાર્થીના જીવનપથને ઉજાગર કરવામાં નિમિત બની શકે છે. જન્મદિવસ, લગ્ન દિવસ, પુણ્યતિથી તેમજ અન્ય સારા-નરસા પ્રસંગોએ આ સમિતિને દાન આપી આપ પુણ્ય કમાઇ શકો છો. જય સમાજ !

– વિનોદ લીલાધરભાઇ ચૌહાણ – પ્રભારી અને ઉપપ્રમુખ



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# ॥ લક્ષ્ય-૪ ॥

**વ્યાવસાયીક સંકલન, સંગઠન, સમૃદ્ધિ**

**પ્રભારી : શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ** **સહપ્રભારી : શ્રી કિરીટભાઈ રમણીકભાઈ ચૌહાણ**

માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ મો. ૯૪૨૬૬૩૫૧૪૨, ૮૮૪૯૩૪૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ તરફથી સમાજના તમામ લોકોને દિવાળીની હાર્દિક શુભકામના નવા વર્ષ નિમિત્તે આપ સર્વ લોકોએ લીધેલા નવા લક્ષ્યો તથા આપની WISH LISTઆપ અચૂક પૂર્ણ કરો તેવી શુભકામના પાઠવીએ છીએ. મિત્રો દિવાળીના તહેવાર આપણા હિન્દુ લોકો માટે સૌથી મોટો અને પવિત્ર તહેવાર કહેવાય છે. આ તહેવાર નિમિત્તે જુના વર્ષની થયેલી ભૂલોને ભૂતકાળ સમજીને ભૂલી જઈને નવા વર્ષની સફળતાની સીડીઓ ચડવા માટે આપણે તૈયારીઓ કરીએ છીએ. દરેક લોકોએ નવા વર્ષ નિમિત્તે બે થી ત્રણ નવા નિયમો લેવા જોઈએ તેવું મારું દ્રઢ પણે માનવું છે. સૌપ્રથમ તો પોતાની હેલ્થ, સ્વાસ્થ્ય માટે દરેક લોકોએ સજાગ થવાની જરૂર છે. યુવાનોથી માંડી દરેક વર્ગના લોકોએ દિવસની શરૂઆત મિનિમમ ૩૦ થી ૪૦ મિનિટ પોતાની હેલ્થ માટે આપવાનો નિયમ કરવા આગ્રહ પૂર્વક અમલ કરવા માટે વિનંતી છે. આ ૩૦ થી ૪૦ મિનિટ દરમિયાન આપ યોગા, કસરત, જીમ, સ્વિમિંગ, વોકિંગ કે જે આપને ફાવે તે અચૂક કરવા વિનંતી છે.

આજના યુગમાં કોઈ પાસે સમય નથી જો આપણે આપણી હેલ્થ નહીં સાચવે તો ભવિષ્ય માં આપણને કોઈ સાચવી નહીં શકે અને શારીરિક માનસિક પીળા તો ભોગવશું તથા વધારામાં આર્થિક બોજ અને કૌટુંબિક લોકોને તકલીફ વધી જશે તે વધારામાં.... નવા વર્ષ નિમિત્તે સમગ્ર લોકોને પોતાના હેલ્થ માટે એક નિયમ ખાસ બનાવવા માટે વિનંતી કરું છું. શરીર સારું હશે તો જ બીજું બધું કરી શકીશું. ધંધા, રોજગાર, નોકરી, ફરવા, સમાજસેવા, રમત ગમત વગેરે માટે સારું સ્વાસ્થ્ય ખૂબ જ જરૂરી હોય છે. એટલે તો આપણા વડવા કહી ગયા છે કે પહેલું સુખ જાતે નર્યા.... મિત્રો, લક્ષ્ય સમિતિ મહાસભાના માધ્યમથી આ સત્રની પ્રથમ વ્યવસાયિક સંકલન મિટ અમદાવાદ મધ્ય ખૂબ જ સફળ રહી. હજુ પણ ઘણા મિત્રોના આ મીટ દ્વારા થયેલા કનેક્શન અને ઓળખાણને કારણે પોતાના વ્યવસાયમાં થયેલા ફાયદાની જાણકારી આપે છે. તે જાણીને ખૂબ જ આનંદ થાય છે.

દિવાળીના શુભ પર્વ નિમિત્તે ખાસ જાહેરાત કરવાની કે મહાસભાની લક્ષ્ય સમિતિ નું મુખ્ય કાર્ય બિઝનેસ મિટ ના માધ્યમથી જે તે એરિયાના બિઝનેસમેનો, વ્યવસાયિકો અને નોકરી કરતા લોકોને એક મંચ પર લાવીને એકબીજા સાથે સંપર્કમાં લાવી પોતાના રસના લોકો સાથે જોડાઈને પોતાના વ્યવસાયના વિકાસ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. ઘણા સમાજના લોકો અને મહાસભાના પદાધિકારીઓને એવી ગેરસમજ છે કે લક્ષ્ય સમિતિ બિઝનેસ મેનોને બિઝનેસમેન શીખડાવે છે અને બિઝનેસમેનોને ઉભા કરે છે. મિત્રો ફરીથી ખાસ ચોખવટ કરવાની કે, કોણે કયો બિઝનેસ કરવો? કેવી રીતે કરવો? ક્યારે કરાવો? ક્યાં કરવોં? આ બધા નિર્ણયો જે તે વ્યક્તિના પોતાના હોય છે. બિઝનેસ કરવા માટે સ્વયં નિર્ણય લેવાં જોઈએ.

લક્ષ્ય સમિતિના બિઝનેસમીટના માધ્યમથી આપણા સમાજના સફળ લોકોની વ્યવસાય ગાથા દ્વારા લોકોને પ્રેરણા મળે તેવું વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કરીએ છીએ. સમાજના જવાબદાર લોકો દ્વારા જ્યારે એવું પૂછવામાં આવે કે તમે અત્યાર સુધી કેટલા બિઝનેસમેન બનાવ્યા? આવો પ્રશ્ન સાંભળીને ખૂબ જ દુઃખ થાય છે કે લક્ષ્ય સમિતિ મહાસભા પાસે એવી કોઈ દવા કે જડીબુટ્ટી નથી કે તે પીવાથી લોકો બિઝનેસમેન બની જાય.... બિઝનેસ કરવો...ચલાવવો... તે પોતાના પર નિર્ભર છે, તે સુચાર રૂપે ચલાવવા માટે ના રસ્તાઓ મહાસભા લક્ષ્ય સમિતિ આપી શકે છે પણ તેના પર અમલ જે તે વ્યક્તિઓ જ કરવું પડે છે.

અમોને કહેતા ખૂબ જ ગર્વ અનુભવીએ છીએ કે મહાસભાની લક્ષ્ય સમિતિ દ્વારા વિવિધ બિઝનેસ મીટના માધ્યમથી આપણા સમાજના ઘણા લોકોએ કે જેને સમાજના લોકો ઓળખતા ના હતા તેઓ મુખ્ય ધારામાં જોડાયા છે અને સમાજના વિવિધ કાર્યક્રમોના મુખ્ય દાતા તરીકે સેવા આપી રહ્યા છે. ઘણા વ્યવસાયિકો કે સામાજિક કાર્યક્રમમાં જોડાતા ન હતા તે પણ લક્ષ્ય સમિતિ મહાસભાની બિઝનેસમેંટમાં ભાગ લીધા પછી સમાજની વિવિધ યોજનામાં નિયમિત દાતા બની ગયા છે ઘણા વ્યવસાયિકોને પોતાના ક્ષેત્રમાં નવા લોકો સાથે જોડાઈને પોતાના વ્યવસાય ને નવા નવી ઊંચાઈ પર લઈ ગયા છે. આવા ઘણા કિસ્સાઓ દ્વારા મહાસભા લક્ષ્ય સમિતિ સામાજિક વિકાસમાં પોતાના પોતાનો યોગદાન આપી રહી છે ત્યારે આપણે પણ આપણા વ્યવસાય ના સફળતાં માં આપણા સમાજના લોકોનો સાથ સહકાર લેશું તો સંપૂર્ણ સમાજનો વિકાસ થશે. નવા વર્ષ નિમિત્તે આપણે સૌ એક નિયમ બનાવી કે આ વર્ષે મારા વ્યવસાયમાં આપણા સમાજને લોકોને તેની યોગ્યતા અને ઉપયોગીતા મુજબ જોડીશું. જો દરેક વ્યવસાયક કમસેકમ એક આપણા સમાજના લોકોને જોડસે તો ચોક્કસ આપણા સમાજનો વિકાસ થશે.

આપણા મહાસભાના આદરણીય પ્રમુખ અને સમાજ રત્ન શ્રી વિનોદભાઈ સોલંકી જી દ્વારા તથા તેમની કર્મસ્થ મહાસભાની ટીમ દ્વારા સમીણમ સમાજની રચના માટે પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે આપણે સૌ સાથે મળીને એક આહુતિ આપણા સમાજના લોકોનેં આપણા વ્યવસાયમાં જોડીને આપીએ તેવી મારી નમ્ર વિનંતી છે. અંતમાં ફરીથી સર્વને નવા વર્ષ નિમિત્તે નુતન વર્ષા અભિનંદન અને શુભ દિવાળી. આપ સૌ નર્વ નવા નવા વર્ષ નિમિત્તે આપના શુભ સંકલ્પો પૂરા કરો તેવી પ્રભુ પાસે પ્રાર્થના... જય સમાજ.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧



**।। અન્નદાન મહાદાન ।।**



પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮

**Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

શુભ દીપાવલી

'અન્નપુર્ણા' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને
દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ

નૂતન વર્ષાભિનંદન

## ભગવાન ભુખ્યો ઉઠાડે છે જરૂર, પણ ભુખ્યો સુવાડશે નહીં
## ''ભુખ્યાને ભરપેટ ભોજન... અન્નદાન છે મહાદાન...''

આપણી મહાસભા દ્વારા સંચાલિત અનેકવિધ સમાજ ઉત્કર્ષ યોજનાઓ પૈકી ''અન્નપુર્ણા'' એક અનઅપેક્ષિત, અનઇચ્છનીય યોજના છે અને આવી યોજના ચલાવવી એ પણ મહાસભાની અનિવાર્યતા છે. એક અકલ્પનીય કરૂણતા એ છે કે આજ પણ આપણા સમાજમાં એવા સમાજબંધુઓ આપણી વચ્ચે જ અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે કે જેઓને ત્રણ ટક ભરપેટ ભોજનની કોઇ જ સગવડ નથી. ગમે તેમ કરી દુઃખના દહાડા કાપતા આવા વંચિત, પિડીત, દીનદુઃખી સમાજબંધુઓની પિડાને સત્વરે સમજી આવા કમનસિબ સમાજબંધુઓ કમ સે કમ ત્રણ ટકનું ભોજન સ્વમાનભેર મેળવી શકે તે માટે મહાસભા 'અન્નપુર્ણા' યોજના મારફતે આવા લાભાર્થીને પ્રતિમાસ રૂા. ૧૫૦૦/- રાશનકીટ માટે આપે છે. એક અનુમાન પ્રમાણે એક વ્યક્તિને ત્રણ ટકનું ભરભેટ, પોષણયુક્ત ભોજન એવં એકમદમ જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ની જરૂરીયાત રહે છે. મહાસભાએ પણ પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ પ્રતિ લાભાર્થી આર્થિક સહાય આપી એ સુનિશ્ચિત કરેલ છે કે આપણા સમાજમાં આપણો કોઇપણ ભાઇ-બહેન માત્ર નાણાકીય અભાવમાં ત્રણ ટકનું ભોજન લઇ સન્માનભેર, નિશ્ચિત થઇ જીવન સુખરૂપ વ્યતીત કરી શકે.

મહાસભાની 'સંજીવની' યોજનાની જેમ જ 'અન્નપુર્ણા' યોજના દ્વારા સમાજપ્રેમી સમાજના સુખી-સંપન્ન પરિવારો પ્રતિમાસ અમુક રકમ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને સતત પરિપૂર્ણ રાખવા પોતાનો માનવધર્મ, સમાજધર્મ નિભાવે છે. **સમાજના સુખી-સંપન્ન વર્ગની યથાશક્તિ-યથા ઇચ્છા પ્રતિમાસ અન્નદાનનો સંકલ્પ અનેક જરૂરીયાતમંદ પરિવારોની આંતરડી ઠારે છે.** રૂા. ૫૦૦ થી ૬૦૦૦ સુધીના 'અન્નપુર્ણા' સંકલ્પધારી પરિવારો, નિયમિત પ્રતિમાસ 'અન્નપુર્ણા' સહયોગ આપી જીવનભરનું પુણ્યનું ભાથું બાંધે છે. ભૂતકાળમાં અને વર્તમાન સમયમાં ભારતવર્ષમાં અને ખાસ કરીને કચ્છ-કાઠીયાવાડમાં અનેક જગ્યાએ નિઃશુલ્ક અન્નક્ષેત્રો આજ પણ કાર્યરત છે. તેવી જ રીતે આ 'અન્નપુર્ણા' એ પણ આપણા સમાજનું અખિલ ભારતીય સ્તરનું 'અન્નક્ષેત્ર' જ છે. આ અન્નક્ષેત્રમાં આપ પણ આપશ્રીના સદ્દગત સ્વજનોની સ્મૃતિમાં સ્મૃતિદાન તરીકે એકમૂઠ અથવા પ્રતિમાસ એક વંચિત વ્યક્તિ માટે રૂા. ૧૫૦૦/- પ્રતિમાસના ગુણાંકમાં આર્થિક સહયોગ આપી ઘરબેઠા પુણ્યશાળી બની શકો છો. આપશ્રીના નાનકડા આર્થિક સહયોગથી અનેક પિડીત, વંચિત સમાજબંધુઅઓની આંતરડી ઠરશે અને એમના સંતોષના ઓડકાર સ્વરૂપ આશીર્વાદ આપના પરિવારને રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિના શિખર પર પહોંચાડી દેશે.

'અન્નપુર્ણા'ના પ્રતિમાસ સંકલ્પધારી પરિવારોમાં કચ્છ અંજાર નિવાસી હાલ કલ્યાણ (મુંબઇ) વાસી **શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા હાલ અમેરિકામાં** પ્રતિષ્ઠિત કંપનીમાં ઉચ્ચ પદ પર જોબ કરે છે. આ સેવાધારી પરિવારના સુપુત્ર ચિ. દિપેશ જેઠવા સાત સમંદર પાર અમેરીકાથી પ્રતિમાસ રૂા. ૬૦૦૦ અન્નપુર્ણામાં અર્પણ કરી સમાજના જરૂરીયાતમંદ ચાર પરિવારની આંતરડી ઠારવાનું પુણ્યશાળી કામ કરી સમસ્ત જેઠવા પરિવારની પ્રતિષ્ઠા સમાજમાં એક મૂઠી ઊંચી અંકિત કરી છે. આપણા સમાજના યશસ્વી પ્રમુખ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી** પણ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી અનેક જરૂરીયાતમંદ

સમાજબંધુઓની ભૂખી આંતરડીને ઠારવા માટે સહભાગી થાય છે. અંજાર નિવાસી **શ્રી એવં શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી**ની સેવાભાવના દેશ-પ્રદેશના સીમાડા ઓળંગી સર્વત્ર સુવાસ પ્રસરાવે છે. 'પ્રણામી' સંપ્રદાયના ચુસ્ત અનુયાયી, સનાતન ધર્મ પરાયણ આ યુગલ બેલડી તો 'સત્તકર્મ' માટે સદૈવ તત્પર રહે છે. 'સંજીવની સરતાજ' આ સોલંકી દંપતિને 'અન્નપુર્ણા' યોજના વિશે જાણ થતાં જ સ્વયંભૂ રૂા. ૧૨,૦૦૦ અર્પણ કરી પોતાની સેવાયાત્રાને ઔરવધુ સાર્થક સાબિત કરી છે. 'અન્નપુર્ણા' યોજના બિલાસપુર અધિવેશનથી વિધિવત આરંભ થઇ ત્યારે જ આપણા સૌના પ્રાણ પ્યારા **'સમાજ મામા' શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (ખંભરા) – જયપુર** હરહંમેશની જેમ જ પોતાના પરિવાર તરફથી રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' માટે અર્પણ કરી 'અન્નપુર્ણા'ને શુકનવંતી શરૂઆત અપાવી અને એ ઉલ્લેખનીય છે કે 'સંજીવની સમ્રાટ' શીવલાલભાઇ ચાવડા પરિવારે 'સંજીવની' યોજનામાં રૂા. ૫,૦૦,૦૦૦ અર્પણ કરી એક અનન્ય, અપૂર્વ, અનુકરણીય પહેલ તો કરી જ છે એવા જ એક સંજીવની સરતાજ **શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા – પુના** પરિવારે પણ સ્વયંભુ રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' ને અર્પણ કરી માનવતાને મહેકાવી છે. ઉપરોકત સમાજપ્રેમી દાતાશ્રીઓએ પોતાનો સમાજધર્મ નિભાવી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને પરિપૂર્ણ કરવા સ્વૈચ્છીક સહયોગ આપેલ છે. અહીં આજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ સૌ સમાજપ્રેમી સમાજબંધુઓને સંવેદનાસભર વિનંતી કે આવો મિત્રો, **આપણે સૌ સાથે મળી એ સુનિશ્ચિત કરીએ કે આજથી આપણા સમાજમાં આપણો સમાજબંધુ ત્રણ ટક ભરપેટ ભોજન માટે કોઇનો ઓશિયાળો નહીં રહે.** આપના ધ્યાનમાં આવા સમાજબંધુઓ આવે તો જરૂરથી ટીમ 'અન્નપુર્ણા'ને ઉપરોક્ત સંપર્કસુત્રનો સંપર્ક કરી આંગણી ચિંધ્યાનું પુણ્ય પણ પ્રાપ્ત કરશોજી. આભાર સહ... જય સમાજ...

**વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (પ્રભારી : અન્નપુર્ણા યોજના – મહાસભા)**

**''સાભાર સ્વિકાર'' (અન્નપુર્ણામાં નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી)**

| | |
|---|---|
| ૧૨,૦૦૦ | નારીરત્ન શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૧૨,૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (ઉપપ્રમુખશ્રી અંજાર ઘટક, પ્રભારીશ્રી સીનીયર સીટીઝન સમિતિ - અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૨૪,૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) (ખંભરા-જયપુર (રાજ.) (પ્રતિમાસ રૂા. ૨૦૦૦ના માનદ્ દાતાશ્રી |
| ૧૨,૦૦૦ | શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી - અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનહરભાઇ ટાંક - અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમીયમ દાતાશ્રી) |
| ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - પ્રમુખશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૧,૦૦૦ | માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ (શુભેચ્છા સહયોગ)(પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૬,૦૦૦ | શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ - અમેરીકા (પ્રતિ માસ રૂા. ૬૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઇ પઢિઆરની સ્મૃતિ અર્થે હ. શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર - મંત્રીશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. નટવરભાઇ ભનુભાઇ પરમારની પુણ્ય સ્મૃતિ અર્થે (હ. પરેશ એવં ગીરીશ પરમાર - અંજાર) (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | માતૃશ્રી શાન્તાબેન સુર્યકાન્તભાઇ વેગડ - અંજાર (હ. શ્રી પ્રવિણભાઇ વેગડ - પ્રભારીશ્રી દેશ-વિદેશ સમન્વય સમિતિ - મહાસભા) (પ્રતિ માસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૬,૩૦૦ | શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ (કુંભારીયા-લાતુર) (પ્રભારી મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા) (પ્રતિમાસ રૂા. ૨૧૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૧,૫૦૦ | શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર - અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા, પ્રમુખશ્રી અંજાર ઘટક) જન્મોત્સવ ખુશાલી ભેટ |
| ૧૨,૦૦૦ | માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલ રાઠોડ (કુંભારીયા) - દુર્ગની પુણ્યસ્મૃતિમાં (હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઇ રાઠોડ - અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |

(નોંધ : ઉપરોક્ત યાદીમાં નામ, ગામ, રકમ અંગે કંઇપણ વિસંગતતા હોય તો જાણ કરવા વિનંતી)



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

## પુરી (ઓરિસ્સા) મુકામે આયોજીત વાર્ષિક અધિવેશનમાં ભાવભર્યું આમંત્રણ

### કાર્યવાહક સમિતિ અને સામાન્ય સભાની સંયુક્ત બેઠકની કાર્યસૂચી

સુજ્ઞ બહેનો, સહર્ષ નિવેદન કે, પૂર્વ ઓરિસ્સા પ્રાદેશિક સમિતિના સ્નેહમય નિમંત્રણથી અ.ભા.મ.મહામંડળની વર્તમાન સત્ર ૨૦૨૪-૨૦૨૬ની વાર્ષિક બેઠક **તા. ૨૨/૧૨/૨૦૨૫, સોમવારના બપોરે ૩.૩૦ કલાકે, સ્થળ : નિલાદ્રી ભક્ત નિવાસ, જગન્નાથ મંદિર પાસે, પુરી (આરિસ્સા)** માં આયોજીત કરવામાં આવેલ છે. આ પ્રસંગ અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર સભ્યો, માનદ્ સભ્યો, ઉપપ્રમુખો, ઝોનલ પ્રમુખો, પ્રાદેશિક પ્રમુખો, અન્ય સમિતિના પ્રમુખો, કાર્યવાહક સભ્યો, મહિલા મંડળના પ્રમુખો તથા સેવાભાવી બહેનોની ઉપસ્થિતિ આવકાર્ય અને આવશ્યક છે.

**:: કાર્યવાહક સમિતિ અને સામાન્ય સભાની કાર્યસૂચિ ::**

★ પ્રભુ પ્રાર્થના
★ મહામંત્રી દ્વારા સભાસદોનું સ્વાગત
★ દિપ પ્રાગટ્ય ★ શ્રદ્ધાંજલિ
★ શુભેચ્છા સંદેશોઓનું વાંચન ★ અ.ભા.મહિલા મહામંડળ દ્વારા ''ઉદ્યોગિકા એવોર્ડ''નું વિતરણ
★ ઓડીટ કરાવેલ વાર્ષિક હિસાબોની રજુઆત
★ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ મહાસભા પ્રમુખશ્રીનું માર્ગદર્શીય ઉદ્બોધન
★ યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ પ્રાદેશિક પ્રમુખશ્રીઓ દ્વારા એહવાલોની રજુઆત
★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા-નિર્ણય
★ પ્રાસંગીક પ્રવચન
★ પ્રમુખશ્રીની અનુમતીથી રજુઆત
★ મહામંત્રીશ્રીનું ઉદ્બોધન
★ આભારવિધી, રાષ્ટ્રગીત સમુહ ગાન, સમાપન

અ.ભા.મહિલા મહામંડળ આપ સૌને મંડળના વાર્ષિક અધિવેશનમાં હાર્દિક આમંત્રણ પાઠવતા આપની ગરિમામયી ઉપસ્થિતિ નોંધાવવા સાદર અનુરોધ કરે છે. સાથે જ અ.ભા.મ. મહામંડળ, આપના મહિલા ઉત્કર્ષ તથા જાગૃતિ સંબંધિત સુચન અને સુઝાવો, આપના મંતવ્યો તથા તેના અમલીકરણની રૂપરેખા માટે સ્પષ્ટ અને સરલ અભિગમની અભિવ્યક્તિ માટે ઉત્સુક્તા ધરાવે છે.

**આપના સુચનો અને સુઝાવો અ.ભા.મ. મહામંડળના મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણને**

**તા. ૧૫-૧૨-૨૫સુધી મોકલાવીને અમોને અનુગ્રહિત કરશોજી.**

**વિનિત : શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ - મહામંત્રી**

(આપનો સાથ-સહકાર આપની લાગણી અને સ્નેહ એજ અ.ભા.મહિલા મહામંડળની સફળતા છે.)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

શુભ **।। નૂતન વર્ષાભિનંદન ।।** લાભ

સર્વે સમાજબાંધવો... સમાજની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારશ્રીઓ... સભ્યો... વડીલો... માતાઓ...... વહાલી બહેનોને નુતન વર્ષ ૨૦૮૨ના પ્રારંભે હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવીએ છીએ... વિક્રમ સંવતનું નવું વર્ષ આપણા સમાજ માટે સર્વાંગી સુખાકારી અને પ્રગતિશીલ બની રહે, આપણે સૌ સાથે મળીને સમાજ ઉત્કર્ષના કાર્યોને વેગ આપીએ... જય સમાજ... રામ રામ...

**''ટીમ અખિલ ભારતીય મહિલા મહામંડળ''**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

## મહિલા ઉદ્યોગિકા એવોર્ડ

વ્યવસાયિક તકોથી ભરપુર આજના સમયમાં આપણા સમાજની બહેનો નાના-મોટા ઉદ્યોગના ક્ષેત્રે સંઘર્ષ અને સાહસ કરી સરળતાને વરી છે. વ્યવસાય ઉદ્યોગના ક્ષેત્રે સફળ બની સમાજને ગૌરવ અપાવનાર આવી બહેનોને મહાસભાના વાર્ષિક અધિવેશન પુરી (ઓરિસ્સા) મધ્યે અ.ભા.મહિલા મહામંડળ ''મહિલા ઉદ્યોગિકા એવોર્ડ''થી સન્માન કરવા જઇ રહ્યું છે. સમાજની આવી ઉદ્યમી બહેનો પાસેથી નીચેની વિગતે એવોર્ડ માટેની દરખાસ્ત મંગાવવામાં આવે છે.

**:: માર્ગદર્શિકા – નિયમો ::**

★ ઉદ્યોગ મહિલાએ જાતે શરૂ કર્યો હોવો જોઇએ અને પારિવારીક આજીવિકાનું મહત્વનું સાધન હોવો જોઇએ. ★ ઉદ્યોગ શરૂ કર્યા ત્યારથી અત્યાર સુધીની સંઘર્ષ ગાથા તથા ઉભી થયેલ પરિસ્થિતિની લેખીત વિગત એક ફુલસ્કેપ પેજમાં લખી મોકલાવવી. ★ ઉદ્યોગનું નામ, શરૂ કર્યાનો સમય, ઉત્પાદનની વિગત તેમજ તેના પુરાવા રૂપે ફોટોગ્રાફ તથા કાગળોની ઝેરોક્ષ મોકલાવવાની રહેશે. ★ હાલના ઉદ્યોગના પુરાવા રૂપે નામ દર્શાવતું સાઇનબોર્ડ તથા ઉત્પાદન કે વ્યવસાયના ફોટોગ્રાફ મોકલાવવાના રહેશે. ★ સિલાઇકામ, ટ્યુશન અને કોચીંગ ક્લાસ, કેક બનાવટ, બ્યુટીપાર્લર, કટરેલી અને રાશન શોપ જેવા વ્યવસાયને પ્રાધાન્ય આપવામાં આવશે નહીં. ★ પસંદગી માટે નિર્ણાયકોનો નિર્ણય માન્ય અને બંધનકર્તા રહેશે. ★ એવોર્ડ માટેની દરખાસ્ત રજીસ્ટર પોસ્ટ અથવા કુરીયરથી **તા. ૧૫-૧૦-૨૦૨૫** સુધી **શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ, પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮-બી, યોગેશ્વરધામ સોસાયટી, આર.ટી.ઓ. રીલોકેશન સાઇટ પાસે, ન્યુ એમ.ઇ.એસ. રોડ, ભુજ (કચ્છ) ૩૭૦૦૦૧, મો. ૯૪૨૬૪૫૪૯૯૯** ના સરનામે મોકલાવવાની રહેશે.

પસંદગી પામેલ બહેનોને જાણ કરીને પુરી અધિવેશનમાં આમંત્રીત કરવામાં આવશે.

**શ્રીમતી ગીતાબેન એન. ચૌહાણ**
**પ્રમુખશ્રી – મો. ૯૯૬૦૪૭૧૪૧૧**

**શ્રીમતી રીટાબેન વી. ચૌહાણ**
**મહામંત્રીશ્રી – ૯૪૨૬૪૫૪૯૯૯**

# અ.ભા.મ. મહામંડળ અંતર્ગત શિક્ષણ સમિતિ બાલતરંગ ગ્રુપ દ્વારા યોજોઇ સ્લોગન સ્પર્ધા

સ્લોગન સ્પર્ધા પરિણામ

પ્રથમ વિજેતા : હેતવી કીર્તિકુમાર જેઠવા – આદિપુર, ગૌરા ચાવડા – પુના,

દ્વિતીય વિજેતા : સાનવી રાઠોડ – ગાંધીધામ, હર્ષાલી નિમેષ ખોડિયાર –બિલાસપુર

તૃતીય વિજેતા : હર્ષિતા જયેશ રાઠોડ – રાયપુર, ખુશી ચેતન ચૌહાણ – આદિપુર

આશ્વાસન ઇનામો : ઝલક ચૌહાણ – બાલાઘાટ, સૌમ્યા યોગેશ ટાંક – મુન્દ્રા, વિહાન પરમાર – માધાપર, હેત ચૌહાણ – નાસિક રોડ, રુદ્રાક્ષી યાદવ – જબલપુર, વર્ષા રાઠોડ– દુર્ગ. સર્વે વિજેતાઓને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.. શિક્ષક દિવસ પર બાલ મિત્રો.. તેમજ પાલકો એ સ્લોગન સ્પર્ધાને આપેલા ઉચ્ચ પ્રતિસાદ માટે ટીમ શિક્ષણ સમિતિ આપ સર્વેની ખૂબ ખૂબ આભારી છે.. આગામી સહકાર્યની અપેક્ષા સાથે જય સમાજ...

# અખિલ ભારતીય મહિલા મહામંડળે યોજી ''ગણપતિ ઉત્સવ સજાવટ'' સ્પર્ધા

અખિલ ભારતીય મહિલા મહામંડળની ઉત્સવ સમિતિ દ્વારા ગણેશોત્સવ દરમિયાન ઓનલાઇન ગણપતિ ઉત્સવ સજાવટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ભારતના વિવિધ ઘટકોના સ્પર્ધકોએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લઇ પોતાની સજાવટ કલાનું પ્રદર્શન કરેલ હતું. ઉત્સવ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રીટાબેન પરમાર, મંત્રીઓ શ્રીમતી ભાવનાબેન રાઠોડ, શ્રીમતી હેતલબેન ચાવડા, શ્રીમતી હસ્મિતાબેન પરમાર તથા શ્રીમતી ગીતાબેન પરમારે સ્પર્ધાના આયોજનની વ્યવસ્થા સંભાળી હતી તેમજ સ્પર્ધાના પ્રાયોજક તરીકે પણ સેવા સહયોગ આપેલ હતો. અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોના ઉત્સાહને બિરદાવી અભિનંદન આપેલ હતા તેમજ પ્રાયોજક તરીકે ઉત્સવ સમિતિના હોદ્દેદારોએ આપેલ સહયોગની પ્રસંશા કરી હતી. મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે આયોજન માટે જરૂરી માર્ગદર્શન પુરૂં પાડેલ હતું.

**ઉત્સવ સમિતિના હોદ્દેદારો તથા સ્પર્ધાના પ્રાયોજકો**


શ્રીમતિ રીટાબેન પરમાર
અધ્યક્ષશ્રી


શ્રીમતિ ભાવનાબેન રાઠોડ
મંત્રીશ્રી


શ્રીમતિ હેતલબેન ચાવડા
મંત્રીશ્રી


શ્રીમતિ હસ્મીતાબેન પરમાર
મંત્રીશ્રી


શ્રીમતિ ગીતાબેન પરમાર
મંત્રીશ્રી

ગણપતિ ઉત્સવ સજાવટ સ્પર્ધાના વિજેતાઓ

ડાયમંડ સ્ટાર : (૧) ઉર્મિલા પરમાર – નિઝામાબાદ (૨) અર્પિતા ચાવડા – રાયપુર (૩) પ્રિયા પરમાર – જામનગર (૪) ઉષા ધર્મેન્દ્ર – કાગજનગર (૫) હેમલતા પરમાર – હૈદ્રાબાદ.

ગોલ્ડ સ્ટાર : (૬) પૂજા જેઠવા – અંજાર (૭) ખુશ્બુ રાઠોડ – પુના (૮) નિકિતા પરમાર – બોકારો (૯) જીજ્ઞા ટાંક – જયપુર (૧૦) બરખા ચાવડા – દુર્ગ (૧૧) લીના ચાવડા – રાયપુર.

સિલ્વર સ્ટાર : (૧૨) રીટા પરમાર – રાંચી (૧૩) વૈદેહી પરમાર – કુકમા (૧૪) નેહા ટાંક – પૂના (૧૫) દર્શન ચાવડા – ગુલબર્ગા (૧૬) – કાજલ ચાવડા – મુંબઇ (૧૭) લાભિકા રાઠોડ – જાલના.

આશ્વાસન : ચંચલ રાઠોડ – ચાઇબાસા, ગાર્ગી જેઠવા – વર્ધા, વંદના ટાંક – અમરાવતી, ભારતી ચાવડા – હૈદ્રાબાદ, કલાવતી પરમાર – હૈદ્રાબાદ, પ્રજ્ઞા મારૂ – રાયપુર, ભાવના ચૌહાણ – સંભાજીનગર, ચિત્રાલી રાઠોડ – ઝારસુગડા, હર્ષિકા જેઠવા – પૂના, અલ્પા ચાવડા – અંજાર, કેશર પરમાર – ભિલાઇ, જયના ચૌહાણ – પૂના, રૂપલ ટાંક – કાગજનગર, અર્ચના ચાવડા – સંબલપુર, ફાલ્ગુની સોલંકી – જબલપુર, જીજ્ઞાસા ટાંક – ગાંધીધામ, ભાવિકા મારૂ – હિંગોલી, કાન્તાબેન કોન્ટ્રાકટર –મુંબઇ, હર્ષવર્ધન ચૌહાણ – ભુજ, આર્યા રાઠોડ – ભુજ.

સાઇનિંગ સ્ટાર : દેવીકા જેઠવા – વર્ધા, હિતાક્ષી રાઠોડ – નાસિક.

## યુ.એસ.એ. મહિલા મંડળ



યુએસએ મહિલા મંડળએ અને સમાજના સભ્યોએ સાથે મળીને નવરાત્રી પર્વની ઉજવણી નો ઉત્સાહ ભેર પ્રારંભ કરી બધાને ભેગા કર્યા હતા . આ કાર્યક્રમ નું આયોજન રેલે વિસ્તારમાં કરવામાં આવેલ. પ્રમુખ શ્રીમતી હિનાબેન દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ, આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા,ઉપસ્થિત રહ્યા હતા. હિનાબેન, આયુષી, મૃગેશ, રૂપાબેન, ગીરીશભાઈ, રાજભાઇ, હેતલ બેન, પ્રફુલભાઈ, નવ્યા, આરતી બેન, મેહુલભાઈ, વિહાન, ધારણા બેન, લોકેશભાઈ, સાનવી, લીરા, બીના બેન, વિનયભાઈ, વીર, વેદ, ધારા, મિલિન્દભાઈ, રેખાબેન, જશવંત, શ્રેયા બેન, શ્રેણિકા અને ઈશાન બધા ભેગા થયા , અને સાથે મળીને સ્વાદિષ્ટ પોટલક ભોજન ખાઈને મજા કરી. ત્યાર બાદ સૌએ સાથે મળીને ગરબા રમવાની મજા માણી હતી. વિદેશમાં રહીને પણ દેશનું આનંદ માણી બધા ખુશ થયા હતા.

## કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિ આયોજીત ગાંધીધામ સગપણ સંમેલનમાં પોતાની નિષ્ઠાભરી અને સમાજ ઉપયોગી સેવા આપનાર મેન્ટર બહેનો 'ખુશાલી પ્રવાસ' તા. ૧૧/૦૯/૨૦૨૫ના રોજ દાદા-દાદી વાળી પાર્ક મધ્યે યોજવામાં આવેલ હતો. આ પ્રવાસમાં સૌ પ્રથમ દાદા-દાદી પાર્કના માલિક એવા મણીભાઇ તેમજ દક્ષાબેને સર્વે પધારેલ બહનોને ચંદન તિલક કરી સર્વેને આવકાર્યા હતા. ત્યાર બાદ પ્રેમિલાબેને આધ્યાત્મિક પ્રશ્નોતરી તેમજ સંસ્કારની થોડી વાતો કરી આ સ્થળનું મહત્વ સમજાવ્યું હતું. આધ્યાત્મિક શિબિરો કરવા માટેનું બહેનોને આમંત્રણ આપેલ આ પવિત્ર જગ્યા છે. જ્યાં દરેક જગ્યાએ પવિત્રતાનો અનુભવ થઇ રહ્યો હતો. પોઝેટીવ વિચાર, સદ્ગુણો, સતસંગ હંમેશા ત્યાં થતા રહે છે. આવી પવિત્ર જગ્યામાં એક અદ્ભૂત અનુભવ થઇ રહ્યો હતો. ત્યાંનું કુદરતી સૌંદર્ય, ફોટોગ્રાફી ખુબજ સરસ જગ્યા હતી. બધા બહેનોને ખુબજ આનંદ આવ્યો. મેરેજ બ્યુરો અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, મહિલા પ્રા. પ્રમુખ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણના નેતૃત્વ હેઠળ ખુબજ સારું વિરાટ સગપણ સંમેલન ગાંધીધામ મધ્યે યોજાયેલ જેની સફળતાનો પ્રતિસાદ પૂરા દેશભરમાંથી મળી હ્યો છે અને બહેનોનો પ્રતિભાવ અને હવે પછી શું કામગીરી કરવી, મેન્ટર બહેનો અને કેન્ડીડેટ સાથે હજુ પણ કોન્ટેક કરી કાર્યવાહી કેવી રીતે આગળ કરવી તેની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બહેનોને પડતી મુશ્કેલી યા કોઇ પ્રશ્નોનું નિરાકરણ કરી પાત્રને કઇ રીતે મદદરૂપ થવું તેવું રીટાબેન અને અમિતાબેન દ્વારા જણાવવામાં આવેલ. સુંદર મજાનું સ્વાદિષ્ટ ભોજન પ્રસાદ લઇ



બધા બહેનો ૫૧ શક્તિપીઠ (સામત્રા) જવા નિકળ્યા હતા. ત્યાં માતાજીના ગરબા રમ્યા તથા ચર્ચાઓ સગપણ સંમેલનની મેન્ટર બહેનોની રજુઆત સાંભળી અને આ કામગીરી વધુ સરળતાથી થઇ શકે તેવા પ્રયત્નો બધી બહેનો કરીશું. ત્યાર બાદ પ્રાદેશિક સમિતિ તરફથી દરેક બહેનોને ગીફ્ટ પણ આપવામાં આવેલ હતી. ધાર્મિક પ્રવાસના સ્થળે ૫૧ શક્તિપીઠ (સામત્રા), જંગલેશ્વર મંદિર - દહીંસરા (સ્મૃતિવન-સ્વામિનારાયણ) દાદાદાદી વાડી પાર્ક સવારના નાસ્તો - સંગીતાબેન રાઠોડ - અંજાર, ચા-અનુસયાબેન પરમાર - કુકમા, કુલ્ફી - રસિલાબેન પરમાર - ભુજ તેમજ રાત્રીનું ભોજન ભુજ મહિલા મંડળના સહયોગથી આપવામાં આવેલ હતું.

આ પ્રવાસ નિઃશુલ્ક હતો. દરેક દાનદાતાઓ, મુખ્ય પ્રાયોજકો, સહપ્રાયોજકો તેમજ અન્ય સહયોગી દાતાઓનો હૃદયપૂર્વક દિલથી પ્રાદેશિક વતી આભાર વ્યક્ત કરીએ છીએ. આ કાર્યક્રમમાં તન-મન-ધનથી જેમણે પણ સહયોગ આપેલ તે સર્વેનો આભાર માનવામાં આવેલ.

આ કાર્યક્રમ ખુશાલી પ્રવાસમાં અખિલ ભારતીય મહિલા મહામંડળના હોદ્દેદારો, નારીરત્ન કંચનબેન જેઠવા, મેરેજ બ્યુરો અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન સોલંકી, પ્રા. પ્રમુખ રીટાબેન, વરીષ્ઠ ઉપપ્રમુખ પુષ્પાબેન ટાંક, મીનાબેન વેગડ, ઇલાબેન ચાવડા, જ્યોતિબેન સોલંકી, ઇન્દુબેન સોલંકી, મોનાબેન પરમાર, નયનાબેન ચૌહાણ, તારાબેન ટાંક, અનસુયાબેન પરમાર, સંગીતાબેન રાઠોડ તેમજ દરેક મહિલા મંડળના પ્રમુખો, કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના હોદ્દેદારો આ પ્રવાસમાં જોડાયા હતા. આખો દિવસ બહેનોએ આનંદ, મોજ માણી, વિડિયા, રીલો ઉતારી અને આનંદ માણ્યો હતો. નંદાબેન રાઠોડે ફોટોગ્રાફી વિડિયો સુટીંગ કરેલ. સંચાલન ઉષાબેન ચૌહાણે કરેલ હતું.

દરેક બહેનોના સાથ-સહકારથી આ પ્રવાસ સારો, અતિ સુંદર થઇ શક્યો. આ પ્રવાસનો મુખ્ય હેતુ જેટલા બહેનો મેન્ટર તરીકે સેવા આપેલ સગપણ સંમેલનમાં તેમના કાર્યોનું ફોલોઅપ લઇ કઇ રીતે આગળ વધવું જેથી સારૂં રિઝલ્ટ આવે અને બધી બહેનો ઉત્સાહથી કામગીરી કરી રહી છે. જરૂરથી આ કાર્યમાં સફળતા મળશે જ તેવું અમિતાબેન અને રીટાબેને જણાવ્યું હતું. આ કાર્ય એકલાનું તો નથી જ. તમારા બધાના સાથથી જ શક્ય બન્યું છે. સર્વેનો આભાર વ્યક્ત કરતા જણાવેલ અને અંતમાં ભુજ વિદ્યાર્થી ભવન મધ્યે રાત્રી ભોજન લઇ બધા છુટા પડેલ. આ સમગ્ર કાર્યક્રમમાં જેમણે સાથ-સહકાર આપેલ તે સર્વે દાન-દાતાઓ, પ્રાયોજકો, મુખ્ય પ્રાયોજક, સહયોગી દાતા તેમજ ગાંધીધામ ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ સર્વે ટીમનો પ્રાદેશિક મહિલા મંડળ, પ્રાદેશિક સમિતિ તથા સર્વેના સાથ-સહકારથી કાર્ય સિદ્ધ થયેલ છે. સર્વેનો મહિલા પ્રાદેશિક સમિતિએ આભાર વ્યક્ત કરેલ.

## મુંબઇ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા શ્રાદ્ધ નિમિત્તે બહેનોએ યથાશક્તિ ફાળો આપ્યો હતો અને તેમાંથી શ્રાદ્ધના ૧૬ દિવસ 'આશ્રય સંસ્થા' મારફતે અસહાય વડીલોને ટીફીન મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. કુલ ૫૨૫ ટીફીનની સગવડ થઇ હતી.

ત્યાર બાદ નવરાત્રી નિમિત્તે કન્યા પૂજન અંતર્ગત મીરા રોડ સ્થિત અંકુર ચિલ્ડ્રન્સ હોમમાં ૨૦૦ જેટલી અસહાય અને











અનાથ છોકરીઓને ફુટ પેકેટ સાથે ગીફ્ટ આપી, પૂજન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ બોરીવલી સ્થિત રેસ્ક્યુ હોમની મુલાકાત લઇ, ત્યાં સો જેટલી કન્યાઓને ફુડ પેકેટ અને ભેટ આપી પૂજન કરવામાં આવેલ હતું. તા. ૪ ઓક્ટોબરના મુંબઇ ઘટક અંતર્ગત મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા પ્રેરિત, યુવા મંડળ દ્વારા આયોજીત, નવરાત્રી ઉત્સવનો પ્રોગ્રામ ''ગરબાની રમઝટ'' બહુ સફળ રીતે થયો. ઘટક અને મહિલા મંડળના સભ્યોએ, સારી સંખ્યામાં ઉપસ્થિત હતા અને ભાગ લીધો હતો. બેસ્ટ ગરબા પ્લેયર મેલ અને ફિમેલ, બેસ્ટ ગરબા કપલ, સિનિયર ગરબા પ્લેયર, એવી રીતે અનેક કેટેગરીમાં ઇનામ આપવામાં આવેલ. મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા મુંબઇ ઘટકની નાની કન્યાઓને, નવરાત્રી નિમિત્તે કન્યા પૂજન અંતર્ગત ભેટ આપવામાં આવેલ હતી તેમજ નાના બાળકોને પણ ભેટ આપવામાં આવી હતી. ગરબાની રમઝટ પ્રતિયોગીતાના વિજેતાઓમાં સિનિયર ફિમેલ વિજેતા : જ્યોતિબેન ચાવડા, સિનિયર મેલ વિજેતા : મનોજભાઇ કોન્ટ્રાકટર, યુવા મેલ વિજેતા : વરૂણ કોન્ટ્રાકટર, યુવા ફિમેલ વિજેતા : જરના વેગડ, કપલ વિજેતા : કલ્પનાબેન અને કૌશિકભાઇ રાઠોડ રહ્યા હતા.

## નાગપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર મધ્યે મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા નવરાત્રી ઉજવવામાં આવી હતી. જેમાં વિવિધ કોમ્પીટીશન રાખવામાં આવી હતી. ત્રીજે નોરતે બહેનો માટે દાંડીયા સાથે દિવા સજાવવામાં રાખ્યું હતું. જેમાં પહેલું ઇનામ નોમિકાબેન ચૌહાણને બીજું ઇનામ દેવાંશી ચૌહાણને આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ ચોથે નોરતે યુવા મંડળ દ્વારા કપલ માટે ગરબાનું કોમ્પીટીશન રાખ્યું હતું. જેમાં પહેલું ઇનામ શરદભાઇ ચૌહાણ અને વિધી ચૌહાણને અને બીજું ઇનામ દિપક યાદવ અને ચેતના યાદવને આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ પાંચમે નોરતે ટિવનીંગ કોમ્પીટીશન રાખ્યું હતું. જેમાં જીનલબેન ટાંક અને હશ્વી ટાંક, શિતબલને ચૌહાણ અને ગરિમાબેન, આતુરભાઇ ચાવડા અને લક્ષીકાબેન અને ફલક ચાવડાને દીપેશ પરમારને ખુશી પરમાર, બરખાબેન ચૌહાણને આપવામાં આવ્યું. ત્યાર બાદ છઠ્ઠે નોરતે નાના બાળકોને રાસ રમાડવામાં આવેલ. જેમાં બધા નાના-નાના બાળકોને ઇનામો આપવામાં આવેલ. ત્યાર બાદ યુવક અને યુવતીને રાસ રમાડવામાં આવેલ હતા. જેમાં યુવકમાં વિવેક ચૌહાણ અને યુવતીમાં પુર્વી ચૌહાણને ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ અષ્ટમીના રાત્રીએ મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં સૌ સાથે મળીને આરતી

કરી હતી. નવમા નોરતે બધા સાથે મળી રાસ રમીને વાજતે-ગાજતે માના ગરબાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રોજ રાત્રે નાસ્તાનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. સાથે સાથે અરવિંદભાઇ ચાવડા તરફથી ચાની સેવા આપવામાં આવી હતી.

## મીઠાપુર મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મીઠાપુર મહિલા મંડળ દ્વારા તા. ૨૩-૦૯-૨૦૨૫, મંગળવાર બીજા નોરતે સામાન્ય સભાની મીટીંગ રાખેલ હતી સાથે નવરાત્રીની ઉજવણી પણ કરવામાં આવી હતી. જે કવિતાબેન ચૌહાણના નિવાસસ્થાને રાખેલ. મીટીંગની શરૂઆત પ્રભુ પ્રાર્થના સાથે કરી હતી. ત્યાર બાદ પ્રમુખ શ્રીમતી ઉષાબેન રાઠોડે બધી બહેનોને આવકાર્યા હતા અને મીટીંગમાં આવવા બદલ બધી બહેનોનો આભાર માન્યો હતો. ત્યાર બાદ મંત્રી શ્રીમતી જિજ્ઞાસાબેન ચૌહાણે વાર્ષિક અહેવાલ રજુ કરેલ. ત્યાર બાદ ખજાનચી શ્રીમતી પ્રિયાબેન પરમારે વાર્ષિક હિસાબ રજુ કરેલ. ત્યાર બાદ બધી બહેનોએ એક મિનિટની ગેમ રમેલ.

ત્યાર બાદ નવરાત્રીની શરૂઆત કરી હતી. જેમાં બધી બહેનોએ સાથે મળીને માતાજીની આરતી, સ્તુતિ કરી હતી. નવરાત્રીની શરૂઆત હોવાથી બહેનોએ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે માતાજીના ગરબા ગાયા અને ગરબા રમ્યા હતા. ત્યાર બાદ માતાજીનો પ્રસાદ લઇ, નાસ્તો પાણી કરી બધી બહેનો છુટી પડી હતી.

## અંજાર મહિલા મંડળ

અંજાર મહિલા મંડળની સામાન્ય સભા દર મહિનાની પહેલી તારીખે મહિલા મંડળ પ્રમુખ સવિતાબેન જે. ચૌહાણના અધ્યક્ષ સ્થાને સમાજ ભવનમાં રાખવામાં આવે છે. દર મહિને નવી નવી સ્પર્ધાઓ રાખવામાં આવે છે. જેમ કે એક મિનિટ ગેમ, વાનગી સ્પર્ધા, સુશોભન, વેસ્ટમાંથી બેસ્ટ, રમત-ગમત, નવી નવી વસ્તુઓ શિખવાનું વર્કશોપ રાખવામાં આવે છે. વિજેતાઓને ઇનામો મહિલા મંડળ દ્વારા આપવામાં આવે છે.

પ્રભુ પ્રાર્થના, થાળ, પ્રાસદ કરવામાં આવે છે. દર મહિને લક્કી ડ્રો પણ કરવામાં આવે છે. જાન્યુઆરી મહિનામાં ૬૫૦ કિલો અળદીયા બનાવવામાં આવેલ. સ્વાદિષ્ટ અળદીયાની ખુબજ માંગ થતાં બીજી વખત ૨૫૦ કીલો અળદીયા, ૨૫૦ કીલો ગુંદરપાક બનાવી વિતરણ કરવામાં આવેલ. જેમાં પ્રમુખ સવિતાબેન તથા સર્વે હોદ્દેદારો તથા કારોબારી સભ્યોએ ખુબજ જહેમત લીધી હતી. 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન



શાંતિલાલભાઇ જેઠવાના આમંત્રણને માન આપી સૌ તેમની વાડીમાં સવારથી સાંજ સુધી પિકનીક મનાવવા ગયા હતા. ત્યાં બાજરાના રોટલા, રીંગણાનો ઓળો, લાપસીનું સ્વાદિષ્ટ ભોજન કર્યું હતું. દિપાબહેન દ્વારા બહેનોને રોમાંચક ગેમ રમાડી હતી. મહિલા મંડળ વતી શ્રીમતી કંચનબેનનું સન્માન કરવામાં આવ્યું હતું.

વસંતપંચમીના સમુહ લગ્નોત્સવમાં મંડળની બહેનો દ્વારા પૂજા વસ્તુઓની થાળી તૈયાર કરવામાં આવી હતી. દરેક કન્યાઓને મહિલા મંડળ તરફથી સોનાની બુટ્ટી ભેટ આપવામાં




આવી હતી. મંડળની બહેનોએ સ્વયંસેવક તરીકે તથા ભોજન પીરસાવવાની વ્યવસ્થામાં સહયોગ આપેલ.

માર્ચ મહિનામાં વિવિધ જાતના શરબત બનાવવાની પ્રતિયોગીતા રાખવામાં આવેલ. એપ્રિલ મહિનામાં અ.ભા.મ.મહામંડળના શ્રીમતી નયનાબેન રમેશભાઇ ચૌહાણે ગાયના ઘીમાંથી વિવિધ પ્રકારની ક્રીમ બનાવતા શીખવાડ્યું હતું. મે મહિનામાં મીતાબેન મનસુખભાઇ જેઠવા દ્વારા બહેનોને મડવર્ક શીખવવામાં આવેલ.

તા. ૨૮,૨૯,૩૦ મેના રોજ અંજાર મહિલા મંડળ દ્વારા આયોજીત ૫ થી ૧૩ વર્ષના બાળકો માટે વેકેશનમાં સમર કેમ્પનું



આયોજન કરેલ હતું. જેમાં બાળકોએ ખુબજ આનંદ-ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ચેતનાબેન અને અંકિતાબેન દ્વારા બાળકોને એક્ટીવીટી કરાવવામાં આવેલ. માટીકામ, કોલાજકાજ, રંગકામ, ચિત્રકામ, ગાયત્રી હવન, જપમાળા બાળકોએ સરસ રીતે ભાગ લઇને પ્રવૃત્તિઓ કરેલ હતી. મહિલા મંડળના હોદ્દેદારો અને કારોબારી બહેનોએ સાથ-સહકાર આપી સમરકેમ્પને સફળ બનાવેલ. કંચનબેન જેઠવા, પુનમબેન ટાંક, સવિતાબેન, મીનાબેન, પુષ્પાબેન, સંગીતાબેન, કાંતિભાઇ જેઠવાના પરિવાર વગેરે જેવા નામી-અનામી દાતાઓ દ્વારા સહકાર મળવાથી બાળકોનો ઉત્સવાહ વધારેલ હતો. ત્રણેય દિવસ બાળકોને નાસ્તો આપેલ, રીટર્ન ગીફ્ટ પણ આપેલ હતી. ૧૩૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. છેલ્લે દિવસે બાળકોએ પોતાના અનુભવ ટાંકતા કહ્યું હતું કે, આવા કેમ્પ દર વર્ષે અને ઘણા દિવસો માટે થવા જોઇએ. ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઇ ખોડિયાર તથા યુવા મંડળ પ્રમુખ શ્રી પ્રતિકભાઇ ટાંક, મહિલા મંડળ પ્રમુખ સવિતાબેન ચૌહાણના હસ્તે દીપ પ્રાગ્ટ્ય કરવામાં આવેલ હતું.

શ્રાવણ મહિનામાં મંડળ દ્વારા બે ધાર્મિક પ્રવાસોનું આયોજન ધમડકા, મોગલધામ, પાકડસર, ભૃગુઋષિ મંદિર, ફોટ મહાદેવ, લાખાણી ડુંગર, ૫૧ શક્તિપીઠ, જડેશ્વર મહાદેવનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરના ભોજની વ્યવસ્થા મ.મંડળ દ્વારા કરવામાં આવેલ. બાળકૃષ્ણને શણગારવાની પ્રતિયોગીતા કરેલ. આસો મહિનામાં નાની બાળાઓ માતાજી બનીને આવેલ. દરેક કુંવારિકાઓને મંડળ તરફથી હાર, કુંડળ, શણગાર તથા રોકડ રકમ આપવામાં આવેલ. યુવા મંડળ દ્વારા જન્માષ્ટમી ઉજવણીમાં મહિલા મંડળ કૃષ્ણ શણગાર તથા પ્રસાદની વ્યવસ્થા કરે છે. મંડળમાં નવરાત્રીમાં બેસ્ટ પ્લેયર બેસ્ટ રમત સ્પર્ધા રાખે છે. વિજેતાઓને ઇનામ આપે છે.

અંજાર ઘટક દ્વારા યોજાતા સમુહ પ્રસાદમાં બહેનો જમવાનું પીરસવાની તથા વ્યવસ્થામાં સહકાર આપે છે. યુવા મંડળ દ્વારા યોજાતી નવરંગ નવરાત્રીમાં માતાજીનો શણગાર, ફુલહાર, દિવેલ, પ્રસાદી, આરતીની થાળી તૈયાર કરાય છે. ઘટક તથા યુવા મંડળ સાથે દરેક પ્રવૃત્તિમાં બહુમુલ્ય સહકાર આપે છે.

નવી વિંગના બાંધકામમાં ૨,૫૧,૦૦૦નું માતબર ફાળો નોંધાવવામાં આવેલ છે. તેવી જ રીતે બોર્ડીંગ દ્વારા વોકેશનલ ટ્રેનિંગ કોર્ષ માટે ૫૧,૦૦૦ નું માતબર ફાળો નોંધાવેલ છે.

અખિલ ભારતીય સગપણ સંમેલન - ગાંધીધામ માટે ૧૧,૦૦૦ આપેલ હતા. મંડળની બહેનો વિસામા ગૃહમાં ડોસીમાએ અપાતા અનાજની કીટ બનાવવામાં પણ સહયોગ આપે છે. આમ, અંજાર મહિલા મંડળ સ્વતંત્ર રીતે તથા ઘટક, યુવા મંડળ સાથે દરેક સામાજીક પ્રવૃત્તિઓમાં અમુલ્ય સહકાર આપે છે. કચ્છ પ્રાદેશિક આયોજીત ગાંધીધામ મુકામે યોજાયેલ અ.ભા.લેવલના સગપણ સંમેલનમાં ઓગણીસ બહેનોએ મેન્ટર તરીકે સેવા આપેલ હતી. નવરાત્રી-૨૦૨૫ના પાંચમે નોરતે મહિલા મંડળ દ્વારા રાસગરબા હરિફાઇ રાખવામાં આવેલ હતી. ૫ થી ૫૦ વર્ષથી વધુ ઉંમરના બાળકો, યુવતીઓ, બહેનો માટે પાંચ ગ્રુપમાં બેસ્ટ વેશભૂષા અને બેસ્ટ પ્લે ગરબાનું આયોજન કરેલ હતું. દરેક ગ્રુપમાં બેસ્ટ ગરબા અને બેસ્ટ વેશભૂષામાં ૧ થી ૩ નંબરના વિજેતા બહેનોને મહિલા મંડળ દ્વારા ઇનામો આપવામાં આવેલ હતા. લગભગ ૧૫૦થી વધુ બહેનોએ ભાગ લીધેલ હતો. મહિલા મંડળ દ્વારા અલ્પાહાર કરાવવામાં આવેલ. ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઇ, યુવા મંડળ પ્રમુખ શ્રી પ્રતિભાઇ અને મહિલા મંડળ પ્રમુખ સવિતાબેન દ્વારા સમાપન, ઇનામ વિતરણ રાખેલ હતું. સૌ બહેનોના સાથ-સહકારથી કાર્યક્રમ સફળ થયો હતો.

## આદીપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ આદીપુર ઘટક મહિલા મંડળ દ્વારા યાત્રા પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. આ યાત્રા પ્રવાસનું આયોજન તા. ૧૪-૦૯-૨૦૨૫ના રોજ ભેડમાતા, લેર હનુમાનજી મંદિર, દેશલપરની બાજુમાં દાદાવાડી પાર્ક, ફોટડી મહાદેવ, આદિયોગી મહાદેવ અને ખારીનદી ભૂતનાથ મહાદેવ મંદિરે દર્શનનું આયોજન કરવામાં આવેલ. બપોરનો પ્રસાદ દાદાવાડી પાર્કમાં લીધેલ. બધાએ ભેડમાતા મંદીરની પાસે નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવી હતી અને સાંજે ખારી નદી ભૂતનાથ મહાદેવની આરતી અને પ્રસાદ લઇ સૌ રવાના થયેલ હતા. યાત્રા-પ્રવાસમાં બધી બહેનોએ ખુબજ આનંદ માણ્યો હતો.

અખિલ ભારતીય મેરેજ બ્યુરોમાં ગાંધીધામ સગપણ સંમેલન-૨૦૨૫માં મેન્ટરોની સેવા આપનાર મેન્ટરો અને હોદ્દેદારોનો પ્રવાસ તા. ૧૧-૦૯-૨૦૨૫ના રોજ આયોજન કરેલ.

દેશલપર સ્થિત દાદાવાડી ઉદ્યાનમાં પ્રસાદ લઇ ત્યાં ચર્ચા-વિચારણા કરી દરેક મેન્ટરોને ગીફ્ટ આપવામાં આવેલ. બપોર બાદ પ્રિતીદેવી મંદિર, જંગલેશ્વર મહાદેવ, આદી યોગી સ્મૃતિવન અને છેલ્લે સમાજની ભુજ બોર્ડીંગમાં અલ્પાહારની મજા માણી ત્યાર બાદ બધાજ આનંદ સાથે છુટા પડ્યા હતા.



# રક્ષક

મહત્વની એક નીર્જીવ વસ્તુ,
જી રક્ષણ કરે આખા ઘરનું.
અવિરત સેવા આપતું રહે,
તમને શાંતિથી રહેવા કહે.
રક્ષણ કરવા મને મજબુત બનાવો,
તમારી મર્જી ઉપર મને ચલાવો.
તમે ખોલો તો હું ખુલી જાઉં,
બંધ કરો તો બંધ થઇ જાઉં.
આપણે એનો ઘણો સહારો છે,
મને સંતોષને ચિંતા મુક્ત રાખે છે.
જો હું ઉઘડું ને બંધ જ ના થાઉં,
તો તમારૂ સુખ-ચૈન હું લઇ જાઉં.
દરવાજો કહો, કિવાડ કહો, ડોર કહો કે દ્વાર કહો,
સતત ઉભો રહીને રક્ષણ કરતો રહે.
બાથરૂમમાં જઇને એને બંધ કરો,
તો મન શોક્ત સ્નાન દિલથી કરો.
આખા વિશ્વમાં આનું ચલણ છે,
મંદિર, ટ્રેન, વિમાન, ઘરોમાં દરવાજા હોય છે.
નિર્ધન હોય રાજા મહારાજા હોય,
તું ન્યાય બધાને આપતો હોય.
અનંત કાળથી તું સજ્જ છો,
નિરંતર સર્વેની સેવામાં તત્પર છે.
દિલના દ્વાર ખોલી નાખો,
દાન-પુણ્ય કરવાની દાનત રાખો.
જીવનમાં જો સતકર્મ કરશો,
તો છેવટની ઘડીએ તમોને,
સ્વર્ગનું દ્વાર ઉઘાડું મળશે.
સ્વર્ગનું દ્વાર ઉઘાડું મળશે.




**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**



Unlock Your
Financial Future with Expert
***Mutual Fund Guidance!***

1. *Daily Investment tracking on personalized android app.*
2. *FREE Audio Video insights about mutual funds by industry leaders.*
3. *Investments starting from ₹1000/-.*
4. *Benefit from 17 years of personal investment experience*

**AMIT GOPAL CHAUHAN**
Mutual Fund Distributor

**12, Ashwamegh complex, Vijay Nagar, Anjar (Kachchh) Gujarat 370110**

**Contact : 8401482462, 8866933113**
**E-mail :** amit2462@agcmfd.com, **Website :** www.agcmfd.com

***Excel your personal financial Growth... Simply !***



## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૩૧-૦૧-૨૦૨૬ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.) Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

# શ્રી ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ, દુર્ગ ઘટક

રજી.નં. 1944



## દુર્ગ ઘટકના નવા ભવ્ય, બહુઉદ્દેશિય સુસજ્જીત સમાજ ભવન નિર્માણ હેતુ દાનદાતાઓંની યાદી

**રૂ. 61,000/-**
શ્રી મનોજભાઇ મોહનભાઇ ચૌહાણ
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 55,555/-**
શ્રી ચાવડા પરિવાર
દેશમા ગામ-કુંભારિયા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
શ્રી ઉમેશભાઇ રામજીભાઇ ચૌહાણ
દેશમા ગામ-કુકમા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
શ્રી જ્યોતિભાઇ માધવજીભાઇ ટાંક
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
શ્રી ચીમનભાઇ લગધીરભાઇ પરમાર
દેશમા ગામ- ગળપાધર, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
શ્રી જયેશભાઇ મોહનભાઇ વાઘેલા
દેશમા ગામ-સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
શ્રી દયારામભાઇ હિરજીભાઇ ટાંક
દેશમા ગામ- ખંભરા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
શ્રી બલરામભાઇ હરિલાલભાઇ ટાંક
દેશમા ગામ- નાગલપર, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
શ્રી મનસુખભાઇ હરિલાલભાઇ ટાંક
દેશમા ગામ-નાગલપર, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
ગં.સ્વ.નીતાબેન રમણિકભાઇ ટાંક
દેશમા ગામ- નાગલપર, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
શ્રી શ્રીકૃષ્ણ કુમાર હેમરાજભાઇ વાઘેલા
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 11,000/-**
શ્રી ખુશાલભાઇ પ્રેમજીભાઇ ચાવડા
દેશમા ગામ-લોવારિયા, હા.મુકામ- દુર્ગ

**રૂ. 5,000/-**
શ્રી નટવરલાલભાઇ ગોવિંદભાઇ ચૌહાણ
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ

સર્વે ભામાશાહો, ઉદાર દિલ દાનદાતાઓં, સેવાભાવી સમાજ બાંધવોંને હ્રદયનાં અંતઃકરણથી નમન-વંદન-અભિનંદન અર્પિત કરીયે છીએ... આપ સર્વેના આ મહાદાનનેં અમારા દુર્ગ ઘટકના સર્વે જન-જન વતી આભાર... આભાર..... આભાર.....

**....પીસેગાંવ, દુર્ગ સમાજ ભવન નિર્માણ સમિતિનાં સમસ્ત સભ્યગણોં.....**

**વિશેષ-** બહાર ગામથી કાર્ય હેતુ આવતા સમાજ બાંધવો માટે દુર્ગ સમાજ ભવનમા વ્યાજબી શુલ્ક સાથે રોકાવાની સગવડ ઉપલબ્ધ છે

માનવંતા દાનદાતાઓંની શેષ યાદી આવતા અંકમા સાદર જાહેર કરવામાં આવશે.....(યાદી અપૂર્ણ)

RAJUL #8839402752

# શ્રી કચ્છી ગુર્જર ક્ષત્રિય સેવા સમાજ ટ્રસ્ટ

## વડોદરા ઘટક

### વર્ષ ૨૦૨૫-૨૦૨૭ માટે નવી વરાયેલી કારોબારી સમિતિ



જગદીશભાઈ પુરૂષોત્તમભાઈ વરૂ
ઘટક રત્ન - સલાહકાર પ્રમુખ



પ્રભુલાલભાઈ ભવાનજીભાઈ રાઠોડ
પ્રમુખ



ગોરધનભાઈ શામજીભાઈ ચૌહાણ
ઘટક સંરક્ષક



કુમારભાઈ શરદભાઈ ચૌહાણ
ઉપ પ્રમુખ



તૃષારભાઈ મોહનલાલભાઈ ચૌહાણ
મંત્રી



અમૃતલાલભાઈ અર્જુનભાઈ ટાંક
ખજાનચી



દિનેશભાઈ મૂળજીભાઈ પરમાર
આંતરિક ઓડિટર



અશ્વિનભાઈ પ્રતાપભાઈ સોલંકી
સહમંત્રી



ડૉ. જયંતભાઈ દયારામભાઈ પરમાર
કારોબારી સભ્ય



જયંતભાઈ વલમજીભાઈ સોલંકી
કારોબારી સભ્ય



દિલીપભાઈ કેશવજીભાઈ ટાંક
કારોબારી સભ્ય



હરિભાઈ મોરારભાઈ પરમાર
કારોબારી સભ્ય



કમલભાઈ પુરુષોત્તમભાઈ વરૂ
કારોબારી સભ્ય



અશોકચંદ્ર બલરામભાઈ પરમાર
કારોબારી સભ્ય



નિલેશભાઈ પ્રતાપભાઈ સોલંકી
કારોબારી સભ્ય



સંજયકુમાર ચંદ્રકાન્તભાઈ ચાવડા
કારોબારી સભ્ય

ૐ ઐં હીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે



# શ્રી મોમાય માતાજી સ્થાનક - કુકમા

## નવનિર્વાચિત કારોબારી સભ્યો વર્ષ 2025 થી 2028

### પ્રમુખશ્રી



પ્રભુલાલભાઇ પુરષોત્તમભાઇ પરમાર
(ગાંધીધામ)

**ઉપપ્રમુખશ્રી**



રતિલાલભાઇ માવજીભાઇ પરમાર
(કુકમા)

**ઉપપ્રમુખશ્રી**



મહેન્દ્રભાઇ પરબતભાઇ પરમાર
(ગાંધીધામ)

**મંત્રીશ્રી**



જગદીશભાઇ લધુરામભાઇ પરમાર
(કુકમા)

**સહ મંત્રીશ્રી**



નિરવભાઇ મહેન્દ્રભાઇ પરમાર
(કુકમા)

**સહ મંત્રીશ્રી**



હિરેન જયશુખલાલભાઇ પરમાર
(કુકમા)

**ખજાનચીશ્રી**



પ્રભુલાલભાઇ હિરાભાઇ પરમાર
(કુકમા)

**સહ ખજાનચીશ્રી**



સ્નેહલભાઇ શાંતિલાલભાઇ પરમાર
(ભુજ)

**સહ ખજાનચીશ્રી**



દુર્ગેશભાઇ મહેન્દ્રભાઇ પરમાર
(કુકમા)

**વ્યવસ્થાપકશ્રી**



રજનીકાંતભાઇ વાલજીભાઇ પરમાર
(કુકમા)

**સહ વ્યવસ્થાપકશ્રી**



દિક્ષીતભાઇ અરુણભાઇ પરમાર
(કુકમા)

## નવ-નિર્વાચિત હોદ્દેદારોને ખૂબ ખૂબ અભિનંદન

## શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા આશ્વિન નવરાત્રી-હવનાષ્ટમિ ઉત્સવ તા. ૩૦.૦૯.૨૫ની તસવીરી ઝલક

**મહાપ્રસાદ દાતા : સ્વ. શિવજીભાઈ કાનજીભાઈ ચૌહાણ પરિવાર-રેહા, હ. સુપુત્રો શ્રી મોહનલાલભાઈ, શ્રી ભવાનભાઈ, શ્રી સુરેશભાઈ, શ્રી નવિનભાઈ, શ્રી રમેશભાઈ**



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય-કુકમાની સામાન્ય સભા તથા વિદ્યાર્થિની પુરસ્કાર સમારોહ, તા.૨૧/૯/૨૦૨૫ની તસવીરો

## વિદ્યાર્થિનીઓની સત્ર ફીના આજીવન દાતા : 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી પરિવાર-માધાપર



# શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ આયોજીત, કુકમા ઘટક સહકારિત કચ્છ પ્રાદેશિક સ્તરના સરસ્વતી સન્માન સમારોહની તસવીરી ઝલક



# તરાના કે.જી.કે. મ્યુઝીક ગ્રુપ મિલન સમારોહ-6 ભુટાન - ૨૦૨૫ની યાદગાર તસવીરો



# તરાના કે.જી.કે. મ્યુઝીક ગ્રુપ મિલન સમારોહ-6 ભુટાન - ૨૦૨૫ની યાદગાર તસવીરો





# Shruti Suresh Parmar

Heartiest congratulations on achieving great success

We are proud to share that our daughter

**Shruti Suresh Parmar**

has been awarded

**Distinction - Gold Medal**

in

**Department of Architecture**

at 13th Graduation Day

on 30th August 2025

at

Hyderabad Karnataka Education Society's

**Poojya Doddappa Appa College of Engineering**

Kalaburagi



Best wishes from :

**Smt. Girijaben G. Chawda (Nani)**
**Sri Suresh K. Parmar (Papa)**
**Smt. Rita S. Parmar (Mummy)**
**Smt. Mansi Sri Harshit Parmar (Bhabhi-Bhai)**
**Smt. Komal Sri Manish Rathod (Mami-Mama)**
**Parmar Family**


**LIC**

भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA



**LIC NAV JEEVAN SHREE GRAND LAUNCHING 11.07.2025**

| Policy Term | 10 to 13 | 14 to 17 | 18 to 20 | Minimum Insurance |
|---|---|---|---|---|
| Guaranteed Addition | 8.50 % | 9.00 % | 9.5 % | 5,00,000/- |

1. World strongest insurance brand **Rank No. 1**
2. Govt. Guarantee for **LIC payments (LIC act 1956)**
3. **69 years oldest** Insurance Company of India
4. **20 years** my experince (servicing since 2005)

LIC **ના EXISTING** પોલિસીધારકને **0.15%** વધારે મળશે. (9.5% +0.15%)

1 Time રોકાણ ભી ઉપલબ્ધ છે. **85/- PER THOUSAND** guaranteed

Contact also for Guaranteed lifetime income 5.5% monthly compounding

**બી.કે. ચાવડા (M.com.,LL.b.)**

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયપુર ઘટક દ્વારા સન્માન પ્રાપ્ત

(યુલિપ અને પેપરલેસ એક્સપર્ટ)

Timber Market, Fafadih, Raipur (C.G.) 93033-26127


# સેતુ સમાજ સંદેશ

## :: ખાસ નોંધ ::

સવિનય જણાવવાનું કે, સેતુ સમાજ સંદેશનો આગામી નવેમ્બર'૨૦૨૫નો અંક દિવાળી અંક રૂપે પ્રકાશીત થશે. આ અંકમાં વિશેષ વાચન અર્થે સમાજના સર્વે વડીલો, ભાઇ-બહેનો, યુવાઓ, બાળકોને દિવાળીને અનુલક્ષીને બોધ લેખ, સામાજીક લેખ, કાવ્ય, અન્ય વાચન સામગ્રી તા. ૦૫/૧૦/૨૦૨૫ સુધી મોકલી આપવાની રહેશે. ક્યા લેખો અને કાવ્યોને અંકમાં સ્થાન આપવું તેનો આખરી નિર્ણય સેતુ સમાજ સંદેશ સમિતિને રહેશે.

'સેતુ સમાજ સંદેશ'નો અંક દિવાળી તહેવારોના (તા. ૧૬-૧૦-૨૦૨૫ થી ૨૬-૧૦-૨૦૨૫ સુધી) કારણે સેતુ સમાજ સંદેશનું પ્રિન્ટીંગ ટાઇપીંગ કાર્ય બંધ રહેશે. જેથી નવેમ્બર'૨૫ના અંકમાં પ્રકાશીત કરવાની વિગતો મોડામાં મોડી તા. ૦૫-૧૦-૨૦૨૫ સુધી ફરજીયાતપણે ઇ-મેલ, વોટ્સએપ અથવા બાય પોસ્ટ દ્વારા મોકલી આપવાની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

**ડૉ. મનોજભાઇ પી. સોલંકી**
તંત્રીશ્રી, સેતુ સમાજ સંદેશ

**હિતેશભાઇ બી. ચૌહાણ**
મેનેજીંગ તંત્રીશ્રી, સેતુ સમાજ સંદેશ

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Dr. Sanket Chauhan

**Father** : **Umeshbhai Purushottambhai Chauhan**
Father's occ. : Govt. Sci. teacher (Recently retired)
**Mother** : **Bhavnaben Umeshbhai Chauhan**
Mother's occ. : Govt. Primary teacher
**Grandfather** : **Lt. Purushottambhai Mavjibhai Chauhan**
**Grandmother** : **Lt. Muktaben Purushottambhai Chauhan**
DOB : 16-03-1999 Place of birth : Bhuj (Kutch)
Height : 5' 7'' Blood group : O+
Edu.Qual. : MBBS (B. J. Medi. College, Ahmadabad)
M.D. (Medicine) (B. J. Med. College, Abd.)
Languages : English, Gujarati, Hindi
Desh ma gaam : Kukma, Bhuj
Kuldevi : Shri Bhramani Mata
Gotra : Vatsa
**Elder Brother** : **Vivek Chauhan** - Research Fellow,
Gujarat Institute of Desert Eco. (GUIDE),
Bhuj & Ph.D. Scholar, KSKV Kutch Uni., Bhuj
**Nana-Nani** : **Vijyaben Mahendra Amrutlal Parmar**
Kukma (Kutch)
**Mama Mami** : **Jagrutiben Kalpeshbhai Parmar -** Kukma
**Mota mummy Papa** : **Jyotsanaben Dipakbhai Chauhan**
Address : Vachli sheri, Kukma, Ta. Bhuj, Kachchh
**Contact No.** : **8238212093, 9409037675**



## Bhavik Parmar

Birth Date : 22nd Aug. 1999
Time of Birth : 10:10 pm
Birth Place : Okha
Height : 5ft. 5 in.
Weight : 55 Kg
Education : B.E. (Mechanical Eng.)
Occupation : Service (Saudi Arabia)
Salary : 1,25,000 / Month
Hobbies : Traveling, Learning about Investing,
Listening to music
Gotra : Bharadwaj
Kuldevi : Shri Momai Mataji (Kukma)
Native Place : Reha (Kutch)
**Father** : **Hareshbhai Parmar**
Occupation : Line Inspector (PGVCL) Retd.
**Mother** : **Nirmalaben Parmar** (Housewife)
**Brother** : **Akshay Parmar** (Elder) Married
Occupation : Service (Rajkot)
**Sister** : **3 (Elder) (All married)**
**Mosad** : **Bhagwanjibhai Damjibhai Tank** (Bhimrana)
**Contact No.** : **7624036439 (Hareshbhai Parmar)**
**9904362682 (Nirmalaben Parmar)**
**9227676091 (Bhagvanjibhai Tank-Mama)**
Address : "Saffron Bungalow", Kalyan Park,
Ghanteshwar, Rajkot (Gujarat)

આપણા સમાજના સર્વે ભાઈઓ અને બહેનો માટે

**સુવર્ણ તક**

ભગવાન શ્રીમહાકાલની નગરી અને ભવ્ય તીર્થસ્થળ ઉજ્જૈન પધારતા દરેક સમાજજનો માટે અમારી હોટેલમાં

**ખાસ ૨૦% ડિસ્કાઉન્ટ**

ની સુવિધા ઉપલબ્ધ છે.
આ પાવન અવસરનો લાભ લઈ અમને સેવાનો અવસર આપશો.

**HOTEL Shrimmaya GROUP UJJAIN**

Freeganj, Ujjain (M.P.) ☎ 0734 2514402 📞 +91 79998 90676
Email : shrimmaya@outlook.com www.shrimmaya.com

**અન્ય વિશેષ સેવાઓ**

- દરેક પ્રકારની પૂજા-પાઠ
- મંગલ દોષ નિવારણ પૂજા / કાલસર્પ દોષ પૂજા
- ભસ્મ આરતી તથા અભિષેક દર્શન
- ઉજ્જૈન દર્શનની સુવિધા પણ ઉપલબ્ધ

ભગવાન શ્રીમહાકાલની કૃપા સર્વે પર વરસતી રહે






**Shrimm Tours & Travels**

- International & Domestic Packages
- Flight, Cruise & All Ticketing
- MICE & Foreign Education
- All Country VISA & Forex

📞 +91 99933 60753 ☎ 0734 42530174
www.shrimmaya.com Email : travels.mp@shrimmaya.com

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. હિરાલાલ પ્રેમજીભાઈ જેઠવા

જન્મ તા. ૩૧-૦૧-૧૯૩૫ સ્વ. તા. ૨૧-૦૯-૨૦૨૫

દેશમાં ગામ : કુંભારિયા (કચ્છ)

હાલ મુકામ : દારૂલા કોલિયારી, પાન્ડવેશ્વર (પ.બંગાળ)

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ।।

જીવન એવું જીવી ગયાં, સૌના મનમાં વસી ગયાં, કર્મ એવાં કરતાં ગયાં, સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુઃખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલક્યા નહીં, કુટુંબ ભાવનાથી સૌના હૃદયમાં વસતા રહ્યા... તમારો હસમુખો ચહેરો અમોને કદી વિસરાશે નહીં, તમારી વસમી વિદાયથી અમારા જીવનમાં ન પૂરાય તેવી ખોટ પડી છે. પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં સ્વ. અનુસુયાબેન હિરાલાલ ભાઈ જેઠવા | (પત્ની) |
| શ્રી વિજય હિરાલાલ ભાઈ જેઠવા | (પુત્ર) |
| સૌ. યોગીતાબેન વિજય ભાઈ જેઠવા | (પુત્રવધૂ) |
| દિક્ષાબેન, આસ્થાબેન | (પૌત્રી) |
| મિનાબેન શ્યામસુંદર ભાઈ ચાવડા | (પુત્રી-જમાઈ) |
| સંગીતાબેન પ્રવિણ ભાઈ રાઠોડ | (પુત્રી-જમાઈ) |
| મમતાબેન સોહનલાલ ભાઈ ખોડીયાર | (પુત્રી-જમાઈ) |
| દીપ્તિબેન શંકરલાલ ભાઈ ચાવડા | (પુત્રી-જમાઈ) |

**સમસ્ત જેઠવા પરિવારના જયશ્રી કૃષ્ણ**

# દ્વિતીય વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. દમયંતીબેન દિપકભાઈ સોલંકી

| જન્મ | સ્વર્ગવાસ |
|---|---|
| ૨૦-૩-૧૯૬૪ | ૨૧-૧૧-૨૦૨૩ |

**મુળ ગામ : જાંબુડી, હાલ મુકામ : કુકમા (તા. ભુજ-કચ્છ)**

આપનું સાદગીભર્યું અને પરોપકારી જીવન અમારા માટે સદૈવ પ્રેરણાદાયી બની રહેશે. તમોએ આપેલ અમૂલ્ય સંસ્કારોના વારસાને અમો દિપાવીશું. કર્મનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, કરૂણાસાગર, આનંદમયી, સમભાવ, સહૃદયતા જેવા ગુણોથી ભરપૂર તમારૂં વ્યક્તિત્વ અમારા હૃદયમાં અમર રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અને સદ્‌ગતી પ્રદાન કરે અને મોક્ષ આપે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: આપના પરિવારજનો ::**

સ્વ. કસ્તુરીબેન રણછોડભાઈ વરૂ (મોટી નાગલપર) (માતા-પિતા)

સ્વ. ચંપાબેન ધનજીભાઈ સોલંકી (સાસુ-સસરા)

દિપકભાઈ ધનજીભાઈ સોલંકી (પતિ)

કપિલભાઈ દિપકભાઈ સોલંકી (પુત્ર)

દિપ્તીબેન કપિલભાઈ સોલંકી (પુત્રવધુ)

સ્વ. મોહીત દિપકભાઈ સોલંકી (પુત્ર)

નવ્યા (પૌત્રી), પ્રિત (પૌત્ર)

**તથા સમસ્ત સોલંકી પરિવાર (જાંબુડી) કુકમા**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. વ્રજલાલ પરબતભાઈ ચૌહાણ

**સ્વ. તા. ૦૪-૦૯-૨૦૨૫, ગુરૂવાર,**

**મુળ ગામ : કુકમા, હાલ મુકામ : વિશાખાપટ્ટનમ (આ.પ્ર.)**

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

જીવન એવું જીવી ગયા કે સહુના દિલમાં વસી ગયા. આપનો આનંદીત અને સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શી રૂપે અમારી સાથે રહેશે. આપની ધર્મભાવના, કુટુંબ પ્રેમ, સાદગીભર્યું જીવન, પ્રમાણીક્તા જેવા ગુણો અમોને સદા પ્રેરણા આપતા રહેશે... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પણ કરે એજ પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. પુષ્પાબેન વ્રજલાલભાઈ ચૌહાણ | પત્ની |
| કુ. પૂર્ણિમાબેન વ્રજલાલભાઈ ચૌહાણ | પુત્રી |
| કુ. માયાબેન વ્રજલાલભાઈ ચૌહાણ | પુત્રી |
| સુરેશ વ્રજલાલભાઈ ચૌહાણ | પુત્ર |
| પંકજ વ્રજલાલભાઈ ચૌહાણ | પુત્ર |
| સીમાબેન સુરેશભાઈ ચૌહાણ | પુત્રવધુ |
| દિપિકાબેન પંકજભાઈ ચૌહાણ | પુત્રવધુ |
| રોહન સુરેશભાઈ ચૌહાણ | પૌત્ર |
| કુ. દેવાંશી પંકજભાઈ ચૌહાણ | પૌત્રી |
| ચિ. લક્ષ્ય સુરેશભાઈ ચૌહાણ | પૌત્ર |

**સમસ્ત ચૌહાણ પરિવારના જયશ્રી કૃષ્ણ**

# આઠમી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી



જન્મ
૨૬ માર્ચ ૧૯૮૫

સ્વર્ગવાસ
૧૮ નવ્હેંબર ૨૦૧૭

## સ્વ. વૈભવ રસિકલાલ રાઠોડ

કુંભારિયા-ઔરંગાબાદ-મહારાષ્ટ્ર

રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી, દરેક ક્ષણે યાદ આવે છે અમને ગેરહાજરી તમારી,
સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, આશાઓ અમારી અધુરી રહેશે ક્યાં ખબર હતી,
અચાનક આંખડી મીચાંઈ જશે ક્યાં ખબર હતી.
રહી ગઈ છબી તસ્વીરમાં, રહે મૃત્યુબાદ સ્મરણોની છાયા, રડતા મુકી ચાલ્યા ગયા લગાડી અમોને સૌને માયા,
સ્વપ્નો થઈ ગયા ચકનાચુર, અમારી આશાઓ અધુરી રહી ગઈ.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતી આપે એજ પ્રાર્થના

### શોકમગ્ન પરિવારજનો

| | |
|---|---|
| સ્વ. દયારામભાઈ પ્રેમજી રાઠોડ (દાદા) | શ્રીમતી લિલાબેન દયારામભાઈ રાઠોડ (દાદી) |
| રસિકભાઈ દયારામભાઈ રાઠોડ (પિતા) | અ.સૌ. રેખાબેન રસિકભાઈ રાઠોડ (માતા) |
| રોહન બાબારાવ રાઊત (બનેવી) | અ.સૌ. વૃશાલી રોહન રાઊત (બેન) |
| ડૉ. સુનિલભાઈ દયારામભાઈ રાઠોડ (કાકા) | અ.સૌ. રાજેશ્રી સુનિલભાઈ રાઠોડ (કાકી) |
| રાજેંદ્રભાઈ દયારામભાઈ રાઠોડ (કાકા) | અ.સૌ. પ્રિતીબેન રાજેંદ્રભાઈ રાઠોડ (કાકી) |
| વિનયભાઈ દયારામભાઈ રાઠોડ (કાકા) | કુ. મોયરા રોહન રાઊત(ભાણેજી) |
| કિર્તીકુમાર ભવાનજી પરમાર (મામા) | અ.સૌ. રેણુબેન કિર્તીકુમાર પરમાર (મામી) |
| કેતકીબેન તન્મયભાઈ ટાંક (બેન) | સંકેત સુનિલભાઈ રાઠોડ (ભાઈ) |
| વિનિત રાજેંદ્રભાઈ રાઠોડ (ભાઈ) | અ.સૌ. પ્રિયંકા વિનીત રાઠોડ (ભાભી) |
| પાર્થ રાજેંદ્રભાઈ રાઠોડ (ભાઈ) | અ.સૌ. પાયલ પાર્થ રાઠોડ (ભાભી) |

## ૧૮મી પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



# સ્વ. દયારામભાઈ પ્રેમજીભાઈ પઢિઆર

**સ્વ. તા. ૧૫-૧૧-૨૦૦૭**

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી નૈનં દહતિ પાવક । ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ।।**

અંજલી માટે શબ્દો ઓછા પડે, પુષ્પાંજલિ માટે પુષ્પો ઓછા પડે, આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,તમારી મીઠી તસ્વીર જોઇ સ્મરણ તમારું આવે છે.... સ્નેહ લાગણીથી હૃદયમાં સૌના વસતા રહ્યા, જીવનની હર પલ હસતા-હસાવતા રહ્યા, ચંદનની જેમ ઘસાઈને સુવાસ ફેલાવતા રહ્યા, ૧૮મી પુણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાસુમન... પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | | | |
|---|---|---|---|
| નરેન્દ્ર દયારામ પઢિઆર | પુત્ર | સ્વ. ગિરધરલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | ભાઈ |
| ભાવના નરેન્દ્ર પઢિઆર | પુત્રવધુ | શ્રી નંદલાલ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | ભાઈ |
| દિનેશ દયારામ પઢિઆર | પુત્ર | શ્રી ઘનશ્યામ પ્રેમજી પઢિઆર સમસ્ત પરિવાર | ભાઈ |
| લતા દિનેશ પઢિઆર | પુત્રવધુ | સ્વ. હંસા મનહર ચૌહાણ | દિકરી-જમાઈ |
| કનક દયારામ પઢિઆર | પુત્રી | દમયંતી રમેશ ચૌહાણ | દિકરી-જમાઈ |
| પૂજા મ્રિદુલ ચૌહાણ | પૌત્રી-જમાઈ | ભાવના દેવેશ ટાંક | દિકરી-જમાઈ |
| રક્ષીના શીવેન શ્રીવાસ્તવ | પૌત્રી-જમાઈ | અર્જુન મનહર ચૌહાણ | દોહીત્ર |
| દિશા જીગર શાહ | પૌત્રી-જમાઈ | પલ્લવી સુર્યકાન્ત રાઠેડ | દોહીત્રી-જમાઈ |
| ખ્યાતી દિનેશ પઢિઆર | પૌત્રી | ઘનશ્યામ રમેશ ચૌહાણ | દોહીત્ર |
| અનુષ્કા દિનેશ પઢિઆર | પૌત્રી | નકુલ દેવેશ ટાંક | દોહીત્ર |

## સમસ્ત પઢિઆર પરિવાર

**:: નિવાસ સ્થાન ::**
"પ્રેમવિલા"
પ્લોટ નં. ૪૦૬, જી.આઇ.ડી.સી. કોલોની,
ઉમરગાંવ, જી. વલસાડ (ગુજ.)

**:: ફર્મ ::**
Grindbeck Unit I & II
Gujarat Cork & Rubber Pvt. Ltd.
Agglo Cork Pvt. Ltd. Umergaon
Puja Insulation - Baroda

# દ્વિતીય વાર્ષિક શ્રદ્ધાંજલિ



જન્મ : ૧૯.૦૨.૧૯૫૪ સ્વર્ગવાસ : ૧૧.૧૧.૨૦૨૩

## સ્વ. મનોહરભાઈ હીરજીભાઈ ટાંક (ઉ.વ.૬૯)

દેશમાં ગામ : કુકમા હાલ મુકામ : સિવની (મ.પ્ર.)

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
ધર્મ કદી ભૂલ્યા નહિં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા...
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને સદ્‌ગતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

**ગં.સ્વ. અરૂણાબેન મનોહરભાઈ ટાંક**

| | |
|---|---|
| લેખાંશુ મનોહરભાઈ ટાંક (પુત્ર) | વિરાજ લેખાંશુભાઈ ટાંક (પૌત્ર) |
| ગુંજન લેખાંશુભાઈ ટાંક (પુત્રવધુ) | પર્વ લેખાંશુભાઈ ટાંક (પૌત્ર) |
| એક્તા નિરજભાઈ ટાંક (પુત્રી) | પાન્યા નિરજભાઈ ટાંક (દોહિત્રી) |
| નિરજ કિશોરભાઈ ટાંક (જમાઈ) | હેનલ નિરજભાઈ ટાંક (દોહિત્રી) |

**સમસ્ત ટાંક પરિવાર**

:: સંબંધીત ફર્મ ::

| | | |
|---|---|---|
| M/S. MANOHARBHAI TAUNK<br>AUTHORISED DISTRIBUTOR<br>NAKODA TMT – संकल्प मजबूती का, रिश्ता सदियों का!<br>TATA TISCON – JOY OF BUILDING | M/S. VIRAJ TAUNK<br>DEALER<br>TATA WIRON<br>Mob. 9755576659<br>TATA Wiron – बांधे रिश्तों के तार | M/S. SHRI MANOHARBHAI TAUNK<br>DEALERS<br>TATA SHAKTI & AMBUJA CEMENT<br>TATA SHAKTEE – LIVE WITH PRIDE<br>Ambuja Cement |

Lucky Taunk - 9425438499
Add : Near Railway Crossing, Nagpur Road, Post & Dist. : SEONI (MP) Ph. 07692 220158

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## ભુજ ઘટક





ભુજ ઘટક દ્વારા મહિલા મંડળ અને યુવા મંડળના સહયોગથી શક્તિ અને આરાધનાના પર્વ એવા નવરંગ નવરાત્રી મહોત્સવનું આયોજન શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ સંચાલિત રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન મધ્યે કરવામાં આવેલ હતું. દરરોજ માતાજીની આરતી, સ્તુતિ અને થાળની પ્રસ્તુતિ કરી માધવ સાઉન્ડના સથવારે આપણી સંસ્કૃતિને અનુરૂપ રાસ-ગરબા રમી માતાજીનું સ્મરણ કરવામાં આવતું હતું. તેમજ નાના બાળકોથી માંડીને વડીલો સુધીની વિવિધ વયના ખેલૈયાઓ માટે દરરોજ વિવિધ મનોરંજક સ્પર્ધાઓ સાથે આરતી, વેશભુષા જેવી હરીફાઇઓ રાખવામાં આવતી હતી.

ઘટક પ્રમુખ ડૉ. દેવેન્દ્રભાઇ પરમાર, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ સ્નેહલભાઇ પરમાર તથા ભુજ વિદ્યાર્થી ભવનના પ્રમુદ દિપકભાઇ ચૌહાણના માર્ગદર્શન હેઠળ નવરાત્રી મંડળ આયોજનની ટીમે વ્યવસ્થા સંભાળી હતી. નવરાત્રી મહોત્સવમાં અતિથી મહાનુભાવો રૂપે મહાસભાના આદ. પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખ બ્ર.કુ. બાબુભાઇ પરમાર, કચ્છ પ્રાદેશિક પ્રમુખ બાબુભાઇ ચૌહાણ, મહાસભાના ઝોનલ પ્રમુખ પ્રભુલાલભાઇ રાઠોડ, ઓરિસ્સા પ્રા. પ્રમુખ નિતીનભાઇ વરૂ તથા મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી ભૂમિકાબેન વરૂએ હાજરી આપી પ્રસંગની શોભા વધારી હતી.

સમાજરત્નશ્રી વિનોદભાઇ સોલંકીએ ભુજ ઘટકના સંગઠન અને આતિથ્ય ભાવની પ્રસંશા કરી નવરાત્રીની શુભેચ્છા પાઠવી હતી. ભુજ ઘટક દ્વારા તમામ અતિથિઓનું સ્વાગત સન્માન કરવામાં આવેલ હતું. વિજ્યાદશમીના દિવસે સમાપન સમારોહમાં આયોજીત સરસ્વતિ સન્માન અને મહાપ્રસાદ કાર્યક્રમના અતિથી તરીકે મહાસભાના માનદ્ સભ્ય અને સ્પેશ



ટેકનોક્રેટ વિપીનભાઇ દેવરામભાઇ રાઠોડ તથા અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી લીનાબેન રાઠોડ સાથે મહાસભાના ઉપપ્રમુખ વિનોદભાઇ ચૌહાણ, મેરેજ બ્યુરો સમિતિના પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકી, ઝોનલ પ્રમુખ પ્રભુલાલભાઇ રાઠોડ, મહાપ્રસાદના દાતા શ્રીમતી નિર્મળાબેન તથા શ્રી વ્રજલાલભાઇ સામજીભાઇ પરમાર તેમજ સરસ્વતી સન્માનના દાતા શ્રીમતી સરિતાબેન તથા શ્રી શાંતિલાલ રામજીભાઇ પરમાર, ઘટક, યુવા મંડળ, મહિલા મંડળના



પ્રમુખશ્રીઓ સાથે મંચસ્થ રહી દીપ પ્રાગટ્ય કરેલ હતું.

ભુજ મહિલા મંડળના બહેનોએ પ્રભુ પ્રાર્થના, કુ. ઉન્નતિ રાઠોડે બાંસુરી વાદન, મનન રાઠોડે ઓર્ગન પર ઇન્સ્ટ્રુમેન્ટલ દાંડીયા તથા નાના બાળકો આર્યા રાઠોડ, સંભવી વાઘેલા, હર્ષવર્ધન રાઠોડ, ભવ્ય ચાવડા, વિહાન રાઠોડ, કેવલ પરમારએ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરેલ હતી. ત્યાર બાદ મંચસ્થ મહાનુભાવો અને સરસ્વતી સન્માનના કાયમી દાતાશ્રીઓના હસ્તે છાત્રોને પુરસ્કૃત કરતાં ઇનામો અને પ્રમાણપત્ર આપવામાં આવેલ હતા તેમજ નવરાત્રી મહોત્સવની વિવિધ સ્પર્ધાના વિજેતાઓને પણ ઇનામો આપવામાં આવેલ હતા. તેમજ અતિથિઓ, મહાપ્રસાદ અને સરસ્વતી સન્માન દાતાશ્રીઓ અને આયોજનમાં સહયોગ આપનાર અજીતભાઇ પરમાર (માધવ સાઉન્ડ), ભુજ ભવન સ્ટાફના અરવિંદભાઇ, હેતલબેન તથા ભવ્ય ચાવડાનું સન્માન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ સૌએ સાથે મળી મહાપ્રસાદ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ઝીલ વિનોદભાઇ ચૌહાણ તથા ગીતાબેન દિલીપભાઇ ચૌહાણે કરેલ હતું. ત્રણેય સંસ્થાના હોદ્દેદારો વિજયભાઇ સોલંકી, દિપકભાઇ ચૌહાણ, ધીરેનભાઇ ટાંક, સુરેશભાઇ પરમાર, હસ્મિતાબેન પરમાર, માયાબેન ચૌહાણ, મીનાબેન ચૌહાણ, ભાવિકા વાઘેલા, રાખીબેન જેઠવા, ભાનુબેન વેગડ, રસિલાબેન પરમાર, ભાવેશભાઇ રાઠોડ, જયેશભાઇ ટાંક, હિતેશભાઇ વેગડ, જીતેશ ચાવડા, નૌતમભાઇ રાઠોડ એ વ્યવસ્થા સંભાળી હતી.

## પૂર્વ ઓડિશા પ્રા.સ.



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા પ્રેરીત, રાયપુર ઘટક સહકારીત તથા ઓડિશા પ્રાદેશિક સમિતિ દ્વારા આયોજીત થનારી સમુહ ભાગવત કથા, મહાસભાનું વાર્ષિક અધિવેશન તથા સગપણ સંમેલનની તૈયારીઓ માટે રાયપુરથી આયોજન સમિતિના સદસ્યો શ્રી ભરતભાઇ ચાવડા, શ્રી રસિકભાઇ પરમાર, શ્રી વિનોદભાઇ ટાંક, શ્રી ગૌરવભાઇ ચાવડા, શ્રી યુધીરભાઇ વરૂ તથા શ્રી ધીરજલાલભાઇ પરમાર તા. ૧૯-૦૯-૨૫ના પુરી પધાર્યા હતા. કટકથી આયોજન સમિતિના સહપ્રભારી શ્રી દિનેશભાઇ ટાંક, શ્રી સિદ્ધાર્થભાઇ રાઠોડ, શ્રી જૈમિતભાઇ ટાંક તથા ભુવનેશ્વરથી શ્રી રાજેશભાઇ રાઠોડ તથા શ્રી અતુલભાઇ ચાવડા તેમની સાથે જોડાયા હતા. તેઓએ આયોજનની બધી વ્યવસ્થા વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તે પહેલા સૌ સદસ્યોએ તા. ૧૮-૦૯-૨૦૨૫ના અંગુલ ઘટકની મુલાકાત લીધી હતી. અંગુલ ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઇ ટાંકની અધ્યક્ષતામાં આયોજીત સભામાં આ આયોજન વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી.

તા. ૨૦-૦૯-૨૦૨૫ના રાયપુરથી પધારેલ સૌ સદસ્યો કેંજોરગઢની મુલાકાતે પધાર્યા હતા. આ પ્રસંગે કેંજોરગઢ ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ પરમારની અધ્યક્ષતામાં આયોજીત



સભામાં સૌ પ્રથમ કેંજોરગઢ ઘટકના પદાધિકારીઓ દ્વારા સૌ અતિથિઓનું પુષ્પગુચ્છ આપી તથા સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ ઉપસ્થિત અતિથિઓએ પુરીમાં આયોજીત કાર્યક્રમો વિષે જાણકારી આપી હતી તથા ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. અંતમાં ઘટક મંત્રી તથા પ્રા. મંત્રી શ્રી મનોજભાઇ ચાવડાએ સૌ અતિથિઓ તથા ઉપસ્થિત સૌ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ સૌ સદસ્યો રાઉરકેલા પહોંચ્યા હતા. ત્યાં આયોજનના અધ્યક્ષ શ્રી ભુપેન્દ્રભાઇ પરમારના નિવાસ સ્થાને સભા રાખવામાં આવેલ હતી. જેમાં પશ્ચિમ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રી નિતીનભાઇ વરૂ તથા પૂર્વ પ્રમુખ શ્રી દિનેશભાઇ પરમાર તથા અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત હતા.

## કેંજોરગઢ ઘટક



કેંજોરગઢ ઘટક સમાજવાડીમાં ઘટક દ્વારા મહિલા મંડળ તથા યુવા મંડળના સહયોગથી નવરાત્રી મહોત્સવનું આયોજન ખુબજ ધામધૂમથી કરવામાં આવેલ હતું. તા. ૨૨-૦૯-૨૦૨૫ થી તા. ૦૨-૧૦-૨૦૨૫ સુધી દરરોજ રાત્રે ૯.૦૦ વાગ્યે આરતી કરી બધા ભાઇઓ તથા બહેનો ખુબજ ઉત્સાહથી રાસગરબા લેતા હતા. આઠમના દિવસે સવારે માતાજીનો હવન કરવામાં આવેલ હતો તથા રાત્રે બાળકો થા બહેનો દ્વારા ખાસ આકર્ષક રાસ લેવામાં આવેલ હતા.

ઓડિશાના માન્યવર મુખ્યમંત્રી શ્રી મોહન ચરણ માંઝી, વિધાયક ડૉ. ફકીર મોહન નાયક, જીલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી સુખદેવ મહાંતો, મ્યુનિસિપલ ચેરપર્સન શ્રીમતી નીકુ સાહુ, ડી.આઇ.જી. શ્રી બ્રિજેશ રાય, કલેકટર શ્રી વિશાલ સિંહ, આરક્ષિ અધિક્ષક શ્રી નીતિન કુશલકર, ડી.એફ.ઓ. શ્રી એચ.ડી. ધનરાજ તથા અન્ય વિશેષ અતિથિઓ આઠમના દિવસે સમાજવાડીમાં ઉપસ્થિત રહી માતાજીના દર્શન તથા રાસગરબાનો લ્હાવો લીધો હતો.

માન્યવર મુખ્યમંત્રી તથા સૌ વિશેષ અતિથિઓ રાત્રે ૧૦.૩૦ વાગ્યે સમાજવાડી પહોંચ્યા હતા. ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ પરમારે તેમનું સ્વાગત કર્યું હતું. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન યાદવએ આરતી ઉતારી તથા બાળાઓ તથા બહેનોએ પુષ્પ દ્વારા સૌ અતિથિઓનું સ્વાગત કર્યું હતું. બહેનો દ્વારા પ્રભુ પ્રાર્થના ગાયા બાદ માન્યવર મુખ્યમંત્રી માતાજીના દર્શન કરી અન્ય વિશેષ અતિથિઓ સાથે મંચ પર બિરાજ્યા હતા. ઘટક પ્રમુખ તથા પદાધિકારીઓ દ્વારા પુષ્પગુચ્છ આપી તથા શાલ ઓઢાડી મુખ્યમંત્રી તથા સૌ અતિથિઓનું સ્વાગત કરવામાં આવેલ હતું. ઘટક મંત્રી શ્રી મનોજભાઇ ચાવડાએ મુખ્યમંત્રી, ઉપસ્થિત સૌ વિશેષ અતિથિ, મિડિયા ભાઇઓ તથા ઉપસ્થિત સૌ ભાઇઓ-બહેનોનું અભિવાદન કર્યું હતું તથા મંચ સંચાલન કર્યું હતું.

બાળકો, બાળાઓ તથા મહિલાઓ દ્વારા ખાસ આકર્ષક




રાસ પ્રસ્તુત કરવામાં આવેલ હતા. ત્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ તથા મુખ્યમંત્રીએ તેમનું ઉદ્‌બોધન આપ્યું હતું. મુખ્યમંત્રીએ તેમના ઉદ્‌બોધનમાં આપણા સમાજ સાથે તેમનો ઘણો જુનો સંબંધ વિશે જણાવ્યું હતું. ઘટક પદાધિકારીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીને ગણેશજીની પ્રતિમા ભેટ આપવામાં આવેલ હતી. કાર્યકારી સભ્ય શ્રી જગદીશભાઇ રાઠોડ દ્વારા મુખ્યમંત્રીને વિશેષ ફળોના વૃક્ષોના રોપા ભેટ આપવામાં આવેલ હતા. યુવા મંડળ પ્રમુખ શ્રી શિવકુમાર રાઠોડે મુખ્યમંત્રીશ્રી તથા ઉપસ્થિત સૌ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં મુખ્યમંત્રીએ સૌ ભાઇઓ તથા બહેનો સાથે મુલાકાત કરી વિદાય લીધી હતી.

દસેરાના દિવસે રાસગરબા બાદ માતાજીના ગરબાનું વિસર્જન કરવામાં આવેલ હતું. આ ઉપલક્ષે ફેન્સી ડ્રેસ, ડ્રોઇંગ, સર્વોત્તમ રાસ જેવી અનેક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું તથા ઇનામો આપવામાં આવેલ હતા. તા. ૦૪-૧૦-૨૦૨૫ બારસના દિવસે સમાજનું સમુહ ભોજનનું



આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઘટકના સૌ ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહી સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો. તા. ૦૬-૧૦-૨૦૨૫ના શરદપૂનમ અવસરે સમાજવાડીમાં રાસગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. રાત્રે ૧૦.૦૦ વાગ્યે આરતી બાદ ઉપસ્થિત સૌ ભાઇઓ-બહેનોએ ખુબ ઉત્સાહથી તથા ભક્તિભાવથી કાનુડાના રાસ લીધા હતા.

## માધાપર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા માધાપર સમાજ ભવન મધ્યે તા. ૧૭-૦૯-૨૦૨૫, બુધવારના રોજ સુવર્ણપ્રાશન ઔષધિ પીવડાવવાનો આઠમો કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૧૫૮



બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિ:શુલ્ક પીવડાવવામાં આવેલ હતા. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૧૫૮ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિ:શુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ છોટાલાલ નાનાલાલ વરૂ અને રાજેશભાઇ રસિકભાઇ ચાવડાએ

જહેમત ઉઠાવી હતી અને તેમના વરદ હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક અને રામકૃષ્ણ મઠ ભુજ દ્વારા આયોજીત દરેક સમાજ માટે નિ:શુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પ માધાપર સમાજ ભવન મધ્યે તા. ૦૮-૧૦-૨૦૨૫ના બુધવારના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ દરેક સમાજના લોકો માટે ફીમાં નિદાન કરી એક માસની ફીમાં દવાઓ આપવામાં આવેલ હતી. રામકૃષ્ણ મઠ-ભુજના ડૉ. યશ્વી પરમાર અને ડૉ. હિરલ આહિરે સેવા આપેલ હતી. નિ:શુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પમાં કુલ ૬૩ લોકોએ પોતાનું નિદાન કરાવેલ હતું. કેમ્પમાં માધાપર ઘટકના મંત્રી શ્રી દિપકભાઇ નરસિંહભાઇ ચૌહાણ, શ્રી છોટાલાલભાઇ નાનાલાલભાઇ વરૂ, શ્રી કાન્તીભાઇ વિશ્રામભાઇ સોલંકી અને શ્રી રાજેશભાઇ રસિકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવેલ હતી.

## રાંચી ઘટક






શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાંચી ઘટક દ્વારા શુક્રવાર, તા. ૧૩-૯-૨૦૨૫ના શુભ દિવસે શ્રી રામદેવપીર જયંતિ મહોત્સવ ઉજવવામાં આવેલ. આ અવસરે શ્રીમતી મમતાબેન નરેન્દ્રભાઇ ટાંકના ઘરેથી સમાજની મહિલાઓ દ્વારા કળશયાત્રા વાજતે-ગાજતે નિકાળવામાં આવી હતી.

કળશયાત્રા ગુજરાતી સ્કુલમાં પહોંચીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ અવસરે રામદેવપીર બાપાના ભજન, પૂજા તથા રાત્રે ૧૨ વાગે આરતી અને જન્મોત્સવ મનાવવામાં આવેલ. લગભગ ચાર સો સમાજબંધુઓએ મહાપ્રસાદનો આનંદ લીધો હતો. આયોજનમાં શ્રી દિલીપભાઇ વાઢેર, શ્રી હિતેશભાઇ ચૌહાણ, શ્રી લલીતભાઇ રાઠોડ અને શ્રી પ્રમોદભાઇ ચૌહાણનો સહયોગ મળ્યો હતો.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાંચી ઘટક દ્વારા પ્રત્યેક વર્ષની જેમ આ વર્ષે પણ સ્થાનીય ગુજરાતી સ્કુલના પ્રાંગણમાં નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું.

સમાજની મહિલાઓ અને યુવા-યુવતીઓએ રાસગરબા રમીને માતાજીની આરાધના કરેલ હતી. આ અવસરે સમાજની ભજન મંડળીના સદસ્ય શ્રી કાન્તીભાઇ સોલંકી, હિતેશભાઇ ચૌહાણ, જિતેન્દ્રભાઇ ચૌહાણ, જિતેન્દ્રભાઇ વાઢેર, નિતિનશભાઇ ચૌહાણ, પરેશભાઇ સોલંકી દ્વારા રાસ ગરબા ગાઇને સમાજબંધુઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ વર્ષે દુર્ગાપૂજા દરમ્યાન રામલલા પૂજા સમિતિ દ્વારા સ્થાનીય જિલ્લા સ્કુલ મેદાનમાં કચ્છ ભુજ સ્વામિનારાયણ મંદિરની થીમ પર ભવ્ય પૂજા પંડાલનું નિર્માણ કરવામાં આવેલ હતું.

## આદીપુર ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ આદિપુર ઘટકના સમાજ ભવન મધ્યે આસો નવરાત્રીના શુભ પર્વ નિમિત્તે તા. ૨૨-૦૯-૨૦૨૫, સોમવારના રોજ નવરાત્રી મહોત્સવ અંતર્ગત પ્રથમ નોરતાની ઉજવણી આદીપુર ઘટક દ્વારા યુવા મંડળ આયોજીત તથા મહિલા મંડળ સહકારીત આદીપુર સમાજ ભવન મધ્યે હોલમાં ખુબજ ઉત્સાહ સાથે કરવામાં આવેલ. રાસગરબા મહોત્સવમાં ઘટકના ભાઇઓ-બહેનો, યુવાઓ તથા વડીલો અને બાળકોએ બહોળી સંખ્યામાં ભાગ લઇ રાસગરબા-દાંડીયારાસ ઉત્સવને સફળ બનાવેલ.

ઘટક સમાજ ભવનના નવીનીકરણના ભાગરૂપે સમાજ ભવનની આગળ-પાછળના ભાગે તથા રસોડામાં ટાઇલ્સ લગાવવાનું તથા રંગરોગાનનું કામ ચાલુમાં છે. કેળવણી મંડળ આયોજીત કચ્છ પ્રા. સ્તરના સરસ્વતી સન્માન સમારોહમાં ઘટકના ચાર વિદ્યાર્થીઓને ઇનામ મળેલ હતા.




**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક**

250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,

પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮

મો. 8007161696





**વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક**

૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)

મો. 8128948884,

E-mail : pdtank@gmail.com


**યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.**

# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

## પુરી (ઓરિસ્સા) મુકામે આયોજીત વાર્ષિક અધિવેશનમાં ભાવભર્યું આમંત્રણ

### કાર્યવાહક સમિતિ અને સામાન્ય સભાની સંયુક્ત બેઠકની કાર્યસૂચી

સહર્ષ નિવેદન કે, પૂર્વ ઓરિસ્સા પ્રાદેશિક સમિતિના સ્નેહમય નિમંત્રણથી અખિલ ભારતીય યુવા મહામંડળની વર્તમાન સત્ર ૨૦૨૪-૨૦૨૬ની વાર્ષિક બેઠક **તા. ૨૨/૧૨/૨૦૨૫, સોમવારના સવારે ૯.૦૦ થી ૧.૦૦, સ્થળ : નિલાદ્રી ભક્ત નિવાસ, જગન્નાથ મંદિર પાસે, પુરી (આરિસ્સા)** મધ્યે **અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક**ની અધ્યક્ષતામાં આયોજીત કરવામાં આવેલ છે. આ પ્રસંગ અ.ભા. યુવા મહામંડળના સલાહકાર સભ્યો, માનદ્ સભ્યો, ઉપપ્રમુખો, ઝોનલ પ્રમુખો, પ્રાદેશિક પ્રમુખો, અન્ય સમિતિના પ્રમુખો, કાર્યવાહક સભ્યો, યુવા મંડળના પ્રમુખો તથા સેવાભાવી યુવાઓની ઉપસ્થિતિ આવકાર્ય અને આવશ્યક છે.

**:: કાર્યવાહક સમિતિ અને સામાન્ય સભાની કાર્યસૂચિ ::**

★ પ્રભુ પ્રાર્થના ★ મહામંત્રી દ્વારા સભાસદોનું સ્વાગત

★ દિપ પ્રાગટ્ય ★ શ્રદ્ધાંજલિ

★ શુભેચ્છા સંદેશોઓનું વાંચન

★ વાર્ષિક હિસાબોની રજુઆત

★ પ્રાદેશિક પ્રમુખશ્રીઓ દ્વારા એહવાલોની રજુઆત

★ નવા બંધારણનું વાંચન, સમિક્ષા, ચર્ચા-વિચારણા અને બહાલી

★ મહાસભા પ્રમુખશ્રીનું માર્ગદર્શીય ઉદ્બોધન

★ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન

★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા-નિર્ણય

★ પ્રમુખશ્રીની અનુમતીથી રજુઆત

★ અ.ભા. યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન

★ આભારવિધી, રાષ્ટ્રગીત સમુહ ગાન, સમાપન

અ.ભા. યુવા મહામંડળ આપ સૌને મંડળના વાર્ષિક અધિવેશનમાં હાર્દિક આમંત્રણ પાઠવતા આપની ગરિમામયી ઉપસ્થિતિ નોંધાવવા સાદર અનુરોધ કરે છે. સાથે જ અ.ભા. યુવા મહામંડળ, આપના યુવા ઉત્કર્ષ તથા જાગૃતિ સંબંધિત સુચન અને સુઝાવો, આપના મંતવ્યો તથા તેના અમલીકરણની રૂપરેખા માટે સ્પષ્ટ અને સરલ અભિગમની અભિવ્યક્તિ માટે ઉત્સુક્તા ધરાવે છે.

**આપના સુચનો અને સુઝાવો અ.ભા.મ. યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રીશ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક તા. ૧૫-૧૨-૨૦૨૫ સુધી મોકલાવીને અમોને અનુગ્રહિત કરશોજી.**

**તા.ક. : જે હોદ્દેદારશ્રીઓ મીટીંગમાં ઉપસ્થિત ન રહી શકે એમ હોય તેમણે લેખિતમાં પ્રમુખશ્રીને અગાઉથી જાણ કરવી.**

**:: વિનિત ::**

**શ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક – વરીષ્ઠ મહામંત્રીશ્રી**

**શ્રી હેતુલભાઈ ચતિનભાઈ જેઠવા – મહામંત્રીશ્રી**

અખિલ ભારતીય યુવા મહામંડળ તરફથી સર્વે સમાજબાંધવોને
દિવાળીને હાર્દિક શુભકામનાઓ એવં નૂતન વર્ષાભિનંદન

શુભ લાભ

નૂતન વર્ષના નવલાં પ્રભાતે આપણો સમસ્ત સમાજ અંધશ્રદ્ધા, વહેમ, કપોળ કલ્પીત માન્યતાઓ રૂપી અંધકારને દૂર કરી વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ, માનવતાવાદી એવં પ્રકૃતિપ્રેમના સથવારે સુખ, સમૃદ્ધીનાં અવનવા શિખરો સર કરે એવી હાર્દિક શુભકામનાઓ સહ રામ રામ...

**ટીમ અખિલ ભારતીય યુવા મહામંડળ**

## આદીપુર યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ આદીપુર યુવા મંડળ દ્વારા બુધવારે તા. ૨૭-૦૮-૨૦૨૫ના રોજ આદીપુર ઘટક સમાજ ભવન મધ્યે ગણેશચતુર્થી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

સાંજે ૪ થી ૫ વાગ્યા દરમિયાન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં માં ગણેશજીનું ચિત્ર અને ઓપરેશન સિંદૂર થીમ પર ચિત્ર બનાવવાનું હતું. જેમાં ત્રણ અલગ-અલગ કેટેગરીમાં અનેક સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું નિરિક્ષણ જજ તરીકે કાર્ય શ્રી જીતેન્દ્રભાઇ ચૌહાણે કર્યું હતું. દરેક કેટેગરીમાંથી ત્રણ ત્રણ વિજેતાઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અન્ય સ્પર્ધકોને પણ પ્રોત્સાહન ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સિવાય શ્રી જેભાઇ રાઠોડ દ્વારા દરેક સ્પર્ધકોને આઇસક્રીમ, શ્રીમતી અનિતાબેન ટાંક દ્વારા રૂા. ૧૦૦ રોકડા અને મહિલા મંડળ દ્વારા રૂા. ૫૦ રોકડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચિત્ર સ્પર્ધામાં ★ ૪ થી ૮ વર્ષના સ્પર્ધકો : પ્રથમ : જશ્વી આર. પઢિઆર, દ્વિતીય : મોક્સા એચ. પરમાર, તૃતિય : આદિત્ય એન. પરમાર, ★ ૯ થી ૧૫ વર્ષના સ્પર્ધકો : પ્રથમ - શિવાંસી એન. ચૌહાણ, દ્વિતીય - ધ્રુવી એમ. ટાંક, ★ ૧૫ વર્ષથી વધુ ઉંમરના સ્પર્ધકો : પ્રથમ : ગુંજન એ. વાઘેલા, દ્વિતીય - સ્વાતિ પી. ચૌહાણ, તૃતિય : માહિ એમ. ટાંક. સર્વે વિજેતાઓને યુવા મંડળ તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ.

આ પછી ખેલ મહાકુંભના વિજેતાઓને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ સમાજના બાળકોને રમતગમતમાં આગળ વધવા અને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ મંતવ્યો રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા યુવા મંડળની સંપૂર્ણ ટીમે યોગદાન આપ્યું હતું. અંતે, સર્વે ઉપસ્થિતોએ અલ્પાહાર લઇ કાર્યક્રમને પૂર્ણવિરામ આપ્યો હતો. તા. ૨૨મી સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ આદિપુર ઘટક સમાજ ભવનના હોલની અંદર રાસોત્સવનું આયેજન કરવામાં આવેલ. મા શક્તિના ઉપાસનાના પર્વ નવરાત્રીના પ્રથમ નોરતાની ઉજવણી યુવા મંડળ, આદીપુર દ્વારા ભવ્યતાથી કરવામાં આવી. સમાજ ભવનમાં ભક્તિભાવ, ભાઇચારો અને અનન્ય આનંદનું વાતાવરણ સર્જવાના મુખ્ય ઉદ્દેશ સાથે આ ઉત્સવનું આયોજન થયું હતું.



માતાજીની ભક્તિ સાથે અંબે માતાજીની આરતી ઉતારીને કાર્યક્રમની શરૂઆત થઇ. ત્યાર બાદ યુવાનો અને વડીલો સહીત સમગ્ર સમાજે સાથે મળીને પારંપારિક રાસગરબાની રમઝટ માણી, જ્યાં પગના ઘૂઘરાનો રણકાર અને તાડીઓનો તાલ ચારે તરફ ગુંજી ઉઠ્યો હતો.

આ વખતે રાસોત્સવનું સૌથી પ્રેરક પાસુ એ રહ્યું કે, યુવા મંડળે પ્રથમ વખત મહિલા ઉદ્યોગ સાહસિકોને વિના મૂલ્યે મંચ પુરો પાડ્યો હતો. મહિલાઓને તેમના ઘરે બનાવેલી હસ્તકલાની વસ્તુઓ (હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ) વેચવા માટે કાઉન્ટર્સ ફાળવવામાં આવ્યા હતા. આ નવતર પ્રયાસમાં ઉત્સાહભેર ભાગ લેનાર હેમાંગી પરમાર, ઉર્વી ટાંક અને સ્વાતિ ચૌહાણને યુવા મંડળ તરફથી તેમના વિકાસ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

ગરબા પુરા થયા બાદ બાળકો માટે વિશેષ ભેટ વિતરણ કાર્યક્રમ અને અંતે સૌ સભ્યો માટે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન આનંદ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા મંડળના સભ્યો કુલદીપ પરમાર, આનંદ પરમાર, આનંદ રાઠોડ,

તીર્થ રાઠોડ, ખુશાલ રાઠોડ, પિયુષ વરૂ, શૈવલ પરમાર, ચિંતન વાઢેર અને ચેતન ચૌહાણે અથાક મહેનત કરી હતી. આ ઉપરાંત અનિતાબેન ટાંક, જયંતિભાઇ રાઠોડ અને ગોવર્ધનભાઇ રાઠોડના અમુલ્ય સહયોગ બદલ યુવા મંડળ તેમનો આભાર વ્યક્ત કરેલ.

## કેંજોરગઢ યુવા મંડળ



તા. ૨૭-૦૮-૨૦૨૫ ગણેશ ચતુર્થીના દિવસે કેંજોરગઢ યુવા મંડળ દ્વારા સમાજવાડીમાં ગણેશ પૂજાનું આયોજન કરવામાં આવેલ હતું. આકર્ષણીય સજાવટ મધ્યે ગણેશ ભગવાનની મૂર્તિની સ્થાપના કરી પૂજા કરવામાં આવેલ હતી. સાંજે ૪.૦૦ વાગ્યે પૂજા શરૂ થઇ હતી.

પૂજા બાદ આરતી કરવામાં આવેલ હતી તથા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી. વડીલો, ભાઇઓ-બહેનો તથા બાળકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પૂજાનો લ્હાવો લીધો હતો.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ દ્વારા કચ્છ સ્તરનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ દ્વારા કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ઘટકોના સમાજના તેજસ્વી છાત્રોનો પ્રાદેશિક સ્તરનો સરસ્વતી સન્માનનો કાર્યક્રમ કુકમા ઘટકના સ્નેહમય આમંત્રણથી કેળવણી મંડળના પ્રમુખ ડો. મનોજભાઈ પી સોલંકી ના અધ્યક્ષ સ્થાને ઉમંગભેર યોજાયો હતો. આરંભે પ્રમુખશ્રી ડો.મનોજભાઈ પી. સોલંકી સાથે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ સમાજરત્નશ્રી વિનોદભાઈ પી. સોલંકીજી,ઉપપ્રમુખો શ્રી બ્ર.કુ.બાબુભાઈ પરમાર, શ્રી મનોજભાઈ વેગડ, શ્રીવિનોદભાઈ ચૌહાણ, શ્રી લાધુરામભાઈ રાઠોડ, વરિષ્ઠ મહામંત્રી વિનોદભાઈ ખોડીયાર, અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, કચ્છ પ્રાદેશિક પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, યુવા પ્રાદેશિક પ્રમુખ જયભારત જેઠવા, મંડળના ઉપપ્રમુખ નીતિનભાઈ પરમાર, ભુજ ભવન પ્રમુખશ્રી દીપકભાઈ ચૌહાણ, અંજાર ભવન પ્રમુખશ્રી પાર્થભાઈ ચાવડા, કુકમા ઘટકના પ્રમુખ કેતનભાઇ ચૌહાણ વગેરે મહાનુભાવોના વરદ હસ્તે સરસ્વતી માતાજીની છબી પાસે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું.

કુકમા ઘટકની બાલીકાઓ દ્વારા સુંદર સરસ્વતી વંદના અને સ્વાગત નૃત્ય બાદ, મંડળના મંત્રીશ્રી અનિલભાઈ ચૌહાણએ કેળવણી મંડળ તરફથી દરવર્ષે આયોજિત થતા સરસ્વતી સન્માન અને ઇનામ વિતરણ કાર્યક્રમ વિશે માહિતી આપી અને ચાલુ વર્ષથી જે નવા દાન દાતાશ્રીઓએ આ કાર્યમાં દાન રૂપે પોતાનો




અમુલ્ય સહકાર આપેલ છે તે તમામ દાન દાતાશ્રીઓની ભાવના ને નમન કરી તેઓને ધન્યવાદ આપેલ હતા.અને ઉપસ્થિત તમામ મહાનુભાવો,દાન દાતાશ્રીઓ, વાલીઓ, વિધાર્થીઓનુ શાબ્દિક સ્વાગત કરેલ હતું. કુકમા ઘટક દ્વારા પણ ઉપસ્થિત મહાનુભાવોને ''મનીપ્લાન્ટ'' અર્પણ કરી સ્વાગત સન્માન કરવામાં આવેલ હતું. ત્યારબાદ કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ૨૦ ઘટકો માંથી પધારેલ ૨૦૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થી અને વિધાર્થીનીઓને નર્સરી થી અનુસ્નાતક એમ તમામ કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમાંક મેળવી પોતાના પરિવારને અને સમગ્ર સમાજને ગૌરવ અપાવવા બદલ,ઇનામી યોજનાના દાતાશ્રીઓના વરદ હસ્તે તેમજ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે સર્ટીફીકેટ તથા ઈનામો આપી સન્માનિત કરવામાં આવેલ હતા.તમામ ધોરણોમાં ત્રણ ક્રમાંકમા ન આવી શકનાર વધારાના ત્રણ વિદ્યાર્થીઓને આશ્વાસન રૂપે પણ સર્ટિફિકેટ અને ઈનામો સ્વ.પુરુષોત્તમ ડાયાભાઈ સોલંકી પરિવાર(માધાપર) હસ્તે સમાજ રત્ન શ્રી વિનોદભાઈ સોલંકીજીના વરદ હસ્તે ઈનામો આપી સન્માનિત કરવામાં આવેલ હતા.

ઈનામો મેળવતા વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કરેલ હતા. કુકમા ઘટકની હોનહાર દિકરી કુ. નિધિ પરમાર દ્વારા ઉપસ્થિત બાળકોને વર્તમાન સમયમા, મોબાઇલના ઉપયોગ હેતુ સુચારૂ અભિગમ સાથે,સાવચેત રહી અને ગુણદોષની છણાવટ કરી વાહવાહી મેળવેલ હતી. પ્રાસંગિક ઉદબોધનમાં કુકમા ઘટકના પ્રમુખ કેતનભાઇ ચૌહાણએ ઈનામ મેળવતા છાત્રોને અભિનંદન આપી અને આવા સુંદર મજાના કાર્યક્રમના યજમાન બનાવવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરેલ હતી. કચ્છ પ્રાદેશિક પ્રમુખ બાબુભાઈ ચૌહાણે પણ ઈનામો મેળવતા બાળકોને અભિનંદન આપી,અન્ય બાળકોને પણ આમાંથી શીખ લેવા અનુરોધ કરેલ.મહાસભાના ઉપ પ્રમુખ શ્રી મનોજભાઈ વેગડએ જણાવ્યું કે સરસ્વતિના ઉપાસકોના સન્માન માટેના સુંદર કાર્યક્રમમા ઉપસ્થિત રહ્યા બદલ ખૂબ ખુશી થઈ છે. પોતાના પરિવાર તરફથી ત્રણ ધોરણોમા ઇનામી દાતાશ્રી તરીકે સહકાર આપેલ છે.અને જ્યારે જરૂર પડશે ત્યારે અમો આવી પ્રવૃત્તિઓમા સહકાર માટે તત્પર રહીશું. મહાસભા ઉપ પ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણે પણ આજના સન્માન કાર્યક્રમમા ઈનામો મેળવતા વિદ્યાર્થીઓને અભિનંદન આપી અને કેળવણી મંડળની શૈક્ષણિક સમિતિની અથાગ મહેનતને પણ યાદ કરી તમામ શિક્ષક મિત્રોનો પણ આભાર વ્યક્ત કરેલ હતો. રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકીજીએ પણ છાત્રોને બિરદાવી, હાલના સમયમાં શિક્ષણના વ્યાપ ઉપર પ્રકાશ પાડેલ હતો અને આવતા સમયમાં ખૂબ સુંદર પરિણામ મેળવી પોતાના પરિવારને તથા સમાજને ગૌરવ અપાવવા વિદ્યાર્થીઓને હાકલ કરેલ હતી. વિધાર્થીઓના ઉત્કર્ષના આવા સરસ કાર્યક્રમ બદલ રાજીપો વ્યક્ત કરેલ તેમજ મહાસભાની શિક્ષણ સહાય યોજનાની જાણકારી આપી એનો લાભ લેવા અનુરોધ કરેલ હતો. પોતાના પરિવાર તરફથી પણ ઘણા વર્ષોથી કેળવણીની આ પ્રવૃતિમા આશ્વાસન ઈનામો રૂપી સહકાર આપી રહ્યા છે એનો વિશેષ આનંદ વ્યક્ત કરેલ હતો. સભાના અધ્યક્ષ સ્થાનેથી કેળવવી મંડળના પ્રમુખ ડો.મનોજભાઈ સોલંકીએ પણ સન્માનિત છાત્રોને અભિનંદન આપેલ અને શૈક્ષણિક ક્ષેત્રે કેળવણી મંડળની પ્રવૃત્તિઓ અને યોગદાન ઉપર પ્રકાશ પાડેલ હતો. કેળવણી મંડળ દ્વારા ભુજ અને અંજાર મુકામે ચાલતા વિદ્યાર્થી ભવનોમા અભ્યાસ કરતા સમાજના બાળકો માટે મંડળ હંમેશા તત્પર રહી કાર્યો કરેછે. મંડળ દ્વારા નિયમીત યોજાતા શૈક્ષણીક આયોજનો તથા રોજગાર લક્ષ્મી તાલીમના ક્ષેત્રે પણ કાર્યરત કે.જી. કે. વોકેશનલ ટ્રેનિંગ ઇન્સ્ટિટયૂટની વિગતવાર જાણકારી આપેલ. તાજેતર મા અંજાર ભવન મુકામે આયોજિત કરવામાં આવેલ

ઋણાભીધાન કાર્યક્રમની ઉજવણી અંગે પણ માહિતી આપી, સમાજના કચ્છ બહારના વિદ્યાર્થીઓને પણ આવા રોજગાર લક્ષી ભણતરનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરેલ હતો. કાર્યક્રમના સુંદર આયોજનમાં કુકમા ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળનો પણ સાથ સહકાર મળેલ એ બદલ, સમાજ

મહાસભા તથા કેળવણી મંડળ દ્વારા ત્રણેય પ્રમુખોનું શાલવડે સન્માન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન મંડળના મંત્રીઓ વિનોદભાઈ ખોડીયાર અને અનિલભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ, શૈક્ષણિક સમિતિના સભ્યો એવા રમેશભાઈ ચૌહાણ, ઉમંગભાઇ પરમાર, ઉમેશભાઈ ચૌહાણ, ગીરીશભાઈ ચૌહાણ તથા અંકિતભાઈ ચૌહાણ એ કરેલ હતું તથા પિયુષભાઈ ટાંક અને ભાવિકભાઈ ચૌહાણએ વ્યવસ્થા જાળવેલ હતી. કુકમા ઘટકના મંત્રી દિલીપભાઈ ટાંકએ ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓ,વાલીઓ, દાન દાતાશ્રીઓનો કેળવણી મંડળ તથા કુકમા ઘટક વતી આભાર દર્શન કરેલ હતું.

# શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય - કુકમાની સામાન્ય સભા એવં વિદ્યાર્થીની સન્માન સમારોહ યોજાયો




શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય-કુકમાની સામાન્ય સભા તથા ગત વર્ષમાં શ્રેષ્ઠ પરિણામ લાવનારી વિદ્યાર્થીનીઓના સન્માનનો કાર્યક્રમ સંસ્થાના ઉપપ્રમુખ વિનોદભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં તેમની સાથે રાષ્ટ્રીય મહાસભાના મેરેજ બ્યુરોના પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકી, પ્રાદેશીક પ્રમુખ બાબુલાલભાઇ ચૌહાણ, મહિલા પ્રા. પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, સંસ્થાના ઉપપ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પરમાર, માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનભાઇ ચૌહાણ, કુકમા વિદ્યોતેજક મંડળના પ્રમુખ શ્રી હરગોવિંદભાઇ ચૌહાણ, કુકમા ઘટકના પ્રમુખ શ્રી કેતનભાઇ ચૌહાણે દીપ પ્રાગટ્ય કરેલ હતું.

સંસ્થાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીએ શુભેચ્છા પાઠવી હતી તેમજ તેમના પરિવાર તરફથી છાત્રાલયની વિદ્યાર્થીનીઓની છાત્રાલય ફી અને શાળાની ફી પેટે રૂા. ૧,૮૦,૦૦૦ નું દાન અર્પણ કરવામાં આવેલ હતું. તેઓશ્રીની ઉદાત ભાવના બદલ આભાર માનવામાં આવેલ હતો.

છાત્રાલયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને દાતાશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી, શ્રી પ્રફુલચંદ્ર ટાંક, કાન્તીલાલભાઇ પરમાર, મોહનલાલભાઇ ચૌહાણ, સ્વ. કેશવજીભાઇ જેઠવા પરિવાર, સ્વ. નાનજીભાઇ ચૌહાણ પરિવાર દ્વારા ઇનામો આપવામાં આવેલ હતા. આ ઉપરાંત છાત્રાલય બહારની અને ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રાદેશિક સ્તરે પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને દાતા સ્વ. રતનબેન રામજીભાઇ ટાંક વતી સવિતાબેન ચૌહાણ દ્વારા ઇનામો અર્પણ કરવામાં આવેલ હતા. છાત્રાલયમાં ધોરણ ૧૦માં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓ માનસી ચૌહાણ, હેન્સી ચાવડા તથા રૂત્વી વરૂને શ્રીમતી કાન્તાબેન કનકસિંહભાઇ પઢિઆર તરફથી રોકડ ઇનામ આપવામાં આવેલ હતા.

છાત્રાલયમાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓને



કુકમાના ચેતનભાઇ ટાંક (યશ્વી કલેકશન) તરફથી સ્કુલ બેગ ભેટ આપવામાં આવેલ હતા તેમજ જમનાબેન દામજીભાઇ વરૂ તરફથી પર્સ ભેટ આપવામાં આવેલ હતા.

સંસ્થાના વર્ષ દરમ્યાન દાન આપનાર દાતાઓ સ્વ. રામજીભાઇ અર્જુનભાઇ ટાંક - રૂા. ૧,૦૦,૦૦૦, સ્વ. દામજીભાઇ મનજીભાઇ ચૌહાણ - રૂા. ૫૦,૦૦૦, સ્વ. શાંતિલાલ પાંચાભાઇ રાઠોડ - રૂા. ૫૦,૦૦૦, સ્વ. રસીલાબેન દેવરામ વરૂ - રૂા. ૨૫,૦૦૦, રસીકલાલ પુરૂષોત્તમભાઇ ચૌહાણ - રૂા. ૨૪,૦૦૦, સ્વ. ભાણજીભાઇ આણદાભાઇ પરમાર - રૂા. ૨૨,૦૦૦નો આભાર માની પરિવારનું સન્માન કરવામાં આવેલ હતું.

સંસ્થાની વર્ષ દરમ્યાનની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ માનદ્ વ્યવસ્થાપક મોહનભાઇ ચૌહાણે આપેલ હતો. વાર્ષિક હિસાબોની રજુઆત કોષાધ્યક્ષ અનિલભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી.

અધ્યક્ષ સ્થાનેથી વિનોદભાઇ ચૌહાણે છાત્રાલયના સંચાલનમાં મોભી દાતા 'સમાજરત્ન' વિનોદભાઇ પી. સોલંકી પરિવારના આર્થિક સહયોગની જાણકારી આપી આભાર માનેલ હતો. સમગ્ર બેઠકનું સંચાલન મંત્રી રમેશચંદ્ર ચૌહાણે તથા આભાર દર્શન સહમંત્રી ઉમંગભાઇ પરમારે કરેલ હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સહમંત્રી રસીકભાઇ ચૌહાણ, સહવ્યવસ્થાપક અનસુયાબેન પરમાર, ઉષાબેન ચૌહાણ, શોભનાબેન ટાંક, ભાવનાબેન ચૌહાણ, યોગેશભાઇ ટાંક, વિપુલભાઇ ચૌહાણ, સ્ટાફ અને વિદ્યાર્થીનીઓએ સહયોગ આપેલ હતો.

# શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા



ચૌહાણ પરિવાર - રેહાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે આશ્વિન નવરાત્રી અને હવનાષ્ટમીનું આયોજન શ્રદ્ધા અને ઉત્સાહભેર કરવામાં આવેલ હતું. તા. ૨૨/૯ના પ્રથમ નોરતે ઘટઃસ્થાપન કરી રોજ રાત્રે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવેલ. તા. ૩૦/૯ના હવનાષ્ટમી અવસરે ભારતભરથી પધારેલા ગોઠી પરિવારોની ઉપસ્થિતિમાં મહાપ્રસાદ, મહાઆરતી તથા કાંબી છોડવાનો વિધી કરવામાં આવેલ હતો. તેના દાતાશ્રી તરીકે સ્વ. શિવજીભાઇ કાનજી ચૌહાણ, નવીનભાઇ તથા રમેશભાઇ ચૌહાણે સેવા આપેલ હતી. અમિતભાઇ મોહનલાલ ચૌહાણ દંપતિએ મહાઆરતી કરાવેલ હતી. આ પ્રસંગે હવનાચાર્ય શ્રી જનકભાઇ દવે, માતાજીના ભુવા પરિવારના દંપતિ શ્રીમતી ક્રિષ્નાબેન તથા વિનોદભાઇ ચૌહાણ, માતાજીના સેવક શ્રી ગોવર્ધનભાઇ ચૌહાણનું સેવા સન્માન તથા ડૉ. અમિત જીતેશભાઇ ચૌહાણનું વિશેષ સન્માન અને ભારતીય વાયુ સેનામાં સેવા આપીને નિવૃત થયેલા શ્રી દુર્ગેશ અમરશીભાઇ ચૌહાણનું શૌર્ય સન્માન તથા મહાપ્રસાદ દાતાશ્રી પરિવારનું સેવા સન્માન પ્રમુખ શ્રી મોહનભાઇ ચૌહાણ, મંત્રી શ્રી વિનોદભાઇ ચૌહાણ, ઉપપ્રમુખશ્રીઓ બાબુલાલ ચૌહાણ, નવીનભાઇ ચૌહાણ, હોદ્દેદારો સોમનભાઇ ચૌહાણ, શાન્તિલાલ ચૌહાણ, હેમરાજ ચૌહાણ, પ્રવિણભાઇ ચૌહાણ, મુકુન્દભાઇ ચૌહાણ (રાયપુર), શરદભાઇ ચૌહાણ (જબલપુર)ના હસ્તે કરવામાં આવેલ હતું. ત્યાર બાદ સૌ ગોઠી પરિવારોએ મહાઆરતી અને રાસગરબાનો આનંદ લીધો હતો. માતાજીને નૈવેધ ધરાવી મહાપ્રસાદ ગ્રહણ કરેલ હતો.

આ પ્રસંગે પ્રમુખશ્રી મોહનભાઇ ચૌહાણની અધ્યક્ષતામાં ગોઠી ભાઇઓની સામાન્ય સભા યોજાયેલ હતી. મંત્રીશ્રી વિનોદભાઇ ચૌહાણ દ્વારા વાર્ષિક હિસાબોની રજુઆત અને સ્થાનક વહીવટનો અહેવાલ આપવામાં આવેલ હતો તેમજ વહીવટ સંબંધી નિર્ણયો લેવામાં આવેલ હતા. સંચાલન સમિતિના સભ્યો પ્રકાશ પ્રાગજીભાઇ, દિલીપ લાલજીભાઇ, ભૂપત મોહનલાલ, મિતેશ મોહનલાલ, રોમેક્ષ મહેશભાઇ, દિનેશ દામજીભાઇ, સુનિલ ત્રંબકલાલ, દિનેશ પરસોતમભાઇ, પ્રમોદ



લીલાધરભાઇ, ત્રંબકલાલ લક્ષ્હણભાઇ, ગિરીશ મોરારભાઇ, ધરમશી દામજીભાઇ, દિવ્યમ હરીશભાઇ તથા યુવા ભાઇઓએ વ્યવસ્થા સંભાળી હતી. સત્કાર સમારોહનું સંચાલન અને આભારવિધી શ્રી રમેશચંદ્ર ચૌહાણે કરેલ હતા.ત્યાર બાદ નોમના દિવસે પરિવારના વહુઆરૂઓ દ્વારા સામુહિક નોમ ઝરવાનું આયોજન કરવામરાં આવેલ હતું. બહેનોએ જાતે નૈવેધ સામગ્રી તૈયાર કરેલ હતી. માતાજીના સ્થાનકમાં માતાજીની સ્તુતિ, બ્રહ્માણી ચાલિસા તથા સત્સંગનું સામુહિક પઠન કરી માતાજીને શ્રદ્ધાપૂર્વક નૈવેધનું ઝારણ કરેલ હતું અને સૌએ સાથે બેસી પ્રસાદ ગ્રહણ કરેલ હતો. મંજુલાબેન મોહનભાઇ, પ્રિયવૃંદાબેન દિનેશભાઇ, માયાબેન પ્રેમાદભાઇ, દુર્ગાબેન પ્રકાશભાઇ, રીટાબેન વિનોદભાઇ તથા બહેનોએ વ્યવસ્થા સંભાળી હતી.

# પરમાર નુખના કુળદેવી શ્રી મોમાય માતાજી સ્થાનક - કુકમા



શ્રી મોમાય માતાજી સ્થાનક - કુકમા દ્વારા આસો સુદ ૧૦ દશેરાના દિવસે મહાયજ્ઞ કરવામાં આવેલ અને પરમાર ગોઠી ભાઇઓનું સમુહમાં પ્રસાદ પણ લીધો હતો. તા. ૦૨-૧૦-૨૦૨૫, ગુરૂવાર દશેરાના દિવસે સામાન્ય સભા પણ રાખવામાં આવેલ. જેમાં સ્થાનક ખાતે મોટા હોલ વગેરે બનાવેલ તેની ચર્ચા થયેલ તેમજ આગળની કારોબારીનો સમય પૂરો થતાં ૨૦૨૫થી નવી કારોબારી નક્કી કરવામાં આવેલ હતી. સામાન્ય કારોબારીમાં સર્વાનુમતે નવી કારોબારી નક્કી કરવામાં આવેલ. જેમાં પ્રમુખ - શ્રી પ્રભુલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર, ઉપપ્રમુખ - શ્રી રતિલાલભાઇા માવજીભાઇ પરમાર, ઉપપ્રમુખ - શ્રી મહેન્દ્રભાઇ પરબતભાઇ પરમાર, મંત્રી - શ્રી જગદીશભાઇ લધુરામભાઇ પરમાર, સહમંત્રી - શ્રી નિરવભાઇ મહેન્દ્રભાઇ પરમાર, સહમંત્રી, શ્રી હિરેનભાઇ જયસુખભાઇ પરમાર, ખજાનચી - શ્રી પ્રભુલાલભાઇ હિરાભાઇ પરમાર, સહખજાનચી - શ્રી સ્નેહલભાઇ શાંતિલાલભાઇ પરમાર, શ્રી દુર્ગેશભાઇ મહેન્દ્રભાઇ પરમાર, વ્યવસ્થાપક- શ્રી રજનીકાન્તભાઇ વાલજીભાઇ પરમાર, સહ વ્યવસ્થાપક - શ્રી દિક્ષીતભાઇ અરૂણભાઇ પરમારની વરણી કરવામાં આવેલ હતી.

## સમાજ ગૌરવ



નેવાડાના રેનોમાં આયોજિત યુએસએ રોલર સ્કેટ નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ, મીનલબેન રાઠોડ અને નિકેશભાઈ રાઠોડ (હાલનું નિવાસસ્થાનઃ હ્યુસ્ટન, (ટેક્સાસ, યુએસએ); ઘટકઃ હૈદરાબાદ-સિકંદરાબાદ)ના પુત્ર રિદિત રાઠોડ

(૧૨ વર્ષ) એ રેનો ૨૦૨૫માં મેળવેલ સિદ્ધિઓ : લૂપ્સ – ગોલ્ડ મેડલ, ફિગર્સ – બ્રોન્ઝ મેડલ, સંયુક્ત – સિલ્વર મેડલ. આ યુએસએ રોલર સ્કેટ નેશનલ્સ ૨૦૨૪, લિંકન, નેબ્રાસ્કામાં તેના નોંધપાત્ર રેકોર્ડમાં ઉમેરો કરે છે. ફિગર્સ અને લૂપ્સ – ગોલ્ડ મેડલ, ટીમ ડાન્સ અને સંયુક્ત – બ્રોન્ઝ મેડલ, રિદિતને ખૂબ ખૂબ અભિનંદન...

# શ્રી બ્રહ્માણી માતાજી વાઘેલા પરિવાર - મોટા રેહા



વાઘેલા પરિવારના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના મંદિરે હવનાષ્ટમીના દિવસે હવન તથા નોમના સમુહ નૈવેદ યોજવામાં આવેલ હતા. દાતાશ્રી વલમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા પરિવાર (આદીપુર)ના હસ્તે હવન વિધિ કરવામાં આવેલ હતી. આ પ્રસંગે ભારતભરમાંથી ગોઠી ભાઇઓએ હાજરી આપેલ હતી. માતાજીની કાંબી છોડવાની વિધી કરવામાં આવેલ હતી.

મંદિર બાંધકામ રીપેરીંગ માટે રૂા. ૧,૫૧,૦૦૦નો ચેક શ્રી વલમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા એ અર્પણ કરેલ હતો. તેમનું બહુમાન કરવામાં આવેલ. શ્રી કૌશીકભાઇ જયસુખભાઇ વાઘેલાને કાર્યપાલક ઇજનેરશ્રી તરીકે બઢતી મળતાં તેમનું બહુમાન શ્રી ગજેન્દ્રભાઇ ભીમજીભાઇ વાઘેલા દ્વારા કરવામાં આવેલ. શ્રી નરેન્દ્રભાઇ જાદવજી વાઘેલાએ અહેવાલ આપતા જણાવેલ હતું કે ચાલુ વર્ષ મંદિર રીપેરીંગ, કલરકામ, છાપરાનો શેડ તથા સ્ટીલના દરવાજાનું કામ કરાવવામાં આવેલ છે. લાઇટકામનો તમામ ખર્ચ શ્રી અશ્વિનભાઇ અજીતભાઇ વાઘેલા-ભુજવાળા તરફથી મળેલ છે. શ્રી પ્રવિણભાઇ જાદવજીભાઇ વાઘેલા તરફથી ૭૦ થાળી-વાટકાનો સેટ મળેલ છે

બાજુના મકાન ખરીદવાનું કામ સલાહકાર શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલા તથા સભ્ય શ્રી પાર્થભાઇ જયંતિલાલ વાઘેલા હસ્તે ચાલુમાં છે. સ્વ. કુંવરજીભાઇ વાઘેલા



પરિવારજનો સહકાર આપે છે. મંદીર જીર્ણોદ્ધાર કામ માટે રૂા. પાંચ લાખ દાનની જાહેરાત શ્રી વલમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા (આદીપુર) વાળા તરફથી કરવામાં આવેલ હતી. એક રૂમના દાતાની રકમ શ્રી કિશોરભાઇ દેવરામભાઇ વાઘેલા-ભિલાઇ તરફથી જાહેરાત કરવામાં આવેલ હતી. નવા મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થતાં હોઇ આવતા વર્ષે ૨૫ વર્ષ પાટોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

વ્યવસ્થામાં શ્રી મનોજભાઇ શીવલાલ વાઘેલા, શ્રી રાજેશભાઇ રતિલાલ વાઘેલા, શ્રી કૌશીકભાઇ જયસુખભાઇ વાઘેલા, શ્રી દીલીપભાઇ ગોપાલભાઇ વાઘેલા, શ્રી જીતેનભાઇ ગજેન્દ્રભાઇ વાઘેલાએ જહેમત ઉઠાવી હતી.

# શ્રી વરૂ ગોઠી પરિવાર - દેવળીયા

આસો સુદ આઠમ તા. ૩૦-૦૯-૨૦૨૫ના રોજ દેવળિયા મુકામે માતાજીના સ્થાનક મધ્યે સવારે ૭.૦૦ કલાકે ચંડીપાઠ તથા પૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ૮.૩૦ કલાકે માતાજીનો હવનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. બપોરે ૧૨.૩૯ કલાકે શ્રીફળ હોમાયો. ત્યાર બાદ માતાજીના હવન બાદ નૈવેદ પ્રસાદ લેવામાં આવેલ. નૈવેદ પ્રસાદ લીધા બાદ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિસાબો રજુ કરવામાં આવ્યા હતા તથા નવા આયોજનો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી અને મંતવ્યો લેવામાં આવ્યા હતા. સામાન્ય સભા બાદ બપોરે ૩.૦૦ કલાકે રાસગરબા તથા ત્યાર બાદ જીગ્નેશ રણછોડ વરૂ તરફથી ગોઠી પરિવારના બાળકોને ઇનામ વિતરણ કરવામાં આવ્યા અને ત્યાર બાદ અલ્પાહાર લઇ સૌ ગોઠી પરિવારના સદસ્યો છુટા પડ્યા હતા.

# તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપ મિલન સમારોહ - ૬ ભૂટાન ૨૦૨૫નો અહેવાલ



તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપ (વ્હાટ્સએપ ગ્રુપ ૯૧૭૩૦૦૫૪૦૯) શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજનું સૌથી પહેલું સંગીત ગ્રુપ છે જે ૨૦૧૮ની સાલથી નિરવકાશ ચાલી રહ્યું છે. જેમાં અત્યારે ૨૦૦ જેટલા કલાકારો છે. અત્યાર સુધી તરાનાએ ચંડીગઢ, ભુજ, હરિદ્વાર, ભુવનેશ્વર અને અંડમાન નિકોબારમાં સંગીત મિલન સમારોહનું આયોજન ખૂબ સરસ રીતે કર્યું છે. તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપનું છઠ્ઠું સંગીત મિલન સમારોહ તારીખ ૮ સપ્ટેમ્બર થી ૧૪ સપ્ટેમ્બર સુધી ભૂટાનમાં આયોજિત કરવામાં આવ્યું. આ આયોજનમાં પતરાનાથના સભ્યો તેમજ તેમના પરિવારના સભ્યો મળીને કુલ ૧૦૮ સદસ્યો આ તરાના મિલન સમારોહ માં જોડાયા હતા. તા. ૮ના લગભગ ૬૫ સદસ્ય ફ્લાઇટ થી બાગડોગરા આવ્યા અને ત્યાં થી બસ દ્વારા સૌ જયગાંવ માટે રવાના થયા. બાકીના બધા સદસ્યો ટ્રેન દ્વારા અલીપુરદ્વાર સ્ટેશન આવ્યા અને ત્યાં થી બસ દ્વારા સૌ જયગાંવ આવ્યા. જયગાંવમાં ખૂબ સરસ હોટલમાં સૌ રોકાયા હતા. ખૂબ સરસ સગવડ જોઈને સૌ ખુશ થઇ ગયા હતા. જયગાંવ માં જે હોટેલમાં સૌ રોકાયા હતા તેની લગભગ સામે જ ભૂટાનનું પ્રવેશ દ્વાર હતું. જયગાંવમાં રાત રોકાઈને બીજે દિવસે વહેલી સવારે સૌ સદસ્ય ચાલતા જ માત્ર ૧૦ મિનિટમાં, ભૂટાનમાં પ્રવેશ માટેની ઔપચારિકતા પૂરી કરવા માટેની જગ્યા પર આવી ગયા. ભૂટાનમાં પ્રવેશ માટે ઓરિજનલ વોટર આઈ ડી કાર્ડ અથવા પાસપોર્ટની આવશ્યકતા હોય છે. અમારા ટ્રેવલ એજેન્ટ દ્વારા અમારા ભૂટાન માટે ૬ નાની બસો ની વ્યવસ્થા કરી રાખેલ હતી, જેમાં સૌ સદસ્યો ભૂટાનના એક મોટા શહર થિમ્ફૂ માટે રવાના થયા. થિમ્ફૂ ભુટાનની રાજધાની છે. રસ્તામાં ખૂબજ સરસ દર્શનીય સ્થળો જોતા જોતા રાત્રે થિમ્ફૂની હોટલ પર પહોંચ્યા. ખૂબજ સરસ હોટલ અને પ્યોર વેજ જમવાનું જોઈ સૌ ખુશ થઇ ગયા હતા.

આગલા દિવસે ફરી થિમ્ફૂ શહર ની રમણીય સ્થળો જોવા નિકળ્યા. જેમાં ડેકેન ફોડરંગ મોનેસ્ટરી, ચેરી મોનેસ્ટરી, ડોકુલા પાસ, બુધ્ધા ડોરડેનમા જેવી ખૂબજ સુંદર જગ્યાઓ જોવાનો લાભ મળ્યો. રાત્રે થિમ્ફૂમાં વિશ્રામ કરી, આગલા દિવસે સવારે સૌએ ચા-નાસ્તો પતાવી, ભુટાનના એક બીજા મોટા શહર પપારોથ માટે રવાના થયા. પારોમાં પણ ખૂબ સરસ સરસ દર્શનીય સ્થળો જોવા મલ્યા. જેમાં પુનાખા, પોચુ અને મોચુ રિવર, સસ્પેન્સસર બ્રિજ અને ચિમ્મો મોનેસ્ટરી જેવી જગ્યાઓ જોઈ સૌ આનંદિત થઈ ગયા. અને પારોમાં તારીખ ૧૨ સપ્ટેમ્બરનો દિવસ તરાનાનો કોઈ પણ સદસ્ય ક્યારેય નહીં ભૂલી





શકશે. વિદેશની ધરતી પર તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપનો આ સૌપ્રથમ કાર્યક્રમ હતો. આ દિવસે રંગારંગ કાર્યક્રમ નો આયોજન બપોર ના ભોજન બાદ રાખવા માં આવ્યો હતો.

તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપ ના ફાઉન્ડર મોહનભાઈ રતિલાલભાઈ ચૌહાણ અને કોમલબેન મોહનભાઈ ચૌહાણના અથાક પ્રયાસો થી આ આનંદમય સફર શક્ય બન્યો. આ સફર અમારી મુસાફરી અને સંવાદિતાની ભાવનાનું પ્રતીક હતું,અમને બધાને એક નવી સંસ્કૃતિનો અનુભવ કરવાની તક મણી,ભૂટાન ની મનોહર ખીણો અને તેના લોકો અમને આનંદિત કરે છે. તારાનાના સંરક્ષક શ્રી ધીરુભાઈ શામજીભાઈ પરમાર (રાયપુર)નું અમૂલ્ય યોગદાન મળ્યું. તેમને બધા ભાઇયો અને બાહનો માટે સુંદર ઓળખ કાર્ડ ડિઝાઇન કરીને મોકલ્યા હતા. એડમિન પ્રકાશભાઈ મણિલાલભાઈ ચૌહાણ (ઉતઈ)અને દિનેશભાઈ ખીમરાજભાઈ પરમાર (રાઉરકેલા)એ પણ આ સફર ને સફળ બનાવવામાં ખાસ ભૂમિકા ભજવી હતી. તારાનાના કો-ફાઉન્ડર અને એડમિન શર્મિલાબેન ભૂપેશભાઈ ચાવડા (બિલાસપુર) તથા એડમિન ખુશાલભાઈ કેશવજીભાઈ રાઠોડ (રાયપુર), લીલાબેન તરુણભાઈ જેઠવા (ભુવનેશ્વર), ભૂમિકાબેન નીતિનભાઈ વરુ (રાઉરકેલા), વિનયભાઈ લીલાધરભાઈ વરુ (રાયપુર), ચંદ્રેશભાઈ નરભેરામભાઈ પરમાર (દુર્ગ), આનંદકુમાર ભગવાનલાલભાઈ ટાંક (રાયપુર), ડોક્ટર ગિરધરભાઈ રાઠોડ (જયપુર), રમિતાબેન રાજેશભાઈ ચૌહાણ (કોટા), અનીતાબેન લલિતભાઈ વાઢેર (રાયપુર) અને સલાહકારો દિનેશભાઈ હરિભાઈ ચૌહાણ (નાગપુર), મિતેશભાઈ કરસનભાઈ પરમાર (ગોંદિયા), અરવિંદભાઈ દેવરામભાઈ ચૌહાણ (બલ્હારપુર), કિશોરભાઈ ચાવડા (રાયપુર) ના પણ અમૂલ્ય યોગદાન મળ્યા હતા. સ્વાગત સમારોહનું મંચ સંચાલન દિનેશભાઈ હરિભાઈ ચૌહાણ (નાગપુર) તથા સંગીતમય સંધ્યાનું સંચાલન મિતેશભાઈ કરસનભાઈ પરમાર (ગોંદિયા) અને મ્યુઝિક ટ્રેકનું કામ બકુલભાઈ ધીરજલાલભાઈ મકવાણા (પૂના) દ્વારા અસાધારણ અને કાર્યક્ષમ રીતે કરવામાં આવ્યું હતું.

# શ્રી સીતારામ સત્સંગ સેવા સમિતિ - માધાપરની સામાન્ય સભાનો અહેવાલ



શ્રી સીતારામ સત્સંગ સેવા સમિતિની વાર્ષિક સામાન્ય સભા સમિતિના અધ્યક્ષ અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. સમિતિના મંત્રી શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલાએ અહેવાલ આપતા જણાવેલ કે મોટા રેહા ગામે ઠાકર મંદીરે રોજ પ્રસાદ આપવામાં આવે છે. ગામના મંદિરો પર ધજા, શીવ મંદિરોમાં દીવલે અને અન્નકોટ પ્રસાદ નૂતન વર્ષ સમિતિ દ્વારા આપવામાં આવેલ છે.

ચાલુ વર્ષ શ્રી રામ મંદિર ગ્રુપ મોટા રેહા દ્વારા રામ મંદિરનું જીર્ણોદ્ધાર કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં સમિતિનો સહકાર હતો. સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી મુખ્ય દાતાશ્રી તથા મહાપ્રસાદના દાતાશ્રી હતા. રેહા ગામે વૃક્ષારોપણ માટે વન વિભાગના સહયોગથી ૧૫૦ રોપા આપવામાં આવેલ. શ્રી શાંતિલાલ ઓધવજી ચૌહાણે જહેમત લીધી હતી. હિસાબોની રજુઆત ખજાનચી શ્રી દીપકભાઇ

નરસિંહભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતી. રૂા. ૭૩,૧૮૯ ની બચત થયેલ હતી. સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી. રામ મંદિર ગ્રુપના શ્રી પ્રકાશસિંહ પ્રભુસિંહ જાડેજાએ રામ મંદિર જીર્ણોદ્ધાર માટે સહકાર બદલ દાતાશ્રી સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી, જીર્ણોદ્ધાર સમિતિના સલાહકાર શ્રી જયંતીલાલ વલમજી વાઘેલા તથા સમિતિનો મોટા રેહા ગામ વતી આભાર માન્યો હતો. પ્રમુખ સ્થાનેથી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ સૌ હોદ્દેદારોને સમિતિના સંચાલન બદલ અભિનંદન આપેલ હતા. સતત ધર્મ તથા પ્રભુ ભક્તિના કાર્ય માટે આનંદ વ્યક્ત કરેલ હતો. આ પ્રસંગે શ્રી શંભુલાલ કુંવરજી આચાર્ય તરફથી રૂા. ૧૭,૦૦૦નું દાન આપવા બદલ તેમનું બહુમાન કરેલ. આભારવિધી સહમંત્રી શ્રી ગિરીશભાઇ મોરારભાઇ ચૌહાણે કરેલ હતી. વ્યવસ્થા શ્રી ગિરીશભાઇ ચૌહાણ, કિરણભાઇ ચૌહાણ, દીપકભાઇ ચૌહાણે સંભાળી હતી.

# સિનિયર સિટીઝન મંડળ-આદીપુર



સિનિયર સિટીઝન મંડળ - આદીપુરના સભ્યોની મળેલ મીટીંગમાં મંડળની આગામી પ્રવૃત્તિઓ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. મંડળની જુદી જુદી પ્રવૃતિઓ વિશે હાજર સભ્યોએ સુચનો આપ્યા હતા.

જેમાં મંડળના સભ્યો માટે યાત્રા-પ્રવાસનું આયોજન, મહિનામાં એકવાર મીટીંગ કરી સાથે ભોજન લેવું, મેડીકલ કેમ્પનું આયોજન કરવું, નિષ્ણાંતોનું વ્યાખ્યાનનું આયોજન કરવું, સિનિયર સિટીઝનને લગતી સરકારી યોજનાની માહિતીની જાણકારી, ગ્રુપ ઇન્સ્યોરન્સ, મેડીકલ ઇન્સ્યોરન્સ વગેરેની માહિતિ, યોગા શિબિર યોજવી, ધાર્મિક ઉત્સવો ઉજવવા, વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું, વડીલ વંદના કાર્યક્રમ યોજવા, આર્થિક રીતે નબળા ભાઇબહેનોને આર્થિક સહાય, સરકારી સહાય મેળવવા મદદ કરવી, લોન સહાય અપાવી વગેરે જેવા અલગ-અલગ સભ્યોએ સુચનો કર્યા હતા.

# નવા વરસનું ગીત



કંકુ ચોખા લઈ હરખથી શણગારો સૌ મેડી.
અમે આભના સુરજ ભૈને કાંખે લાવ્યા તેડી... અમે...
અમે'ય ઘૂંટ્યા શ્વાસે-શ્વાસે અનહદના અજવાસ.
ભીતર આખું નાચી ઉઠ્યું લેતું જાણે રાસ.
આકાશી ગ્રહો નક્ષત્રો સઘળાં નાખ્યા ખેડી... અમે...
સૌ સૌનું આ તેજ સખીરી સૌની નજરું પામે.
અલક-મલક અજવાળું એ તો નથી કોઈના નામે.
હવા'ય રોજ હિંચાવી જાતી પરમની પછેડી... અમે...

– દિપક ચૌહાણ 'બૈબસ' (ભુજ)

## છત્રપતિ સંભાજીનગર ઘટક






છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ) ઘટક દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી ઉજવાતા નવરાત્રી ઉત્સવની આ વર્ષે પણ દશે દિવસ સમસ્ત સમાજે ખુબજ ઉત્સાહભેર ઉજવણી કરી હતી. દશેરાના શુભ દિવસે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ ઉત્સવમાં મહિલા મંડળ દ્વારા મહિલાઓને માટે અષ્ટમીના દિવસે આરતીની થાળી સજાવટ સ્પર્ધા રાખવામાં આવેલ હતી. જેમાં ૧૬ મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાંથી પ્રથમ ઇનામ શ્રીમતી શારદાબેન મારૂ, દ્વિતીય ઇનામ શ્રીમતી નેહાબેન ટાંક, શ્રીમતી શિખાબેન સોલંકી તથા સર્વે બહેનોને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ હતા. તે ઉપરાંત નાના બાળકોને માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધા રાખવામાં આવેલ હતી. જેમાં પ્રથમ કુમારી નિર્મય પઢિઆર, દ્વિતીય - કુમાર સર્વેશ સોલંકી તથા ૧૦ થી ૧૫ વર્ષમાં કુમારી સાનવી રાઠોડએ પ્રથમ ઇનામ મેળવેલ તેમજ સર્વે બાળકોને પ્રોત્સાહન ઇનામો આપવામાં આવેલ હતા.

## કુકમા મહિલા મંડળ





શ્રી ક.ગુ.ક્ષ. કુકમા મહિલા મંડળ દ્વારા તા. ૨૪-૦૯-૨૦૨૫, બુધવારના રોજ સમાજવાડી મધ્યે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શોભનાબેન જે. ટાંકના અધ્યક્ષ સ્થાને એક નવરાત્રી સ્પેશ્યલ અંતાક્ષરી વિથ હાઉઝીનું આયોજન તેમજ ગરબા રમવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ખુબજ સારી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. અંતાક્ષરીના ૬ ગ્રુપ રમાડેલ હતા. જેમાં પ્રથમ ગ્રુપ અને દ્વિતીય ગ્રુપને મહિલા મંડળ તરફથી ઇનામો આપવામાં આવેલ હતા.

આ કાર્યક્રમમાં ભુજના આશાબેન શાહે મનોરંજન પુરૂં પાડેલ અને ગરબા અંતાક્ષરી માતાજી નવદુર્ગાની સ્તુતિથી માહોલ ભક્તિમય બનાવેલ. તેમજ સારી સંખ્યામાં બહેનોએ હાઉઝી રમી ઇનામો જીત્યા હતા.

ત્યાર બાદ ગરબા રમી માતાજીની આરાધના તથા આરતી કરેલ. સૌ બહેનોએ આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમમાં સરપંચ શ્રીમતી રસિલાબેન રાઠોડ, પ્રમુખ શોભનાબેન ટાંક, ઉપપ્રમુખ - અનસુયાબેન પરમાર, અર્ચનાબેન પરમાર, લલીતાબેન વરૂ, ભાવનાબેન ચૌહાણ, ભાનુબેન પરમાર તેમજ સર્વે મહિલા મંડળની કારોબારી બહેનો સાંસ્કૃતિ સમિતિની બહેનોએ જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવેલ. અંતમાં અલ્પાહાર લઇ બધાજ છુટા પડ્યા હતા. કાર્યક્રમમાં સગપણ સંમેલનની ચર્ચા-વિચારણા મેન્ટર બહેનો દ્વારા કરવામાં આવેલ હતી. સંચાલન શ્રીમતી ઉષાબેન ચૌહાણે કરેલ હતું.

# દીવાળીના શુભ પર્વે થતી શ્રી મહાલક્ષ્મીજીનની પૂજનવિધી




મહાલક્ષ્મી પૂજાનું મહત્વ : એવું માનવામાં આવે છે કે આસો વદ અમાવસ્યા (દીવાળી) પર, દેવી મહાલક્ષ્મી ભગવાન વિષ્ણુ સાથે વિશ્વભ્રમણ પર નીકળે છે. જ્યાં પણ તેમની પૂજા થતી જુએ છે ત્યાં તેઓ નિવાસ કરે છે. શાસ્ત્રોમાં પૂજાના વિધિઓનું વર્ણન છે. પરિવાર સાથે મળીને શુદ્ધ મન, ભક્તિ અને શ્રદ્ધાથી મહાલક્ષ્મીની પૂજા કરવી સાર્થક છે.

પૂજા સામગ્રી : રાઉલી, માઉલી, ધૂપદાંડી, કપૂર, કેસર, ચંદન, ચોખા, ૬ પવિત્ર દોરા, એક જ્યોત, ૧૧ પાન, ૧૮ આખા પાન, ૨ માળા, દૂર્વા (દુરાબ), લવિંગ, એલચી, અત્તર, ફળો અને ફૂલો, કાચું ગાયનું દૂધ, દહીં, મધ, ગંગાજળ, શુદ્ધ ઘી, કેરી, પીપળ અને વડ (પંચ પલ્લવ) ના પાન, હળદર, ગોળ, સરસવના દાણા, ૨ નારિયેળ, એક દાણા, લાકડાનો સ્ટેન્ડ. એક મોટો માટીનો દીવો અને ૧૫ નાના દીવા, એક ઘંટડી.

મહાલક્ષ્મી અને ગણેશની મૂર્તિઓ, જેમાં મહાલક્ષ્મી ધનનો વરસાદ કરતી દર્શાવવામાં આવી છે; કપડાં અને ઘરેણાં; ગણેશ અને મહાલક્ષ્મી પાન (ચિત્ર), દાડમ અથવા સામાન્ય કલમ; ખાતાવહી; એક નવું તાંબા અથવા માટીનું વાસણ; પીળો, સફેદ અથવા લાલ કપડાં; સિક્કા અને રૂપિયા; અને એક શ્રીયંત્ર. મીઠાઈઓ, બદામ, શેરડી, તુલસીના પાન, કમળનો માળા અથવા માળા.

પૂજા માટેની તૈયારીઓ : દિવાળીની સવારે, પૂજા સ્થળ સાફ કરો. ૧૫ માટીના દીવા પ્રગટાવો અને ઘરના ચારેય ખૂણામાં મૂકો. આંગણામાં દીવા અને મીણબત્તીઓ પ્રગટાવો જેથી વિસ્તાર પ્રકાશિત થાય. તમારા પૂર્વજોને માન આપો.

સફેદ અથવા પીળા કપડાથી એક ચબુતરો પર એક આસન બનાવો અને ભગવાન ગણેશની જમણી બાજુએ આઠ પાંખડીવાળા કમળના ફૂલ પર દેવી મહાલક્ષ્મીને મૂકો.

દેવી મહાલક્ષ્મી સાથે કુબેર, શ્રીયંત્ર અને સરસ્વતીના ફોટા સ્થાપિત કરો. નજીકના એક પવિત્ર પાત્રમાં કેસરથી ભરેલા ચંદનનો પેસ્ટ મૂકો. પૈસા, ઘરેણાં અને કળશ મૂકો. ધૂપ, દીવો, ઘંટડી અને પ્રસાદ (મીઠાઈઓ, ફળો, સૂકા ફળો, ફૂલેલા ચોખા, ખાંડની મીઠાઈ, શેરડી, વગેરે) મૂકો.

સાંજે (સ્નાન કરો, સ્વચ્છ કપડાં પહેરો અને પૂજા શરૂ કરો. પૂર્વ દિશામાં મુખ કરીને, પોતાને અને તમારા પરિવાર પર પાણી છાંટીને પોતાને શુદ્ધ કરો. ઉપરાંત, ત્રણ વાર મોં ધોઈ લો. કહો: (ૐ કેશવાય નમઃ, ઓમ માધવાય નમઃ, ઓમ નારાયણાય નમઃ. હાથ ધોવા. દરેક વસ્તુ પર પાણી છાંટો અને પૂજા સામગ્રી પર પણ પાણી છાંટો. જે વ્યક્તિ આવી સ્થિતિમાં ભગવાન વિષ્ણુનું સ્મરણ કરે છે, તે અંદર અને બહાર બધી બાજુથી શુદ્ધ થઈ જાય છે. આસન શુદ્ધ થયા પછી, પૃથ્વી માતાને સુગંધ (ચંદન વગેરે) સાથે અક્ષત છાંટો, પાણી છોડો અને ફૂલો જમીન પર છોડી દો.

હવે, ‘‘ઓમ દીપેભ્યો નમઃ’’ મંત્રનો જાપ કરતી વખતે દીવો પ્રગટાવો. ‘‘ગંધ-અક્ષત-પુષ્પ-નૈવેદ્ય-આચમનીયમ સમર્પયામિ’’ નો જાપ કરતી વખતે ધૂપ સળગાવો. સુગંધિત ચોખાના દાણા અને ચોખાના અન્ય દાણા ઘંટડી પર લગાવો અને ઘંટડી વગાડો.

હવે ગણેશ, મહાલક્ષ્મી, સરસ્વતી વગેરે પર સુગંધ છાંટો અને હાથમાં ફૂલ પકડીને ‘‘સ્વસ્તિ વચન’’નો પાઠ કરો. ‘‘હું મારા મન અને શબ્દથી દેવી-દેવતાઓને નમસ્કાર કરું છું. હું મારા માતાપિતા, ગુરુ, બ્રાહ્મણ અને જ્ઞાત-અજ્ઞાત પૂર્વજોને પણ નમન કરું છું. (ફૂલો અર્પણ કરું છું). મહાલક્ષ્મી પૂજા સંકલ્પ માટે, પાણી, ચોખાના દાણા, ફૂલો, સોપારી અને પ્રવાહી લો અને સંકલ્પ કરો:

ગણેશ, મહાલક્ષ્મી, કુબેર અને અન્ય દેવતાઓ સાથે સંકલ્પ છોડી દો. હવે, તમારા હાથમાં ફૂલો અને દૂર્વા ઘાસ સાથે ગણેશજીની પૂજા કરો. તેમને ફળો, ફૂલો, દીવા, ધૂપ, સુગંધ અને ફૂલો અર્પણ કરો અને તેમને નમસ્કાર કરો.

કળશની પૂજા કરો. (પાણીથી ભરેલા ફૂલદાનીમાં સોપારી, દૂર્વા, ફૂલો મૂકો, કેરીના પાન મૂકો. ઉપર નારિયેળ મૂકો અને તેને લાલ કપડામાં લપેટો અથવા મૌલી બાંધો). કળશ પર ફૂલો, ફળો વગેરે અર્પણ કર્યા પછી, ફૂલો લઈને ફરીથી હાથ જોડો. બધી પૂજા વસ્તુઓ એક પછી એક નવગ્રહને અર્પણ કરો.

હવે શ્રી મહાકાલી (દાવત), લેખણી અને સરસ્વતીની પૂજા પૈસા અને ફૂલો અર્પણ કરીને કરો. સ્થિર લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે, ધ્યાન કરો. ખુશ કમળના તળાવ પર બેઠેલી અને ધનવર્ષા કરતી મહાલક્ષ્મી પર. તમારા હાથમાં કમળનું ફૂલ અને બધી પૂજા સામગ્રી હોવી જોઈએ. મહાલક્ષ્મીને સામગ્રી અર્પણ કરો. તેમની ફરીથી પૂજા કરો. ધૂપ અને અખંડ ચોખા સહિત પૂજા સામગ્રી ફરીથી મહાલક્ષ્મીને અર્પણ કરો. હવે મહાલક્ષ્મીની આરતી કરો. ભગવાનના ચરણોમાં ચાર વખત, નાભિમાં બે વાર અને આખા પરિવાર સાથે એક વખત આરતી કરો. ગણેશ અને દેવી લક્ષ્મીના ચહેરાઓ પર સાત વખત અને તેમના શરીરના બધા ભાગો પર સાત વખત ફૂલ ફેરવો. પછી તેને અર્પણ કરો.

- ભુપેન્દ્ર ચંદ્રકાન્ત ચાવડા - રાયપુર

# અનંતની યાત્રાએ...

અંજાર (ખંભરા) નિવાસી શ્રી પ્રભુલાલભાઇ (બાબુભાઇ) દયારામભાઇ ટાંક (ઉ.વ.૭૦)નું તા. ૧૯-૦૭-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી મોહનભાઇ વલમજીભાઇ ખોડિયાર (ઉ.વ.૯૩)નું તા. ૨૮-૦૭-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (કુકમા) નિવાસી ગં.સ્વ. દમયંતિબેન મુકુંદભાઇ ચૌહાણ (ઉ.વ.૬૯)નું તા. ૯-૮-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી હસમુખભાઇ હરિલાલભાઇ ચાવડા (ઉ.વ.૬૫)નું તા. ૧૫-૦૮-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રીમતી વંદનાબેન વિજયભાઇ ખોડિયાર (ઉ.વ.૫૭)નું તા. ૧૮-૦૮-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી કેશુભાઇ નરસિંહભાઇ પઢિઆર (ઉ.વ.૭૧)નું તા. ૨૨-૦૮-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી ગં.સ્વ. શાન્તાબેન રામજીભાઇ ખોડિયાર (ઉ.વ.૮૮)નું તા. ૨૩-૦૮-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (રેહા) નિવાસી શ્રી મનસુખભાઇ પ્રાગજીભાઇ પઢિઆર (ઉ.વ.૫૭)નું તા. ૦૫-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (નાગલપર) નિવાસી શ્રી રાજેશભાઇ મનહરલાલભાઇ રાઠોડ (ઉ.વ.૩૫)નું તા. ૦૭-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી ગં.સ્વ. શાન્તાબેન મણીલાલ વેગડ (ઉ.વ.૯૫)નું તા. ૦૭-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી ગં.સ્વ. ત્રિવેણીબેન પોપટભાઇ કાચા ચૌહાણ (ઉ.વ.૯૩)નું તા. ૧૫-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી ગં.સ્વ. રૂક્ષમણીબેન ભીમજીભાઇ ચાવડા (ઉ.વ.૯૦)નું તા. ૧૫-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી ગં.સ્વ. પુષ્પાબેન જેન્તીલાલભાઇ જેઠવા (ઉ.વ.૯૩)નું તા. ૦૩-૧૦-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી મનિષભાઇ કેશુભાઇ પઢિઆર (ઉ.વ.૪૨)નું તા. ૦૫-૧૦-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી ક્રિષ્નાબેન મોહનલાલ વરૂ (ઉ.વ.૭૦)નું તા. ૨૩-૦૮-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

ગાંધીધામ (માધાપર) નિવાસી શ્રી શામજીભાઇ હરજીવનભાઇ રાઠોડ (ઉ.વ.૯૬)નું તા. ૨૫-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

ખંભરા નિવાસી ગં.સ્વ. ચંપાબેન ગોપાલભાઇ ચાવડા (ઉ.વ.૭૯)નું તા. ૦૮-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

પીપળોઇ-ખંભાત (સિનુગ્રા) નિવાસી ગં.સ્વ. રંજનબેન મોહનલાલભાઇ ચૌહાણ (ઉ.વ.૮૦)નું તા. ૩૧-૦૮-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

સિનુગ્રા નિવાસી શ્રી ભરતભાઇ (બલરામ) ગોવિંદભાઇ રાઠોડ (ઉ.વ.૬૩)નું તા. ૦૮-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

સિનુગ્રા નિવાસી શ્રી હરિલાલભાઇ ખોડાભાઇ ચૌહાણ (ઉ.વ.૯૧) તે રસીકભાઇ પ્રમુખશ્રી ગુજરાત પ્રાદેશિકના પિતાશ્રીનું તા. ૦૯-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

બિલાસપુર (સિનુગ્રા) નિવાસી શ્રી દયારામભાઇ વલમજીભાઇ ચૌહાણ (ઉ.વ.૯૦)નું તા. ૧૨-૧૦-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

નાગલપર નિવાસી શ્રી મોહનલાલભાઇ વરજાંગભાઇ ટાંક (ઉ.વ.૮૩)નું તા. ૧૯-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

કુકમા નિવાસી અનુરાધાબેન હરીશભાઇ ચૌહાણ (ઉ.વ.૫૫)નું તા. ૨૬-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

કલ્યાણ (કુકમા) નિવાસી ગં.સ્વ. જશુમતિબેન હરીશભાઇ ચૌહાણ (ઉ.વ.૭૭)નું તા. ૦૩-૦૯-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ,
રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750

Ashok A. Rathod - 9898 907740

Rajen A. Rathod - 9898 907744

Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



જન્મ
**૨૦.૧૨.૧૯૩૩**

## સ્વ. જયંતીલાલ ભાનજીભાઈ ચૌહાણ

દેશમાં ગામ : કુંભારીયા, હાલ : રાયપુર (છ.ગ.)

સ્વર્ગવાસ
**૦૬.૧૧.૨૦૨૪**

---

આપનું સાદગીભર્યું અને પરોપકારી જીવન અમારા માટે સદૈવ પ્રેરણાદાયી બની રહેશે.
તમોએ આપેલ અમૂલ્ય સંસ્કારોના વારસાનેઅમો દિપાવીશું.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અને સદ્‌ગતી પ્રદાન કરે અને મોક્ષ આપે એજ પ્રાર્થના...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

**(દિકરી-જમાઈ)**

**અ.સૌ. હર્ષદાબેન–રમાકાંતભાઈ અગ્નિહોત્રી    અ.સૌ. કવિતાબેન–ડૉ. કાંતિલાલભાઈ ચાવડા**

**અ.સૌ. ભાવનાબેન–મધુસુદનભાઈ ચાવડા    ડૉ. ભારતીબેન–ડૉ. રિતેશભાઈ ચાવડા**

**(દેર-દેરાણી)**

**ગં.સ્વ. શાંતાબેન–ખુશાલભાઈ ચૌહાણ**

**ગં.સ્વ. ચંપાબેન–કાંતિલાલભાઈ ચૌહાણ**

**(ભત્રિજાવહુ - ભત્રિજા)**

**અ.સૌ. ભારતીબેન–ધિરેન્દ્ર ખુશાલભાઈ ચૌહાણ**

**અ.સૌ. પૂજાબેન–પિયૂષ કાંતિલાલભાઈ ચૌહાણ    અ.સૌ. વિનલબેન–શૈલેષ રમેશભાઈ ચૌહાણ**

**અ.સૌ. રશ્મિબેન–રૂપેશ કાંતિલાલભાઈ ચૌહાણ    અ.સૌ. માલતીબેન–હિતેશ રમેશભાઈ ચૌહાણ**

## સમસ્ત ચૌહાણ પરિવાર


Surbhi Uniforms
Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.
HARI GADHVI
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com
Surbhi uniforms
Surbhi Hotel
A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.
Hotel Surbhi TM
The Relief Home
HOTEL SURBHI
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com
Saarvin Custom Clearance
Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.
NIGAM CHAVDA
+91-99208 43135
Email : saarvincc@gmail.com
SAARVIN
CUSTOM CLEARANCE
Gayatri estate
Gayatri Estate
Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.
NISHANT CHAVDA
+91-81419 06635
SURBHI GROUP OF COMPANIES
B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH

## ॥ શુભ દિપાવલી એવં નૂતન વર્ષાભિનંદન ॥

સમસ્ત ભારતભરમાં વસતા તમામ સમાજબાંધવોને દિપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામના પાઠવું છું.
દિપાવલી પર્વ આપના જીવનમાં ઉજાસ, સર્વ પ્રકારે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્યપ્રદ નિવડે તેવી પ્રભુ શ્રીરામચંદ્ર ભગવાનના શ્રીચરણોમાં પ્રાર્થના...

:: ભવિષ્ય સુરક્ષા હેતુ સુચન ::

**લોન :** લોન સુવિધા આપે છે, પણ જીવનની આઝાદી છીનવી લે છે.
**બચત (સેવિંગ્સ) :** બચત (સેવિંગ્સ) વધે છે, તેટલી શાંતિની ઊંઘ આપે છે.
**મોંઘી વસ્તુઓ :** મોંઘી વસ્તુઓ તાત્કાલિક ખુશી આપે છે,પણ વર્ષોનું મૂલ્ય લઈ જાય છે.
**શેરબજાર :** શેરબજાર સારૂં વળતર આપે છે, પણ તમારા ધૈયની પરીક્ષા લીધા પછી જ
**સ્ટાર્ટઅપ :** આઇડીયા તમારો, જોખમ પણ તમારું, પણ જો સફળ થયું તો ભવિષ્ય બદલી નાખશે
**નિષ્ક્રિય આવક :** અસલી પૈસો એ જ છે જે સૂતી વખતે પણ કામ કરે.

જિંદગીમાં સાચો ઈન્વેસ્ટમેન્ટ એ છે - **"જીવન વીમા અને મેડિકલેમ"**
0% GST સાથે, સુરક્ષા, શાંતિ અને સંતોષની ખાતરી.
સરકારનો સંદેશ સ્પષ્ટ છે - "બગાડ પર 40%" "સુરક્ષા પર 0% GST"
(સમજદારીની પસંદગી કરો-ઈન્શ્યોરન્સ લો, સુરક્ષિત રહો! 0% GST" સાથે)

:: વધુ માહિતિ માટે સંપર્ક કરો ::



# MITESH J. KHODIYAR

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham



॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ
જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ
કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



## બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)




# Khodiyar Engineering Works
# Urja Engineering Company
# Perfect Power Systems
# Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

## Besides the manufacturing of Panel, we also attain works such as

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**

**Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761**

**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**

**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**


Helping India
Invent the future
BRAHMOS
UNITRON
The Instrumentation People
UNITRON INSTRUMENTATION PVT. LTD
The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor, Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.
Vipin Rathod
Managing Director
Head Office:
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune
Email- info@unitron.in
Web: www.unitron.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on November-2025

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.